بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ


બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/ડિસેમ્બર/૨૦૧૭**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર
હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૪, અંક : ૧૨, સળંગ અંક : ૧૬૮



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | તા'લીમાતે ગૌષે આ'ઝમ رضی اللہ عنہ અને આપણે | 02 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ | 13 |
| 05 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 16 |
| 06 | ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ | 19 |
| 07 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 22 |
| 08 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 26 |
| 09 | કાનૂને શરીઅત | 28 |
| 10 | પરેશાનીઓનો ઈલાજ કેવળ એક ! | 30 |
| 11 | ઈન્ટરનેટના લાભાલાભ | 34 |
| 12 | ગુનાહોનો ઈલાજ | 41 |
| 13 | હઝરત સૈયદના સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની દસ્તગીરી તથા મસીહાઈ | 44 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## સરકારે ગૌષે આ'ઝમ નઝરે કરમ ખુદારા

સરકારે ગૌષે આ'ઝમ નઝરે કરમ ખુદારા
મેરા ખાલી કાસા ભર દો મૈં ફકીર હૂં તુમ્હારા
સબકા કોઈ ન કોઈ દુન્યામેં આસરા હે
મેરા બજુઝ તુમ્હારે કોઈ નહીં સહારા
ઝોલીકો મેરી ભર દો વરના કહેગી દુન્યા
ઐસે સખીકા મંગતા ફિરતા હે મારા મારા
યે અદા-એ-દસ્તગીરી કોઈ મેરે દિલસે પૂછે
વહી આ ગયે મદદકો મૈંને જબ જહાં પુકારા
સિદ્દીક ઉમરકા સદકા ઉષ્માં અલી કા સદકા
મેરી લાજ રખ લો યા ગૌષ મૈં ફકીર હૂં તુમ્હારા
ખ્વાજા પીયાકા સદકા ગંજે શકરકા સદકા
દાતા પીયાકા સદકા અહમદ રઝાકા સદકા
મખ્દૂમ અશરફકા સદકા કલીયર પીયાકા સદકા
મેરી લાજ રખ લો યા ગૌષ મૈં ફકીર હૂં તુમ્હારા
યે તેરા કરમ હે યા ગૌષ કે બના લિયા હે અપના
કહાં મુઝસા યે કમીના કહા સિલસિલા તુમ્હારા

# તા'લીમાતે ગૌષે આ'ઝમ અને આપણે

તંત્રી લેખ...



ગૌષે પાક સરકારે બગદાદ શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની ચાહત તથા મહોબ્બતનો દમ દરેક સુન્ની ભરે છે. "ગૌષ કા દામન, નહીં છોળેંગે !"ના નારાઓ મારતો રહે છે, ખાસ કરીને રબીઉલ આખર શરીફની ૧૧મીના બલ્કે મહિનાભર, બલ્કે વરસ દરમ્યાન પણ ગૌષ પાક رضی اللہ عنہની ન્યાઝ કરવામાં આવે છે, એના માટે થોડીકવારમાં ઢગલો રકમ આશિકો જમા કરી આપે છે ! આપની આ અકીદતને અમારા સલામ ! પણ શું ગૌષ પાક رضی اللہ عنہની મહોબ્બતનો હક્ક આટલુ કરવાથી અદા થઈ ગયો ?! કે આપની મહોબ્બતનો તકાદો ખાસ બીજું કાંઈક પણ ચાહે છે ?! હા ! હા ! ગૌષ પાક رضی اللہ عنہની મહોબ્બત એથીય અધિક કાંઈ બીજુ ચાહે છે. એ શું છે તેને જાણો, સમજો અને એના પ્રમાણે જીવન વીતાવો તો કાંઈક કહી શકાય કે મહોબ્બતનો હક્ક અદા કરવા પ્રતિ આપણે ડગલાં માંડયાં છે. અને એના માટે જરૂરી છે કે આપણે ગૌષે પાક સરકારે બગદાદ رضی اللہ عنہની તા'લીમાતનો અભ્યાસ કરીએ અને આપણા જીવનમાં એને વણી લઈને આપણી દુનિયા તથા આખેરતને સમારીએ.

### ★ ક્યાં સુધી ગફલતમાં ભટકીશ ! તૌબા કરી લે ! ★

આપણે દરરોજ તેમજ હવે તો સોશિયલ મીડિયા પર દિવસ રાતભર અનેક લોકોની વાતો ભાષણો આપણે રસપૂર્વક સાંભળીએ છીએ. જ્યારે કે એ સૌને મોટાભાગે આપણા ઉજ્જવળ આખેરત સાથે કોઈ સંબંધ હોતો નથી બલ્કે અમુક તો બંને દુનિયા બગાડે છે. પણ કુત્બે રબ્બાની, ગૌષે સમદાની, પીરાને પીર દસ્તગીર رضی اللہ عنہની વાતો પણ સાંભળો ! તેમની ન્યાઝ ખાવાની સાથોસાથ આપણી બંને દુનિયાની ભલાઈની વાણી પણ સાંભળો ! શું ફર્માવે છે ગૌષ પાક رضی اللہ عنہ જુઓ ! :–

"હે અઝીઝ ! શું તમે આખેરતને છોડીને દુનિયવી જિંદગી પર રાજી થઈ ગયા ? અને તમને ખબર નથી કે જે શખ્સ દુનિયામાં આંધળો રહ્યો (આખેરતની ફિકર નથી કરતો) તે આખેરતમાં આંધળો રહેશે. અને શું તને એ ખબર નથી કે હિસાબ નજીક આવી ગયો છે અને લોકો ગફલતમાં પડેલા છે. અને શું તું નથી જાણતો કે **જે દુનિયાની ખેતી ચાહે છે અલ્લાહ અતા કરી દે છે અને તેને આખેરતમાં કાંઈ નથી મળતું. છેવટે તું ક્યાં સુધી ગફલતના જંગલોમાં ભટકતો રહીશ. (ગૌષ પાક رضی اللہ عنہ આગળ કહે છે) હવે તારે જોઈએ કે તૌબા કરી લે !** અને અલ્લાહ તઆલાની તરફ પલટી જા જે જમીનો તથા આસ્માનોને પેદા કરનાર છે. તે મહેરબાન છે કે પોતાના બંદાની તૌબા કબૂલ ફર્માવે છે અને તેના ગુનાહોને માફ ફર્માવે છે, જેથી અલ્લાહની જાતની મઅરેફતનાં રહસ્યો તારા પર જાહેર થાય અને અલ્લાહ તઆલાના ઈનામોનો કાસિદ તારા માટે એની મહોબ્બતની ખુશખબરી લાવે."

ઉપરોક્ત બયાનમાં ગૌષ પાક رضی اللہ عنہનો ફકત સૌ પ્રથમ સવાલ કે, **"શું તમે આખેરતને છોડીને દુનિયાની જિંદગી પર રાજી થઈ ગયા ?" એ વિચારો કે આ પ્રશ્ન આપણને તો નથી લાગુ થતો ને ?!** આજે આપણે દુનિયા કમાવા માટે, દુનિયાના લોકોને રાજી રાખવા માટે નમાઝો છોડીએ, જૂઠુ બોલીએ, હરામ કમાણી કરીએ, શરીઅત વિરુદ્ધ વર્તીએ, હરામ કામો કરીએ છીએ કે નહીં ?! તો અર્થ એ થયો કે આખેરતને છોડીને દુનિયા પર રાજી થઈ ગયા. એક તરફ નમાઝ આખેરત છે તો બીજી બાજુ દુકાન કે મકાનના કામમાં નમાઝ છોડી દઈએ છતાં આપણને રંજ કે અફસોસ ન થાય, તો આપણે દુનિયા પર રાજી છીએ એ નક્કી થયું ! પણ ગૌષ પાક رضی اللہ عنہનું ફર્માન ફરીથી વાંચો અને પોતાની સુધારણા કરી લો.

એક જગાએ વાંચ્યું હતું કે એક બાદશાહે જોયું કે એક ફકીર બુઝુર્ગે પાણીમાં સૂકો રોટલો બોળીને ખાધો અને નિરાંતે સૂઈ ગયો. બાદશાહે તેને પૂછયું કે હે ફકીર ! શું આટલા તુચ્છ ખાણા પર તું ખુશ છે ?! તેણે કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! હું રબથી ખુશ છું. પણ મેં એવા પણ લોકો જોયા છે જેઓ આનાથી પણ ઓછામાં ખુશ રહે છે ! એટલે કે **આખેરતના બદલામાં તુચ્છ દુનિયા મેળવીને ખુશ રહે છે !** સમજદારો માટે આમાં ઘણી નસીહત સમાયેલી છે.

## ★ દાવો ઈમાન તથા ઈસ્લામનો અને અમલ કાંઈ જુદા ! ★

આવો ગૌષ પાક رضی اللہ عنہનાં ફર્માનો સાંભળો અને અમલ કરવા કોશિશ કરો. ગૌષ પાક رضی اللہ عنہ કિતાબ "ફત્હે રબ્બાની"માં આ ગુનેહગારોને જ ફર્માવે છે :–

"હે લોકો ! તમે દુનિયા તથા આખેરતના પરવરદિગારથી ગફલતમાં પડેલા છો ! જાણે કે તમને મૌત જ નહીં આવે અને કયામતના દિવસે હશ્રના મેદાનમાં ભેગા કરવામાં નહીં આવો, જાણે કે તમે રબની બારગાહમાં હિસાબ નહીં આપો અને તમારે જાણે પુલસિરાત પાર કરવો નહીં પડે. આ તો તમારી હાલત છે અને દાવો ઈમાન તથા ઈસ્લામનો કરો છો ?! **જો તમે કુર્આન તથા ઈલ્મે દીન પર અમલ ન કર્યો તો એ તમારી વિરુદ્ધ દલીલ બની જશે.** જ્યારે તમે ઉલમાની પાસે આવો અને તેમની બતાવેલી દીની તા'લીમાત કબૂલ ન કરો તો તમારુ તેમની પાસે આવવું પણ તમારા માટે દલીલ બનશે. **એનો ગુનોહ તમારા પર એવો જ થશે જેમ કે તમે રસૂલે અકરમ ﷺની બારગાહમાં આવો અને તેમનું કહ્યું ન માનો ! (તો જરૂર ગુનેહગાર થતા.)"**

આજે ઘણા લોકો જાણે રીઢા ગુનેહગાર બની ગયા છે, ઉલમાની વાતો નસીહતો, વઅઝો પણ ખૂબ સાંભળે છે, કિતાબો પણ વાંચે છે. પણ સાથે સાથે ગુનાહિત જીવન છોડતા નથી ! ઈલ્લા માશાઅલ્લાહ ! તો ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે કે **ગુનાહોમાં રચ્યા પચ્યા રહીને ઈમાન તથા ઈસ્લામનો દાવો તમે કરો છો એ આશ્ચર્યની વાત છે !** એ ગુનાહોની સજા તમારે ભોગવવી પડશે. તમો કયામત પર, હિસાબ કિતાબ પર ઈમાન ધરાવો છો તો કુર્આનના હદીષના હુકમો પર તમારે ચાલવું જોઈએ.

આપણે જેમની મહોબ્બતનો દમ ભરીએ છીએ તે ગૌષે પાક رضی اللہ عنہએ ભૂખ તરસમાં પણ હરામથી બચીને બલ્કે ક્યાંય હાથ ફેલાવ્યા વિના પોતાના નફસ સાથે કેવો જેહાદ કર્યો હતો તેને પણ જોતા ચાલીએ કે

શાયદ આપણુ દિલ શરીઅત તરફ કદમ વધારે અને તકવાવાળુ બને.

## ★ ભૂખની સખ્તી અને ગૌષ પાક رضی اللہ عنہના સબ્રનો આલમ ! ★

શયખ તલ્હા બિન મુઝફ્ફર અલ્ષમી વર્ણવે છે કે શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہએ વર્ણવ્યું કે, "જ્યારે બગદાદમાં મેં રોકાણ કર્યું તો **વીસ દિવસો સુધી મને કોઈ ચીજ ખાવાની ન મળી.** એટલા માટે હું કિસ્રાના ખંડેર મહેલો તરફ ગયો કે કદાચ ત્યાં કોઈ ચીજ મને હાથ લાગી જાય. પણ મેં જઈને જોયું કે મારા ઉપરાંત સિત્તેર અવલિયા અન્ય પણ પોતાના ખોરાક રૂપે કાંઈ મુબાહ ચીજ તલાશ કરી રહ્યા છે. આ હાલતમાં મેં તેમને તકલીફ આપવાનું માણસાઈ વિરૂધ્ધ જાણ્યું જેથી હું બગદાદ પાછો આવી ગયો. અહીં મને એક શખ્સ મારા શહેરનો મળ્યો જેને હું ઓળખતો ન હતો, તે શખ્સે મને અમુક સોના ચાંદીના ટુકડા આપ્યા. અને કહ્યું, આ તમારા માટે તમારાં વાલિદાએ મોકલ્યા છે. **હું તરત એ વિરાન મહેલની તરફ ગયો અને એ ટુકડાઓમાંથી એક ટુકડો મેં રાખી લીધો અને બાકીના તે અવલિયાએ કિરામને જેઓ મારી જેમ ભૂખે મૌત સામે ઝઝુમતા હતા તેમને વહેંચી આપ્યા.** તેમના પૂછવા પર મેં જણાવ્યું કે આ મારા માટે મારાં વાલિદાએ મોકલ્યા છે, મેં યોગ્ય ન જાણ્યું કે હું મારા હિસ્સામાં આપ લોકોને શરીક ન કરું. ત્યાર પછી હું બગદાદ આવ્યો અને તે એક ટુકડાથી ખાણુ ખરીદયું અને **ફકીરોને બોલાવીને એ ખાણુ અમે સૌએ ભેગા મળીને ખાધું."**

બીજા પ્રસંગમાં ગૌષ પાક رضی اللہ عنہ વર્ણવે છે કે, "સખત ભૂખની હાલતમાં ફરતાં ફરતાં શૌકુર્રયહાનીનની મસ્જિદના નજીક પહોંચ્યો. એ વખતે મને ભૂખનો એવો પ્રભાવ છવાયો કે જેને હું કોઈ રીતે રોકી શકતો ન હતો. હવે હું થાકીને એ મસ્જિદની અંદર ગયો અને તેના એક ખૂણામાં જઈને બેસી રહ્યો. એ વખતે જાણે હું મૌતથી હાથ મિલાવી રહ્યો હતો. એવામાં એક ફારસી યુવાન મસ્જિદમાં નાન તથા શેકેલો ગોશ્ત લઈને આવ્યો અને ખાવા લાગ્યો. ભૂખના દબાવ હેઠળ એવી કેફિયત હતી કે જ્યારે તે ખાવા માટે કોળિયો ઉઠાવતો તો હું મારું મોં ખોલી નાખતો, ત્યાં સુધી કે મેં મારા નફસને આ હરકતને કારણે ખખડાવ્યો અને દિલમાં કહ્યું કે આ શું અયોગ્ય હરકત છે ! અહીં આખરે ખુદા જ મૌજૂદ છે અને એક દિવસે મરવું અનિવાર્ય છે, પછી આટલી બેસબ્રી શાથી છે ?! એટલામાં તે શખ્સે મારી તરફ જોયું અને તેણે મને સલાહ કરી કે, ભાઈ ! આવો ! તમે પણ શરીક થઈ જાવ. મેં ઈન્કાર કર્યો તો તેણે મને કસમ અપાવી અને કહ્યું નહીં ! નહીં ! આવો શરીક થઈ જાવ. મારા નફસે તરત જ તેની દાવતને સ્વીકારી લીધી.

મેં કાંઈક થોડુક જ ખાધુ હતું એવામાં તેણે મારા વિશે પૂછપરછ ચાલુ કરી. મેં કહ્યું, હું જીલાનનો છું અને અહીં ઈલ્મે દીન હાંસલ કરવા આવેલો છું. તેણે કહ્યું, તમે જીલાનના તે નવયુવાનને જાણો છો જેનું નામ અબ્દુલ કાદિર છે ?! મેં કહ્યું, હું જ તે નાચીઝ છું ! તો તે યુવાન આટલુ સાંભળીને એકદમ બેચૈન થઈ ગયો અને તેના ચહેરાનો રંગ બદલાય ગયો. અને કહેવા લાગ્યો, ભાઈ ! ખુદાની કસમ ! હું કેટલાય દિવસોથી તમને તલાશ કરી રહ્યો છું પણ તમે ન મળ્યા. મારો ખર્ચ પણ પૂરો થઈ ગયો છેવટે ત્રણ દિવસ ભૂખ્યો રહ્યા બાદ તમારી રકમ મારી પાસે મૌજૂદ હતી તેમાંથી આ ખાવા ખરીદયું કે ત્રીજા દિવસે તો મુરદાર ખાવાની પણ

ઈજાઝત છે એટલે આજે હું તમારી અમાનતમાંથી એક સમયનું ખાવા ખરીદી લાવ્યો. એ દેખીતી રીતે તો મારુ ખાણુ હતું અને આપ મારા મહેમાન હતા, પણ હવે આ ખાણુ તમારું છે અને હું તમારો મહેમાન છું ! તેણે વિગત વર્ણવી કે આપનાં વાલિદાએ આપના માટે મારા થકી આઠ દીનાર મોકલ્યા છે, મેં એમાંથી જ ખાવા ખરીદયું છે અને હું તમારાથી મારી આ ખયાનતની માફી ચાહું છું. સારાંશ કે આપે તેને સમજાવીને ઈત્મિનાન કરી આપ્યું કે કોઈ માફીની જરૂર નથી, અને અમુક રોકડ રકમ પણ તેને આપી.

આ છે ગૌષ પાક رضی اللہ عنہની તા'લીમ કે **ગમે તેવા કઠણ સંજોગોમાં સબ્રથી કામ લેવું જોઈએ, ભીખ માગવાથી પણ બચવું જોઈએ અને પોતાની પાસે માલ આવી જાય તો ગરીબોનો ભૂખ્યાઓનો ખાસ ખયાલ રાખવો જોઈએ.**

## ★ તૌબાનો દરવાજો ખુલ્લો છે એમાં દાખલ થઈ જાવ ! ★

એક અન્ય વાઅઝમાં ફર્માવ્યું, નબી કરીમ ﷺનો ઈર્શાદ છે : "જેના માટે ભલાઈનો કોઈ દરવાજો ખોલવામાં આવે તો તેણે જોઈએ કે તેને ગનીમત સમજે, કેમ કે ન જાણે તે ક્યારે બંધ કરી દેવામાં આવે." હે લોકો ! ખુશ થઈ જાવ કે જિંદગીનો દરવાજો તમારા માટે ખુલ્લો છે, ન જાણે ક્યારે બંધ થઈ જશે. ગનીમત જાણો કે તમે નેકીઓ કરવા માટે શક્તિમાન છો, ગનીમત સમજો કે તૌબાનો દરવાજો ઉઘાડો છે તો એમાં દાખલ થઈ જાવ, ગનીમત સમજો કે દુઆનો દરવાજો ખુલ્લો છે, ગનીમત સમજો કે તમારા પરહેઝગાર દીની ભાઈ તમને બુરાઈઓ પર ટોકે છે, નહીં તો આપને કોઈ નસીહત કરનાર ન હશે. સાફ કરી લો જે કાંઈ મેલુ કરી ચૂક્યા છો અને પરત કરી દો જે કાંઈ લઈ ચૂક્યા છો. દીનથી દૂર ભાગવાથી તૌબા કરી લો અને પોતાના કુદરતવાળા રબ તઆલા جل جلالہની તરફ પલ્ટી આવો. *(ફતહે રબ્બાની)*

## ★ તું તારા અંજામથી ગાફેલ શા માટે છે ?! ★

એક વઅઝમાં ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે, "કદાચ ! કાલનો દિવસ એ હાલમાં આવે કે જમીન ઉપર તારું અસ્તિત્વ ન હોય અને કબ્રમાં હાજર હોય. અને કદાચ કાલ આવતા પહેલાં આવનારી ઘડીમાં જ તને જમીન નીચે દફન કરી દેવામાં આવે ! પછી આ ગફલત કેવી છે અને તું તારા અંજામથી ગાફેલ કેમ છે ? હે લોકો ! તમારાં દિલ કેટલા પ્રમાણમાં સખ્ત થઈ ગયાં છે, શું તમે પથ્થર દિલ થઈ ગયા છો ?! તમને હું પણ કહી રહ્યો છું અને અન્ય પણ પરંતુ તમે ગફલતથી જાગૃત નથી થતા. તમારી સમક્ષ કુર્આની આયતો તથા હદીષો પઢવામાં આવે છે અને તમને આગલાઓના જીવનચરીત્રો સંભળાવાય છે, પરંતુ અફસોસ કે તમારામાં કોઈ તબદીલી નથી આવતી ! ન તમે ડરો છો અને ન તમારા અમલો સંવરે છે."

એક વઅઝમાં ફર્માવ્યું, રસૂલે મોઅઝ્ઝમ ﷺનો ઈર્શાદે ગિરામી છે : "અસલ ઐશ તો આખેરતનો જ ઐશ છે." તમારી આરઝૂઓ ઓછી કરો, ઝુહદ (દુનિયાથી દૂરી) હાંસલ કરો, કેમ કે અસલ ઝુહદ (તક્વો) આરઝૂઓને કમ કરવું છે. બુરા દોસ્તોને છોડી આપો અને તમારો સંબંધ નેક લોકો સાથે જોડો. જો નિકટનાં સગાં પણ બુરાં હોય તો એમનાથી અલગ થઈ જાવ."

## ★ તું ખુદાનુ માન તો તારું સૌ માનશે ! ★

ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે, "જ્યારે તું ખુદાના હુકમના તાબે થઈ જઈશ તો સર્વ મખ્લૂક઼ (દુનિયાવાળા) તારા હુકમના તાબે થઈ જશે. જ્યારે તું તેના મના કરેલાં કામોને બુરાં સમજીશ તો તું જ્યાં ક્યાંય પણ હોય તારાથી નાપસંદીદા ચીજો દૂર થઈ જશે. અલ્લાહ તઆલાએ પોતાની અમુક કિતાબોમાં ફર્માવ્યું છે કે, હે આદમની ઔલાદ ! હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ મઅબૂદ નથી. હું જે ચીજને કહું છું, "કુન !" (થઈ જા !) તો તે થઈ જાય છે. તું મારી ફર્માંબરદારી કર, હું તને પણ એવો કરી દઈશ કે તું જે ચીજને પણ કહીશ "કુન" (થઈ જા ) તો થઈ જશે." *(ફુતુહુલ ગયબ)*

ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે, "હે અઝીઝ ! જ્યાં સુધી પોતાની ખામીઓનો સખત એહસાસ કરીને પોતાની આંખોથી આંસૂ વહાવીને તમો તમારી પેશાની જમીન પર નહીં રાખો (તૌબા નહીં કરી) ત્યાં સુધી તમોને સાચી ખુશી હાંસલ નહીં થાય, ન તમારી ઉમ્મીદો પૂરી થશે, ન તમને કુર્બ (ખુદાની નઝદીકી) મળશે, ન કોઈ કમાલ મળશે અને ન તમારું દિલ પોતાના ખાલિક઼ તથા માલિકની તરફ હક઼ીક઼ી રુજૂઅની લિજ્જતથી ફૈઝયાબ થશે." *–(બહવાલા તસવ્વુફો તરીક઼ત, અઝ : શાહ તુરાબુલ હક઼્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ)*

ગૌષ પાક رضی اللہ عنہના આશિક઼ોએ જોઈએ કે ખરેખર ગૌષ પાક رضی اللہ عنہથી મહોબ્બત છે તો આપના ઉપરોક્ત ફર્માનોને ગળે લગાડી લે અને પોતાની જિંદગીને તદ્દન ઈસ્લામી તા'લીમાત પ્રમાણે ગુજારે, ગુનાહોથી તૌબા કરે અને શરીઅતની પાબંદી કરે અને ફયઝાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી માલમાલ થાય, નહીં તો દુનિયા તથા આખેરતની તબાહી વેઠવી પડશે.

## ★ કોઈ બદ્‌મઝહબને જુઓ તો રસ્તો બદલી નાખો ! ★

કેટલાક ભાઈઓ ગૌષ પાક رضی اللہ عنہની ન્યાઝ તો કરે છે પણ તેમાં વહાબી, દેવબંદી વગેરે બદ્‌મઝહબોને પણ દા'વત આપે છે અને જમાડે છે તથા તેમની સાથે સગાઈ, દોસ્તી રાખે છે. તો ખુદ ગૌષ પાક رضی اللہ عنہનું જ ફર્માન સાંભળી લો અને ખુદા વ રસૂલના ગુસ્તાખોથી દરેક મામલે શાદી વિવાહ, ઉઠક બેઠક, દોસ્તી, સગાઈથી પરહેઝ કરો.

શયખ અબ્દુલકાદિર જીલાની સરકારે બગદાદ رضی اللہ عنہએ આપની મશ્હૂર કિતાબ 'ગુન્યતુત્તાલિબીન'માં એક રિવાયત નક઼લ કરી છે કે હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہએ ફર્માવ્યું : –

**''જે કોઈ બદ્‌મઝહબથી મહોબ્બત રાખશે તેના અમલ બર્બાદ થઈ જશે અને ઈમાનની મીઠાશ તેના દિલમાંથી નીકળી જશે** અને જ્યારે અલ્લાહ તઆલા પોતાના કોઈ બંદાને જુએ કે **તે બદ્‌મઝહબથી બુગ્ઝ (અદાવત) રાખે છે તો મને ઉમ્મીદ છે કે, મૌલા સુબ્હાનહુ તઆલા તેના ગુનાહ બખ્શી દે છે ભલે કોઈના અમલ થોડા હોય. કોઈ બ્દમઝહબને રસ્તે આવતાં જુઓ તો તમે બીજો માર્ગ લો."**

જ્યારે તમે ગૌષ પાક رضی اللہ عنہના ચાહક છો તો રાફઝી, ખારજી, શીઆ, વહાબી, દેવબંદી વગેરેથી દૂર રહેશો, તમારી ઔલાદને પણ દૂર રાખશો એમાં જ સૌની ભલાઈ છે.



### કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

قَالَ رَبِّ اجۡعَلۡ لِّیۡۤ اٰیَۃً ؕ قَالَ اٰیَتُکَ اَلَّا تُکَلِّمَ
النَّاسَ ثَلٰثَۃَ اَیَّامٍ اِلَّا رَمۡزًا ؕ وَ اذۡکُرۡ رَّبَّکَ کَثِیۡرًا وَّ
سَبِّحۡ بِالۡعَشِیِّ وَ الۡاِبۡکَارِ ﴿۴۱﴾ وَ اِذۡ قَالَتِ الۡمَلٰٓئِکَۃُ
یٰمَرۡیَمُ اِنَّ اللّٰہَ اصۡطَفٰکِ وَ طَہَّرَکِ وَ اصۡطَفٰکِ
عَلٰی نِسَآءِ الۡعٰلَمِیۡنَ ﴿۴۲﴾ یٰمَرۡیَمُ اقۡنُتِیۡ لِرَبِّکِ وَ
اسۡجُدِیۡ وَ ارۡکَعِیۡ مَعَ الرّٰکِعِیۡنَ ﴿۴۳﴾ ذٰلِکَ مِنۡ
اَنۡۢبَآءِ الۡغَیۡبِ نُوۡحِیۡہِ اِلَیۡکَ ؕ وَ مَا کُنۡتَ لَدَیۡہِمۡ اِذۡ
یُلۡقُوۡنَ اَقۡلَامَہُمۡ اَیُّہُمۡ یَکۡفُلُ مَرۡیَمَ ۪ وَ مَا کُنۡتَ
لَدَیۡہِمۡ اِذۡ یَخۡتَصِمُوۡنَ ﴿۴۴﴾ اِذۡ قَالَتِ الۡمَلٰٓئِکَۃُ یٰمَرۡیَمُ
اِنَّ اللّٰہَ یُبَشِّرُکِ بِکَلِمَۃٍ مِّنۡہُ ٭ۖ اسۡمُہُ الۡمَسِیۡحُ
عِیۡسَی ابۡنُ مَرۡیَمَ وَجِیۡہًا فِی الدُّنۡیَا وَ الۡاٰخِرَۃِ وَ
مِنَ الۡمُقَرَّبِیۡنَ ﴿۴۵﴾ۙ وَ یُکَلِّمُ النَّاسَ فِی الۡمَہۡدِ وَ کَہۡلًا

## સૂરએ આલે ઈમરાનની તફસીર

*વિનંતી કરી અય મારા પાલનહાર ! મારા માટે કંઈક નિશાની કરી આપ[૧૯૭] ફર્માવ્યું કે તારી નિશાની એ છે કે ત્રણ દિવસ સુધી તું લોકો સાથે ઈશારા સિવાય (બીજી રીતે) વાત કરી શકીશ નહીં, અને પોતાના પાલનહારની ખૂબ યાદ કર[૧૯૮] અને થોડોક દિવસ બાકી હોય ત્યારે અને વહેલી સવારે તેની પવિત્રતા બોલ (૪૧) અને જ્યારે ફરિશ્તાઓએ કહ્યું હે મરયમ ! બેશક્ અલ્લાહે તને ચૂંટી લીધી[૧૯૯] અને ખૂબ જ સ્વચ્છ કરી[૨૦૦] અને આજે આખા જગતની સ્ત્રીઓમાંથી તને પસંદ કરી[૨૦૧] (૪૨) હે મરયમ ! પોતાના પરવરદિગારની સમક્ષ અદબપૂર્વક ઉભી રહે[૨૦૨] અને તેના માટે સિજદો કર. અને રૂકૂઅવાળાઓ સાથે રૂકૂઅ કર (૪૩) આ ગૈબની ખબરો છે જે અમે છુપી રીતે તમને બતાવીએ છીએ[૨૦૩] અને તમે તેઓની પાસે ન હતા જ્યારે તેઓ પોતાની કલમો વડે નામ કાઢતા હતા કે મરયમ કોના ઉછેરમાં રહે. અને તમે તેઓની પાસે ન હતા જ્યારે તેઓ ઝગડી રહ્યા હતા[૨૦૪] (૪૪) અને યાદ કરો જ્યારે ફરિશ્તાઓએ મરયમને કહ્યું, હે મરયમ ! અલ્લાહ તને ખુશખબરી આપે છે પોતાના પાસેથી એક કલેમાની[૨૦૫] જેનું નામ છે*

وَّ مِنَ الصّٰلِحِيْنَ ﴿٤٦﴾ قَالَتْ رَبِّ اَنّٰى يَكُوْنُ لِيْ وَلَدٌ وَّ لَمْ يَمْسَسْنِيْ بَشَرٌ ؕ قَالَ كَذٰلِكِ اللّٰهُ يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰۤى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٧﴾ وَ يُعَلِّمُهُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ التَّوْرٰىةَ وَ الْاِنْجِيْلَ ﴿٤٨﴾ وَ رَسُوْلًا اِلٰى بَنِيْۤ اِسْرَآءِيْلَ ۙ۬ اَنِّيْ قَدْ جِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۙ اَنِّيْۤ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ فَاَنْفُخُ فِيْهِ فَيَكُوْنُ طَيْرًۢا بِاِذْنِ اللّٰهِ ۚ وَ اُبْرِئُ الْاَكْمَهَ وَ الْاَبْرَصَ

*મસીહ ઈસા મરયમનો પુત્ર. શિષ્ટાચારી દુનિયા અને આખિરતમાં અને નઝદીકવાળો[૨૦૬] (૪૫) અને લોકો સાથે વાત કરશે પારણામાં[૨૦૭] અને પાકી ઉમરમાં[૨૦૮] અને ખાસ લોકોમાં હશે (૪૬) તેણીએ કહ્યું, હે મારા પરવરદિગાર ! મને બાળક કેવી રીતે થશે ? મને તો કોઈ પુરૂષે હાથ લગાડયો નથી[૨૦૯] ફર્માવ્યું, અલ્લાહ એમ જ પેદા કરે છે જે ઈચ્છે, કોઈ વાતનો હુકમ કરે તો તેને એટલું જ કહે છે કે થઈ જા, તે તરત જ થઈ જાય છે (૪૭) અને (તેને) અલ્લાહ શિખવાડશે કિતાબ અને હિકમત અને તવરાત અને ઈન્જીલ (૪૮) અને (તે) રસૂલ હશે બની ઈસ્રાઈલ તરફ. એવું કહેતા કે હું તમારી પાસે એક નિશાની લાવ્યો છું[૨૧૦] તમારા પરવરદિગાર તરફથી, કે હું તમારા માટે માટીમાંથી પક્ષીની આકૃતિ બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તે તરત જ પક્ષી બની જાય છે અલ્લાના હુકમથી[૨૧૧] અને હું સારુ કરી આપું છું જન્મજાત અંધ અને સફેદ ડાઘવાળાને[૨૧૨]*

## :: સમજૂતી ::

**૧૯૭ :** જેથી મને ખબર પડે કે મારી પત્નીને હમલ રહ્યો છે અને તેની હું વધારે ને વધારે શુક્ર અને ઈબાદત કરી શકું.

**૧૯૮ :** અને એવું જ થયું કે માણસો સાથે વાતચીત કરવાથી ઝુબાન મુબારક ત્રણ દિવસ સુધી બંધ રહી, અને એ જ ઝુબાન વડે તસ્બીહ અને ખુદાનું ઝિક્ર સારી રીતે બોલી શકાતું, આ પણ એક મહાન મોઅજિઝો હતો કે બધા જ અવયવો સહીસલામત હતાં. ઝુબાન વડે હમ્દ તસ્બીહ બોલી શકાતી હતી. પણ ફકત વાતચીત ન થઈ શકતી હતી, અને એવી નિશાની એટલા માટે નક્કી કરવામાં આવી કે આવી મહાન નેઅમતના આભાર રૂપે હમ્દ અને તસ્બીહ સિવાય બીજુ કશું જ ઝબાનથી નીકળે જ નહીં.

**૧૯૯ :** કે સ્ત્રી જાત હોવા છતાં બયતુલ મુકદસની સેવા માટે સ્વીકાર્યા અને આ વાત એમના સિવાય બીજી કોઈ સ્ત્રીને મળી શકી નથી, એવી જ રીતે હઝરત ઝકરિય્યા عليه السلامને તેણીના આશ્રયદાતા બનાવવા અને તેણી માટે જન્નતનાં ફળો મોકલવાં વિગેરે બાબતો હઝરત મરયમની શ્રેષ્ઠતા દર્શાવે છે.

**૨૦૦ :** પુરૂષના ભોગથી અને ગુનાહોથી અને અમુકના મુજબ સ્ત્રી જાતની ખાસ નાપાકીઓથી.

**૨૦૧ :** કે પિતા વગર પુત્ર આપ્યો અને ફરિશ્તાઓની વાતચીત સંભળાવી.

**૨૦૨ :** જયારે ફરિશ્તાઓએ આ કહ્યું ત્યારે હઝરત મરયમે એટલો લાંબો ક઼િયામ (નમાઝમાં ઉભું

રહેવું) કર્યો કે મુબારક પગો પર વરમ આવી ગયો, અને પગ ફાટીને લોહી વહેવા લાગ્યું.

**૨૦૩ :** આ આયતથી જાણ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને ગૈબનું ઈલ્મ આપ્યું છે.

**૨૦૪ :** છતાં એ બનાવની ખબર આપવી એ વાતનો પુરાવો છે કે આપને ગૈબી ઈલ્મો આપવામાં આવ્યા છે.

**૨૦૫ :** એટલે કે એક ફરઝંદની

**૨૦૬ :** માન મર્તબાવાળો.

**૨૦૭ :** વાત કરવાની ઉમર કરતાં પહેલાં.

**૨૦૮ :** એટલે કે આસ્માનથી ઉતર્યા પછી. આ આયતથી સાબિત થાય છે કે હઝરત ઈસા علیہ السلام આસ્માનથી જમીન પર ઉતરશે, અને દજ્જાલને કત્લ કરશે, જેવું કે હદીષોથી સાબિત છે.

**૨૦૯ :** નિયમ એવો છે કે બાળક, પુરૂષ અને સ્ત્રીના સમાગમથી જન્મે છે. તો મને બાળક કેવી રીતે પેદા થશે ? નિકાહથી કે પછી પુરૂષ વગર જ.

**૨૧૦ :** જે મારો નબુવ્વતનો દાવો સત્ય હોવાની દલીલ છે.

**૨૧૧ :** જ્યારે હઝરત ઈસા علیہ السلامએ નબુવ્વતનો દાવો કર્યો અને મુઅજિઝા બતાવ્યા, ત્યારે લોકોએ દરખાસ્ત કરી, આપ એક ચામાચીડીયું બનાવો. આપે માટીમાંથી ચામાચીડીયાની આકૃતિ બનાવી. પછી તેમાં ફૂંક મારી તો તે ઉડવા લાગ્યું. ચામાચીડીયાની વિશિષ્ટતા એ છે કે તે ઉડનાર જાનવરોમાં નિપૂણ અને આશ્ચર્યજનક છે. અને અલ્લાહની કુદરત પર દલાલત કરવામાં બીજાં જાનવરો કરતાં વધુ સ્પષ્ટ છે, કારણ કે તે પાંખો વગર ઉડે છે, તેને દાંત હોય છે, તે હસી શકે છે અને નારીને સ્તન હોય છે અને બાળકને જન્મ આપે છે. બીજા જાનવરોમાં આ વાતો હોતી નથી.

**૨૧૨ :** જેને કોઢ વ્યાપી ગયો હોય, અને ઈલાજ કરનારાઓ એનો ઈલાજ કરવાથી લાચાર બની ગયા હોય, કારણ કે હઝરત ઈસા علیہ السلامના સમયમાં ઉપચાર વિદ્યા પ્રગતિના શિખરે પહોંચેલી હતી, અને એના નિષ્ણાતો ઈલાજ કરવામાં ઘણા પ્રવિણ હતા, જેથી આપને એવા જ મો'જિઝા આપવામાં આવ્યા જેથી જાહેર થાય કે ઉપચાર વિદ્યા જેનો ઈલાજ કરવાથી લાચાર બની જાય તેને સારુ કરી આપવું એ સાચે જ નબીનો મો'જિઝો અને એમની નબુવ્વતની સત્યતાની દલીલ છે.

વહબનું કથન છે કે ઘણા વખત હઝરત ઈસા علیہ السلام પાસે ૫૦, ૫૦ હજાર બીમારો એકઠા થઈ જતા હતા. તેમાં જે ચાલી શકે એમ હોય તે ચાલીને આપની સેવામાં હાજર થતો અને જે ચાલી શકે એમ ન હોય તેની પાસે આપ પોતે પધારતા અને દુઆ ફર્માવીને તેને તંદુરસ્ત બનાવી દેતા હતા. અને પોતાના પર ઈમાન લાવવાની શરત કરી લેતા હતા.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

**હદીષ :** *(ત્રીજો વિભાગ) ઈબ્ને શિહાબ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝે અસ્ર થોડીક મોડેથી પઢી[૨] તો તેમને ઉરવાએ કહ્યું કે હઝરત જિબ્રઈલ ઉતર્યા, તેમણે હુઝૂર અકરમ ﷺ ની આગળ નમાઝ પઢી.[૩] હઝરત ઉમરે તેમને કહ્યું કે જે કહો છો તે સમજીને કહો, હે ઉરવા ![૪] તે બોલ્યા, મેં બશીર ઈબ્ને અબી મસ્ઊદને કહેતાં સાંભળ્યા, તે કહેતા હતા, મેં રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام ને ફર્માવતાં સાંભળ્યા[૫] કે ઉતર્યા હઝરત જિબ્રઈલ, તેમણે મારી ઈમામત કરી. મેં તેમની સાથે નમાઝ પઢી, પછી તેમની સાથે નમાઝ પઢી, ફરી તેમની સાથે નમાઝ પઢી, ફરી તેમની સાથે નમાઝ પઢી, પછી તેમની સાથે નમાઝ પઢી, પછી તેમની સાથે નમાઝ પઢી. પોતાની આંગળીઓ પર પાંચ નમાઝો ગણાવતા હતા.[૬] (મુસ્લિમ, બુખારી)*

*હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. આપે આપના હાકિમોને લખ્યું કે, મારી નજીક સર્વ કામોથી અધિક મહત્વની નમાઝ છે.[૭] જેણે એને મહેફૂઝ રાખી અને એની પાબંદી કરી તેણે પોતાનો દીન મહેફૂઝ રાખ્યો. અને જેણે એને વેડફી કાઢી, તો તે નમાઝ સિવાયનાને ખૂબ જ વેડફશે.[૮] પછી લખ્યું કે ઝોહર એ વખતે પઢો કે જ્યારે પડછાયો એક ગઝ થઈ જાય.[૯] ત્યાં સુધી પઢો કે દરેકનો સાયો તેના બરાબર થઈ જાય.[૧૦] અને અસર ત્યારે પઢો કે જ્યારે સૂરજ ઊંચો સફેદ સાફ હોય જેવી રીતે કે સૂર્ય આથમતા પહેલાં સિવાય બે ત્રણ કોસ ચાલી લે[૧૧] અને મગરિબ ત્યારે પઢો કે જ્યારે સૂરજ ડૂબી જાય. અને ઈશા એ વખતે પઢો કે શફક્ (સફેદી) ગાયબ થઈ જાય ત્યારથી ત્રીજા ભાગની રાત સુધી.[૧૨] તો જે ઈશાથી પહેલાં સૂઈ જાય, ખુદા કરે તેની આંખો ન સૂએ, જે સૂઈ જાય તેની આંખો ન સૂએ, જે સૂઈ જાય તેની આંખો ન સૂએ.[૧૩] અને ફજર પઢો જ્યારે કે તારા ચમકતા હોય, ગુચ્છામાં હોય[૧૪]. (માલિક)*

### :: સમજૂતી ::

**૧.** આ ઈમામ ઝહરીની કુન્નિયત છે. આપનું નામ મુહમ્મદ છે. કુન્નિયત અબૂબક્ર અને ઈબ્ને શિહાબથી. મશહૂર તાબઈ છે.

**૨.** એટલે કે રોજના નિયમ કરતાં વધુ અધિક વારે પઢી. ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ ખલીફાઓમાંથી પાંચમા ખલીફએ બરહક્ક છે. *(મિર્કાત)* પાંચમા એટલા માટે કહેવામાં આવ્યા કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ એ ખિલાફતને ત્યજી દીધી હતી. આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા છે.

**૩.** સુબ્હાનલ્લાહ ! શું અદબ છે ?! હઝરત ઉરવાએ એવું ન કહ્યું કે હુઝૂરને નમાઝ પઢાવી, બલ્કે એવું કહ્યું કે આગળ ઉભા રહીને નમાઝ પઢીને બતાવી. હઝરત ઉરવા હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના ભાણીયા અને હઝરત અસ્માના પુત્ર છે. આપના બાગના કૂવાનું પાણી ફકીરે (લેખકે) પણ પીધું છે.

૪. એટલે કે હે ઉરવા ! એ કેવી રીતે બની શકે છે કે હઝરત જિબ્રઈલ હુઝૂર ﷺની આગળ ઉભા થાય ! રબ તો ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ વ રસૂલથી આગળ ન વધો. અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ સાંભળ નાર જાણનાર છે." *(સૂરએ હુજુરાત, ૪૯/૧)* તમારી આ ખબર મને કુર્આનની વિરુદ્ધ જણાય છે.

૫. યાદ રાખશો કે હઝરત ઉરવા ઈબ્ને ઝુબૈર ખુદ પણ સહાબી છે તેમ છતાં પણ અસ્નાદથી હદીષ વર્ણવી. મક઼સદ એ છે કે મેં પોતે પણ હુઝૂરથી આ હદીષ સાંભળી છે, મારા ઉપરાંત અન્ય સહાબીઓએ પણ સાંભળી, અને તેમનાથી અન્ય મુસલમાનોએ પણ સાંભળી છે. સારાંશ કે ગવાહી રૂપે આ અસ્નાદ રજૂ કરી, નહીં તો જ્યારે સહાબી ખુદ હુઝૂરથી હદીષ સાંભળી લે તો તેમને અસ્નાદથી જરૂરત નથી.

૬. હઝરત ઉરવાએ આ જગાએ નમાઝના સમયોનો ઉલ્લેખ ન કર્યો, કેમ કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہને એના પર તો કોઈ શંકા ન હતી. તેમને શંકા હતી કે હઝરત જિબ્રઈલ હુઝૂરે અન્વર ﷺને નમાઝ કેવી રીતે પઢાવી શકે છે ?! હુઝૂર علیہ الصلوٰۃ والسلام તો ઈમામુલ અવ્વલીન વ આખરીન છે. હુઝૂર ﷺએ મેઅરાજમાં જતી વખતે સર્વ નબીઓને નમાઝ પઢાવી. બયતુલ મુક઼દ્દસમાં એ મુક઼તદીઓમાં હઝરત જિબ્રઈલ તથા હઝરત મીકાઈલ બલ્કે સર્વ બરાતી ફરિશ્તા એ મેઅરાજવાળા દુલ્હા (ﷺ)ની પાછળ હતા, તો આજે હઝરત જિબ્રઈલ ઈમામ કેવી રીતે થઈ ગયા ?! એટલા માટે અસ્નાદથી નમાઝ પઢવાનો બનાવ વર્ણવ્યો. અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ કે મેઅરાજની નમાઝ એ નમાઝે ઈશ્ક઼ હતી, ન કે શરઈ નમાઝ. અને ન આગલા નબી આ નમાઝ પઢતા, કેમ કે વફાત બાદ શરઈ હુકમો ખત્મ થઈ જાય છે, અને આ નમાઝ હતી અને શરઈ હુકમો લાવનાર હઝરત જિબ્રઈલ હતા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈશ્કે હઝરત જિબ્રઈલે અમીન علیہ السلامને શીખવાડયું અને શરીઅતના એહકામ હઝરત જિબ્રઈલ علیہ السلام લાવ્યા.

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَيِّدِنَا مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَاَصْحٰبِهٖ وَسَلِّمْ

૭. એટલે સલ્તનતના કામો, દેશની વ્યવસ્થાઓ નમાઝના પછી છે. જ્યારે નમાઝનો સમય આવી જાય તો સર્વ કામો એવાં જ છોડી આપો. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા, એક એ કે સુલ્તાને ઈસ્લામ (ઈસ્લામી બાદશાહ)એ જોઈએ કે પ્રજાની દીની હાલતોને સંભાળે, કેવળ દુનિયા પર નજર ન રાખે. બીજુ એ કે મોટા લોકોને સંભાળો તો નાના લોકો ખુદ સંભલી જશે. એટલા માટે આપે હાકિમોને ખાસ કરીને સંબોધન કર્યુ.

૮. હિફઝથી મુરાદ નમાઝને દુરુસ્ત કરીને પઢવું છે. અને મુહાફિઝતથી મુરાદ હમેશાં તથા સમય પર પઢવી. આ ફર્માનથી જાણવા મળ્યું કે જેવી રીતે નમાઝની પાબંદી તમામ નેકીઓનો દરવાજો ખોલી આપે છે, એવી જ રીતે નમાઝ છોડવું ગુનાહોના દરવાજાને ખોલે છે. રબ તબારક વ તઆલા ફર્માવે છે : اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْكَرِ ؕ "બેશક ! નમાઝ મના કરે છે બેહયાઈ તથા બુરી વાતથી." *(સૂરએ અન્કબૂત, ૨૯/૪૫)*

૯. પડછાયાથી મુરાદ આમ લોકોનો સાયો છે. ગઝથી શરઈ ગઝ મુરાદ છે. એટલે કે ૨૪ આંગળ અથવા દોઢ ફૂટ. આપનું આ ફર્માન એ ઋતુના લેહાઝથી છે જ્યારે પત્ર લખ્યો હતો ત્યારે એ દેશમાં એક હાથ સાયો થવા પર જ ઝોહરનો સમય શરૂ થતો

હશે, નહીં તો વિવિધ સમયો અને વિવિધ ઈલાકાઓમાં ઝોહરનો સમય વિવિધ રહેતો હોય છે.

**૧૦.** આ પ્રકારની સર્વ હદીષો ઈમામ શાફઈની દલીલ છે કે ઝોહરનો સમય એક મિષ્લ પર ખત્મ થઈ જાય છે. ઈમામે આ'ઝમની નજીક તે બે મિષ્લ સુધી ઝોહરનો સમય રહે છે (એટલે પડછાયો ચીજ કરતાં ડબલ થઈ જાય.) હા ! એક મિષ્લની હદીષો મન્સૂખ છે, તેની નાસિખ તે હદીષો છે જે આગલા પ્રકરણમાં આવી રહી છે. હઝરત ઉમરનું એ ફર્માન મુસ્તહબ વર્ણવવા માટે છે, એટલે કે બેહતર એ છે કે ઝોહર એક મિષ્લ સુધી પઢી લો. આપણો મઝહબ પણ એ જ છે કે ઝોહર એક મિષ્લ સુધી પઢી લે અને અસ્ર બે મિષ્લ પછી, નહીં તો જાહેરી અર્થમાં આ હદીષ ઈમામ શાફઈની પણ વિરુદ્ધ થશે. કેમ કે તેમની નજીક પણ અસલી પડછાયાનો ઉલ્લેખ નથી.

**૧૧.** એટલે કે સૂરજ ડૂબવાથી પચાસ મિનિટ પહેલાં. કેમ કે ૨૦ મિનિટ પહેલાં સૂરજ પીળો પડે છે, એ કરાહતનો સમય છે, એટલા માટે અડધો કલાક પહેલાં અસ્ર શરૂ કરવી જોઈએ. એટલી વારમાં સવાર બે ત્રણ કોસ સારી રીતે ચાલી કાઢશે.

**૧૨.** અહીં પણ મુસ્તહબ સમયનું વર્ણન છે, નહીં તો મગરિબનો સમય શફક઼ (સફેદી) ડૂબવા સુધી રહે છે. અને ઈશાનો સમય સુબ્હ સાદિક઼ સુધી. પણ મુસ્તહબો એ છે કે મગરિબ સૂરજ ડૂબતાં પઢી લેવામાં આવે અને ઈશા ત્રીજા ભાગની રાતથી પહેલાં પઢવામાં આવે.

**૧૩.** જનાબ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની આ બદ્દુઆ ગુસ્સો પ્રદર્શિત કરવા માટે છે. **યાદ રાખશો કે ઈશાની નમાઝથી પહેલાં સૂઈ જવું અને ઈશા બાદ વિના જરૂરતે જાગતા રહેવું સુન્નતની વિરુદ્ધ છે અને નબી ﷺને સખત નાપસંદ છે.** પરંતુ નમાઝ પહેલાં સૂઈને નમાઝ ન પઢવી, અને એ જ પ્રમાણે ઈશા બાદ જાગીને ફજર કઝા કરી દેવી હરામ છે. કેમ કે હરામનો ઝરીયો પણ હરામ હોય છે.

**૧૪.** એટલે કે ફજર અંધારામાં પઢો. આ હદીષ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની દલીલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક ફજર અજવાળુ કરીને પઢવી જોઈએ. ઈમામ સાહબની દલીલો આગલા પ્રકરણમાં આવી રહી છે. અને નમાઝના સમયોની પૂરી તેહક઼ીક઼ અમારી કિતાબ જાઅલ હક્ક઼ (ભાગ : ૨)માં જોઈ લો.

પેજ 15 નું ચાલુ..

**બાતેં કુછ ઔર ભી તુમસે કરતે–યહ કહાં વાર હૈ ક્યા હોના હૈ**

*(વાર = મોક઼ો)*

**અર્થાત :** કેટલીયે વાતો અધિક હું તમારી સાથે કરવા ચાહતો હતો, પરંતુ હવે વાતો જ ન કરતો રહું અને કાંઈક આગળની પણ ફિકર કરું. હવે તમારી સાથે વાત કરવાનો મોક઼ો નથી, ખુદ મારી સાથે ખબર નહીં આગળ શું થવાનું છે ?!

**ક્યૂં 'રઝા' કુળહતે હો, હસતે ઉઠો !–જબ વો ગફ્ફાર હૈ, ક્યા હોના હૈ !**

*(કુળહના = રંજમય થવું)*

**અર્થાત :** પરંતુ હે ખુદાના બંદા ! (અહમદ રઝા !) એ બાજુ પર પણ તું ધ્યાન કર કે રબ બખ્શનાર છે, તો પછી ખુશ થઈ જા ! અને હસતો હસતો ઉઠ ! ખૈર જ ખૈર છે ! આવા મોકા પર મૌત સારી લાગે છે.

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ : આ'લા હઝરત
**ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
**મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)**
:: અનુવાદક તથા સંપાદક ::
**પટેલ શબ્બીર અલી રઝવી**

### રાહ તો તેગ પર, ઔર તલ્વોં કો-ગિલએ ખાર હૈ, ક્યા હોના હૈ

*(તેગ = તલવાર, તલ્વોં = પગનાં તળિયાં, ગિલા = ફરિયાદ, ખાર = કાંટા)*

**અર્થાત :** હે ગાફિલ ઈન્સાન ! તારા પગોમાં જો કાંટો પણ ચુભાય જાય તો તડપી ઉઠે છે ! અને હાય વોય શરૂ કરી આપે છે, જ્યારે કે તારે હજી તો પુલસિરાત પરથી પસાર થવાનું છે જે તલવારથી પણ તેજ અને વાળથી પણ બારીક છે ! ત્યાં તારું શું થશે ?!

### રોશની કી હમેં આદત, ઔર ઘર-તીર વ તાર હૈ ક્યા હોના હૈ

*(તીર વ તાર = સાંકડુ તથા અંધાર્યું)*

**અર્થાત :** તને આ દુનિયાના ઘરમાં તો રોશની વિના ઊંઘ નથી આવતી, ન આરામ તથા ચૈન મળે છે (ગરમીમાં જરા લાઈટ જતી રહી તો શું આફત આવી પડે છે !) જ્યારે કે જ્યાં તારે સેંકડો વરસ રહેવાનું છે ત્યાં તો અંધારું જ અંધારુ છે ! તો ત્યાં તારું શું થશે ? અને ત્યાં તું કેવી રીતે દિવસો પસાર કરીશ ?!

### બીચમેં આગ કા દરયા હાઈલ-ક઼સ્દ ઈસ પારસે ક્યા હોના હૈ

*(હાઈલ = આડો, ક઼સ્દ = ઈરાદો)*

**અર્થાત :** શું તને ખબર નથી કે તારા અને જન્નતની વચ્ચે આગનો દરિયો આડ બનેલો છે ! જેને પાર કરીને જ જન્નતમાં પ્રવેશ મળી શકે છે. હાય ! શું થશે ?! હે અલ્લાહ ! અમારી મદદ ફર્માવ ! રબ ફર્માવે છે : وَاِنْ مِّنْكُمْ اِلَّا وَارِدُهَا كَانَ عَلٰى رَبِّكَ حَتْمًا مَّقْضِيًّا ﴿٧١﴾ ''અને તમારામાં કોઈ એવો નથી જેણે દોઝખ પરથી પસાર થવાનું ન હોય. તમારા રબના જિમ્મા પર આ જરૂર નિશ્ચિત થયેલી વાત છે.'' *(સૂરએ મરયમ, ૧૯/૭૧)*

### ઈસ કળી ધૂપ કો ક્યૂંકર ઝેલેં-શો'લાઝન નાર હૈ ક્યા હોના હૈ

**અર્થાત :** આટલી સખત મેહશરની ગરમી અને આપણે અશક્ત કમજોર ! હાય અલ્લાહ ! કેવી રીતે વેઠીશું ?! એવું લાગે છે કે જાણે આગનો દરિયો વહી રહ્યો છે. વળી મેહશરની ગરમી પછી જહન્નમ પણ ભળકતી રાહ જોઈને ઉભી છે. હે બેસહારોના સહારા ! ઉમ્મતના ગમખ્વાર નબી ! علیہ الصلوٰۃ والسلام તમારા દામનનો સાયો અતા ફર્માવજો.

**હાએ બિગળી તો કહાં આકર નાવ !–અ઼યન મઝધાર હૈ, ક્યા હોના હૈ**

**અર્થાત** : અફસોસ ! સિવાય હવે શું થઈ શકે છે કે દરિયાના બિલકુલ મધ્યમાં જ્યાં દરિયાનું વહેણ પણ ખૂબ જ તીવ્ર ગતિમાં છે અને હવા પણ વિરુદ્ધ દિશામાં ચાલી રહી છે, આવા સંજોગોમાં નાવનું ખરાબ થઈ જવું ! તો હવે સિવાય તબાહી તથા બર્બાદી બીજું શું થશે ?!

**કલ તો દીદાર કા દિન ઔર યહાં–આંખ બેકાર હૈ ક્યા હોના હૈ !**

**અર્થાત** : કાલે ક઼યામતના દિવસે દીદારનો દિવસ છે અને આપણી હાલત એ છે કે : *'વો તો હૈ ઝૈબાએ હુસ્ન–ઔર હમમેં બિનાઈ નહીં !'* આપણે એવા અમલો જ નથી કર્યા જેના કારણે આપણી આંખમાં જોવાની ક્ષમતા પેદા થતી. એ કેટલા પ્રમાણમાં મેહરૂમી થશે કે અલ્લાહવાળાઓ જે નેઅમતની પ્રાપ્તિના માટે આખુ જીવન મહેનત કરતા રહ્યા, અમે તેના માટે કાંઈ પણ ન કર્યું, પછી જે થાય તે સૌની સામે છે !

**મુંહ દિખાને કા નહીં ઔર સહર–આમ દરબાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત** : આપણા કરતૂતોના કારણે આપણુ મોઢું તો એને પાત્ર જ નથી કે આપણા આક઼ા (ﷺ)ને દેખાડી શકીએ, અને કાલે (ક઼યામતની) સવારે ભર્યા દરબારમાં આમ દીદાર થવાનો છે, જે સામે આવ્યા વિના નથી થઈ શક્તો. હાય ! બદ્‌નસીબી દીદારથી ક્યાંક મેહરૂમ ન રહી જઈએ !

**ઉનકો રહમ આએ તો વરના–વો કળી માર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત** : એ અલગ વાત છે કે આપણો અલ્લાહ عزوجل પણ રહીમ તથા કરીમ છે અને આપણા નબી عليه الصلوٰة والسلام પણ وبالمومنين روف رحيم મો'મિનો પર રઉફ તથા રહીમ છે, જો એમનો કરમ મયસ્સર થઈ જાય તો બિગળી બની જશે, મુક઼દ્દર સંવરી જશે, નહીં તો સખત સજા થશે ! બીજું શું થવાનું છે ?!

**લે ! વો હાકિમ કે સિપાહી આયે–સુબ્હ ઈઝહાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત** : લો ! આ જુઓ ! બાદશાહના સિપાહીઓ (ફરિશ્તા) આપણને ગિરફતાર કરવાના માટે આવી રહ્યા છે જેઓ આપણને પકડીને અહકમુલ હાકિમીનના દરબારમાં લઈ જશે અને આપણે એક એક વાતનો હિસાબ આપવો પડશે. ઉમર ક્યાં પસાર કરી, દૌલત ક્યાં વાપરી, જવાની ક્યાં ખર્ચી, તંદુરસ્તીની શું ક઼દર કરી, અલ્લાહના હક્ક઼ો તથા બંદાઓના હક્ક઼ોની ક્યાં સુધી અદાયગી કરી, કોઈ ખુદાનો ખૌફ પણ કર્યો કે નહીં ?! આપણા નબી ﷺની શરમ પણ કરી કે નહીં ? હાય ! હવે અમારી સાથે શું થશે ?!

**વાં નહીં બાત બનાને કી મજાલ !–ચારાએ ઈકરાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત** : આ તે અદાલત છે કે જ્યાં જૂઠ, બહાનુ, ધોકાબાજી ચાલી જ નથી શક્તાં ! اليوم نختم على افواههم وتكلمنا ايديهم وتشهد ارجلهم بما كانوا يكسبون۔ ''આજે અમે તેમનાં મોઢાંઓ પર મોહર કરી દઈશું, અને એમના હાથ અમારી સાથે વાત કરશે, અને એમના પગો એમના કરેલાની ગવાહી આપશે.'' (સૂરએ યાસીન, ૩૬/૬૫) તો આ સંજોગોમાં ઈકરાર કરી લીધા સિવાય કોઈ ચાહો હશે નહીં ! (તો આજથી સુધરી જાવ !)

**સાથવાલોંને યહીં છોડ દિયા-બેકસી યાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** આપણા હમદર્દો, સાથીઓ, સગાં વહાલાંઓ તો મને કબ્રમાં ફેંકીને ચાલ્યા ગયાં ! હવે બેકસી તથા મજબૂરી છે જે મારી સાથે જઈ રહી છે. અલ્લાહ રહમ ફર્માવે, હવે શું થશે ?!

**આખરી દીદ હૈ આઓ મિલ લેં !-રંજ બેકાર હૈ, ક્યા હોના હૈ**

**અર્થાત :** મારા સગાં વહાલાં, દોસ્તો એકબીજાને કરી રહ્યાં છે કે ચાલો યાર ! ફલાણો અંતિમ શ્વાસ લઈ રહ્યો છે, જઈને તેને છેલ્લી વખત મળી તો લઈએ ! કોઈ શિકાયત ફરિયાદ હોય તો આવા સમયે ભૂલી જવી જોઈએ, ખબર નહીં બીચારાનો આગળ જઈને શું હશ્ર (અંજામ) થશે ?! હાય ! મરનારા ! તું કેટલો દયાને પાત્ર અને બીચારો થઈ ગયો છે કે દુશ્મનો પણ તારી પર દયા ખાય રહ્યા છે ! (હે ઈન્સાન ! હજી સમય છે સુધરી જા ! કે તારો હશ્ર સારો થાય.)

**દિલ હમેં તુમસે લગાના હી ન થા-અબ સફર બાર હૈ ક્યા હોના હૈ**

*(બાર = બોજ, કઠિન)*

**અર્થાત :** હે દુનિયાવાળાઓ ! બેવફાઓ ! તમારી સાથે તો મહોબ્બત કરવી જોઈતી જ ન હતી ! હવે હાલત એવી થઈ ગઈ છે કે ન તમને છોડવાનું દિલ ચાહે છે, ન આગળ જવા તબીઅત માને છે. હવેનો સફર કઠિન થઈ ગયો છે, હવે શું થશે ?!

**જાનેવાલોં પે યહ રોના કૈસા-બંદા નાચાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** જેણે જવાનું નિશ્ચિત જ છે એના પર અફસોસ કરવાની કે રડવાની શું જરૂરત ?! છેવટે બંદો મજબૂર છે, એનાથી શું થઈ શકે તેમ છે ? *વહી હોતા હૈ જો મંઝૂરે ખુદા હોતા હૈ !*

**નઝઅ મેં ધ્યાન ન બટ જાએ કહીં-યહ અબષ પ્યાર હૈ, ક્યા હોના હૈ !**

*(નઝઅ = સકરાતના સમયે, અબષ = નિરર્થક)*

**અર્થાત :** હવે મારા મૃત્યુનો સમય આવી ચૂક્યો છે જેથી મારાથી અલગ થઈ જાવ, જેથી તમારી સાથે મહોબ્બતના જઝબાતનો ઈઝહાર કરતાં કરતાં ક્યાંક મારું ધ્યાન આખેરતથી હટી ન જાય. જેથી હવે તમારી સાથે પ્યાર બેકાર છે, હવે જે થવાનું છે તે થઈને જ રહેશે. મને ખુદાને સોંપી દો અને અલ્લાહ હાફિઝ !

**ઉસકા ગમ હૈ કે હર એક કી સૂરત-ગલે કા હાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** હવે મને એ અફસોસ રહી ગયો કે તમે મને નહીં જોઈ શકો, અને હું તમારી શકલોને યાદ કરી કરીને રડતો રહીશ ! આ રોગ ન ખત્મ થનાર છે, બીજું શું થવાનું છે !

*તર્ક અબ સારી ફુઝૂલિયાત કર-યૂં ન ઝાએઅ્ તૂ અપને અવક઼ાત કર*
*રહ ન ગાફિલ યાદે હક્ક઼ દિનરાત કર-ઝિક્રો ફિક્રો મૌત કી તૂ બાત કર*
*એક દિન મરના હૈ આખિર મૌત હૈ-કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

વધુ પેજ 12 પર..




હપ્તો ૧૩

❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ગઝવએ ઓહદ

### (રમઝાનુલ મુબારક, હિ.સ. ૨)

ગઝવએ બદ્રમાં હાર્યા બાદ કાફિરોનો હોસલો તૂટી ગયો પણ દિલોમાં બદલાની આગ ભડકી રહી હતી. બદલાની આગે તેમને ચેનથી ન બેસવા દીધા. એક વર્ષની જબરદસ્ત તૈયારી પછી શવ્વાલ હિ.સ. ૩માં કુરૈશના કાફિરો ત્રણ હજારની સેના લઈ મદીના પર ચઢાઈ માટે નીકળી પડયા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ જે ગુપ્ત રીતે મુસલમાન થઈ ગયા હતા અને મક્કામાં જ રહેતા હતા, આપે એક પત્ર લખી રસૂલુલ્લાહ ﷺને કાફિરોના લશ્કરની ખબર મોકલી આપી. આ ખૌફનાક ખબર સાંભળતાં જ રસૂલે કરીમ ﷺએ અન્સાર અને મુહાજિરોથી મશ્વરો કર્યો કે જંગ શહેરની અંદર રહી લડવામાં આવે કે બહાર ! વડીલોએ કહ્યું, સ્ત્રીઓ અને બાળકોને કિલ્લામાં સુરક્ષિત કરી દેવામાં આવે અને જંગ શહેરની અંદર જ લડવામાં આવે. પરંતુ તે નવજવાન સહાબાએ કિરામ જે કોઈ કારણના લીધે જંગે બદ્રમાં ન ભાગ લઈ શક્યા હતા અને તેમનું ઈમાન જોશ મારી રહ્યું હતું તેઓ એ વાત પર અડી રહ્યા હતા કે અમે શહેરથી બહાર નીકળી દુશ્મનોથી મુકાબલો કરીશું. રસૂલે કરીમ ﷺએ જયારે બધાની આ વાત સાંભળી લીધી, મકાનમાં તશરીફ લઈ ગયા. હથિયાર લાદીને બહાર આવ્યા અને ફર્માવ્યું, તમે જવાંમર્દી સાથે મેદાનમાં નીકળી પડો અને સબ્રથી કામ લેશો તો વિજય જરૂર હાંસલ થશે.

રસૂલે મુઅઝ્ઝમ ﷺએ અન્સારના કબીલા ઔસનો ઝંડો હઝરત ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہને અને કબીલા ખઝરજનો ઝંડો હઝરત હુબાબ બિન મુન્ઝિર رضی اللہ عنہને અને મુહાજિરોનો ઝંડો હઝરત અલી رضی اللہ عنہને આપ્યો અને એક હજારનું લશ્કર લઈ શહેરની બહાર નીકળ્યા.

અબ્દુલ્લાહ બિન ઉબય જે મુનાફિકોનો સરદાર હતો આમ કહીને પોતાના ત્રણસો સાથીઓને લઈ અલગ થઈ ગયો કે અમે શહેરની અંદર રહી લડાઈ કરવાનો મશ્વરો આપ્યો હતો. મુહમ્મદ ﷺએ અમારો મશ્વરો ન માન્યો એટલા માટે અમે જંગમાં સામેલ નહીં થઈએ. હવે લશ્કરે ઈસ્લામમાં ફકત સાતસો મુજાહિદો રહી ગયા. આ નાનકડુ લશ્કર જેહાદના જોશમાં ઓહદ તરફ વધ્યું, ઓહદ એક પહાડનું નામ છે, જે મદીના મુનવ્વરાથી લગભગ ત્રણ માઈલ દૂર છે. કેમ કે આ જંગ આ જ પહાડના દામનમાં થઈ એટલા માટે આ જંગ "ગઝવએ ઓહદ"ના નામથી મશહૂર છે.

૧૫ શવ્વાલ હિ.સ. ૩ શનિવારના દિવસે ફજરની નમાઝ પઢી મેદાને ઓહદમાં નબીએ અકરમ ﷺએ મોરચાબંદી શરૂ ફર્માવી. પાછળ ઓહદ પહાડ હતો જેમાં એક નાનો રસ્તો હતો

જ્યાંથી દુશ્મનો હુમ્લો કરી શક્તા હતા એટલા માટે હુઝૂર ﷺએ તેના પર પચાસ સહાબીઓને નિશ્ચિત કર્યા અને તેમના સરદાર અબ્દુલ્લાહ બિન જુબેરને બનાવ્યા, અને તેમને એ હિદાયત ફર્માવી કે જંગમાં આપણે જીતીએ કે હારીએ, તમે લોકો તે સમય સુધી આ જગ્યા ન છોડશો જ્યાં સુધી તમને કહેવામાં ન આવે. આ બાજુ કાફિરોએ પણ સફો બરાબર કરી લીધી. હવે બંને ફોજો સામ સામે છે. સૌ પ્રથમ કાફિરોની સ્ત્રીઓ દફ વગાડતી વગાડતી નીકળી અને શેઅરો પઢી પઢીને તેમને જોશ અપાવવા લાગી. થોડી વાર પછી કાફિરોનો ઝંડાધારી તલ્હા બિન અબી તલ્હા મેદાનમાં આવ્યો અને કહેવા લાગ્યો, હે મુસલમાનો ! શું તમારામાં કોઈ એવું છે જે મને દોઝખમાં પહોંચાડે અથવા પોતે મારી તલ્વારથી જન્નતમાં પહોંચી જાય ! આ ઘમંડભર્યા વાક્યો સાંભળી હઝરત અલી رضی اللہ عنہએ ગરજતા અવાજમાં કહ્યું, હા ! હું છું ! આપે તલ્વારના એક જ વારમાં તેનું માથુ ફોડી નાખ્યું અને તે જમીન પર ઢગલો થઈ ગયો. ત્યાર બાદ તેનો ભાઈ ઉષ્માન બિન અબી તલ્હા આવ્યો અને તેના મુકાબલામાં હઝરત હમ્ઝા આવ્યા. અને તેના ખભા પર એવો જબરદસ્ત વાર કર્યો કે તલ્વાર કરોડના હાડકાને કાપી કમર સુધી પહોંચી ગઈ. ત્યાર પછી આમ જંગ શરૂ થઈ. ઈસ્લામી મુજાહિદો ઘણી જ બહાદુરી તથા દિલેરીથી લડતા રહ્યા ત્યાં સુધી કે મુશ્રિકોના પગ ઉખડી ગયા. મુસલમાનોના હુમલાઓએ તેમના છક્કા છોડાવી દીધા, કાફિરોની હાર થઈ. તેઓ મેદાન છોડી ભાગવા લાગ્યા અને મુસલમાનોએ તેમનો પીછો કર્યો. કાફિરોની હોશ હવાસ વિનાની હાલત તથા મુસલમાનોનો વિજયી હુમલો જોઈ તે ૫૦ તીરંદાઝ મુસલમાન જે દર્રા (એક સાંકડા રસ્તા) પર રાખવામાં આવ્યા હતા, આપસમાં એકબીજાને કહેવા લાગ્યા કે ચાલો ! આપણે પણ માલે ગનીમત લૂંટવામાં જોડાઈ જઈએ, હવે તો આપણો વિજય થઈ ગયો છે ! તેમના સરદાર અબ્દુલ્લાહ બિન જુબેર તેમને રોકતા રહ્યા અને રસૂલુલ્લાહ ﷺની હિદાયત યાદ અપાવતા રહ્યા, પરંતુ તે ટુકડીએ એક ન સાંભળી અને માલે ગનીમત લૂંટવામાં લાગી ગયા. ખાલિદ બિન વલીદે જે હજુ મુસલમાન ન થયા હતા અને કાફિરોના લશ્કરમાં સામેલ હતા, જ્યારે એ સાંકડો રસ્તો ખાલી થઈ ગયો તો મોકાને ગનીમત સમજીને તે રસ્તાથી મુસલમાનો પર હુમ્લો કરી દીધો. હઝરત અબ્દુલ્લાહ બિન જુબેરે પોતાના બચેલા સાથીઓની સાથે તેમનો મુકાબલો કર્યો, પરંતુ તે બધા જ શહીદ કરી દેવામાં આવ્યા. હવે શું હતું ? રસ્તો સાફ થઈ ગયો અને કાફિરો મુસલમાનો પર પાછળથી હુમ્લો કરવા લાગ્યા. જ્યારે મુસલમાનોએ પલટીને જોયું તો એવા હોશ હવાસ વિનાના થઈ ગયા કે તેમને પોતાનું તથા પરાયાનું પણ ભાન ન રહ્યું અને મુસલમાનોની તલ્વારો મુસલમાનો પર જ પડવા લાગી.

ઈસ્લામી લશ્કરના ઝંડાધારી હઝરત મુસ્અબ બિન ઉમૈર એક કાફિરના હાથે શહીદ કરી દેવામાં આવ્યા, તે રસૂલે કરીમ ﷺના બહુ મુશાબેહ (મળતા ઝુલતા) હતા. કાફિરોએ હોબાળો કરી નાખ્યો કે નઊઝુબિલ્લાહ ! મુહમ્મદ (ﷺ) શહીદ કરી દેવામાં આવ્યા. લોકો આ સાંભળતાં જ ઘણા પરેશાન થયા અને કેટલાક તો મેદાન છોડી ભાગી ગયા કે જ્યારે આપણા આકા જ ન રહ્યા તો આપણે લડીને શું કરીશું ?! અને કેટલાક સહાબાએ કિરામે ઘણા જ બહાદુરીથી લડવાનું શરૂ કરી દીધું કે જ્યારે આપણા આકા જ ન રહ્યા તો અમે જીવંત રહીને શું કરીશું ?! પરંતુ થોડીક જ વાર પછી ખબર પડી કે મુસલમાનોના આકા હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ સલામત છે, આ સાંભળી સહાબાએ કિરામના જીવમાં જીવ આવ્યો.

હુઝૂરે અકદસ ﷺની આજુબાજુ જાંનિષારોનો પહેરો હતો, પરંતુ એક બદ્બખ્તે

મજમાને ચીરીને રસૂલે આલી વક઼ાર ﷺ પર એવી તલ્વાર મારી કે હેલ્મેટની બે કળીઓ ચહેરા મુબારકમાં પેસી ગઈ અને દાંત મુબારક પણ શહીદ થઈ ગયા. તેમ છતાં રસૂલે કરીમ ﷺ પોતાના ચહેરા પરથી લોહી લૂછતા જતા અને તેમના હક્ક઼માં દુઆઓ કરતા.

આ લડાઈમાં તેત્રીસ કાફિર માર્યા ગયા અને સિત્તેર સહાબાએ કિરામ શહીદ થયા અને શહીદોમાં હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની શહાદત ઘણી મહત્વની હતી. હુઝૂર ﷺ પર તેની ઘણી અસર પડી. ઉપરથી એ કે અબૂ સુફયાનની પત્ની હિંદાએ તેમનું કલેજુ કાઢીને ચાવી લીધું હતું.

રસૂલે કરીમ ﷺએ સહાબાએ કિરામને ત્યાં જ દફન કર્યા અને મદીના તશરીફ લઈ આવ્યા અને આ જંગ નિર્ણયાત્મક સાબિત ન થઈ.

## ગઝવએ બની મુસ્તલિક઼

### *(શાબાન હિ.સ. ૫)*

રસૂલે અકરમ ﷺને જ્યારે એ ખબર મળી કે ક઼બીલાએ બની મુસ્તલિક઼નો સરદાર હારિષ બિન અલી ઝરાર મુસલમાનો સાથે લડવાની તૈયારી કરી રહ્યો છે અને મદીના પર હુમ્લો કરવા ચાહે છે. તો રસૂલે કરીમ ﷺએ ૨ શાબાન હિ.સ. ૫ના રોજ મદીના પર ઝયદ બિન હારિષાને પોતાના ખલીફ઼ા બનાવ્યા અને પોતે કબીલા બની મુસ્તલિક઼ની તરફ઼ ઈસ્લામી લશ્કર લઈને રવાના થઈ ગયા. આપે મુહાજિરીનના અલમબરદાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ને બનાવ્યા. અન્સારનો ઝંડો હઝરત સઅદ બિન ઓબાદાના હાથમાં આપ્યો અને હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ દળમાં હતા જે લશ્કરની આગળ આગળ ચાલી રહ્યું હતું. રસ્તામાં એક જાસૂસ મળ્યો જેને કાફિરોએ ભાવ કાઢવા માટે નિયુક્ત કરી રાખ્યો હતો. હઝરત ઉમર رضی اللہ عنہ એ એને ગિરફતાર કરી લીધો અને રસૂલે આ'ઝમ ﷺથી ઈજાઝત લઈને તેને ક઼ત્લ કરી નાખ્યો. આ સફરમાં આપની પાક બીવીઓમાંથી હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا તથા હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا સાથે હતાં.

જ્યારે હારિષ બિન ઝરાર અને તેમના સાથીઓને રસૂલે કરીમ ﷺની રવાનગી તથા જાસૂસના ક઼ત્લ થવાની ખબર મળી તો તેમના પર એક એવી ધાક છવાઈ ગઈ કે તેઓ તમામે તમામ ભાગી ગયા. રસૂલે કરીમ ﷺ ઈસ્લામી લશ્કરને લઈને આગળ વધતા રહ્યા મુરૈસીઅ સ્થળે રોકાયા. ત્યાં મુરૈસીઅના રહેવાસીઓ સાથે ઈસ્લામી લશ્કરનો સામનો થયો. તેઓ મુસલમાનો પર સતત તીરો વરસાવવા લાગ્યા. જ્યારે મુસલમાનોએ આ મન્ઝર જોયો તો એક સાથે મળીને તેમના પર હુમ્લો કર્યો. પ્રથમ જ હુમ્લામાં કાફિરોની હાર થઈ. દસ કાફિર માર્યા ગયા અને કોઈ મુસલમાન શહીદ ન થયો. હા ! કલ્બ બિન ઔફના એક શખ્સ હિશામ બિન સબાબા رضی اللہ عنہ ઔબાદા બિન સામત સહાબીની તલ્વારથી કત્લ થયા. તેમણે દુશ્મનનો માણસ સમજીને ભૂલથી ક઼ત્લ કરી નાખ્યા.

એ જંગમાં લગભગ ૭૦૦ કાફિરોને ગિરફતાર કરી દેવામાં આવ્યા. બે હજાર ઊંટ તથા પાંચ હજાર બકરીઓ માલે ગનીમતમાં મુસલમાનોને મળી.

આ જંગ મુરૈસીઅના સ્થાને થઈ જે મદીનાથી આઠ મંઝિલની દૂરી પર છે. એ જગાએ ખુઝાઆનું એક ખાનદાન બનુ મુસ્તલિક આબાદ હતું.

કબીલાનો એતબાર કરીને આ જંગને ગઝવએ બની મુસ્તલિક઼ કહેવામાં આવે છે અને મુરૈસીઅ સ્થળ તરફ઼ નિસ્બત કરીને તેને ગઝવએ મુરૈસીઅ પણ કહે છે. ......(ક્રમશઃ)

# ઇખ્તિયારાતે મુસ્તફા ﷺ

હપ્તો 03

અઝ : મુફ્તી સુબ્હાનલ્લાહ ક઼ાદરી અમજદી બનારસી رحمۃ اللہ علیہ
અનુવાદક : મૌલાના મુહમ્મદઅશરફ હાશમી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ

## દુનિયાની ચાવીઓ તથા અન્ય અધિકારો

**હદીષ-૧૫** : ઈમામ અહમદ તથા અબૂબક્ર બિન શૈબા હઝરત અલીએ મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રાવી છે કે હુઝૂરે અક઼દસ علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે :–

"મને અતા થયું જે મારા પહેલાં કોઈ નબીને ન મળ્યું. રોઅબથી (પ્રભાવથી) મારી મદદ ફર્માવવામાં આવી તથા મને બધી જમીનની ચાવીઓ અતા થઈ." *(મુસ્નદે અહમદ, ૧/૯૮)*

**હદીષ-૧૬** : ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું :–

بَیْنَمَا اَنَا نَائِمٌ اِذْ جِئْی بِمَفَاتِیْحِ خَزَائِنِ الْاَرْضِ فَوُضِعَتْ فِیْ یَدَیَّ

"હું સૂઈ રહ્યો હતો કે બધી જમીનના ખજાનાઓની ચાવીઓ લાવવામાં આવી અને મારા હાથમાં મૂકી દેવામાં આવી." *(બુખારી : ૧/૪૧૮, મુસ્લિમ : ૧/૧૯૯, મિશ્કાત, પેજ : ૫૧૨)*

**હદીષ-૧૭** : ઈમામ અહમદ તથા ઈબ્ને હબ્બાન, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રાવી કે હુઝૂર અક઼દસ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું :–

"દુનિયાની ચાવીઓ કાબર ચિતરા ઘોડા ઉપર મૂકીને મને આપવામાં આવી. જિબ્રઈલ લઈને આવ્યા. તેના ઉપર રેશ્મી નકશીકામવાળુ ઝીન પડેલુ હતું." *(મુસ્નદે અહમદ, ૩/૩૨૮, તરગીબુલ મુન્ઝરી : ૪/૧૯૭)*

**હદીષ-૧૮** : અબૂ નુઐમ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રાવી છે કે હુઝૂર ﷺ નાં વાલિદા માજિદા ફર્માવે છે કે જ્યારે હુઝૂર મારા પેટથી પૈદા થયા તો મેં જોયું કે સજદામાં છે. પછી એક સફેદ વાદળે આકાશમાંથી આવીને હુઝૂર ﷺ ને ઢાંકી લીધા કે મારી સામેથી ગાયબ થઈ ગયા. પછી તે પડદો ખસ્યો તો શું જોઉં છું કે એક ઉની સફેદ કપડામાં લપેટાયલા હતા અને લીલા રંગનું રેશમી બિછોનું બિછાવેલુ છે. અને એક કહેવાવાળો કહી રહ્યો છે કે નુસ્રત (મદદ), નફો તથા નબુવ્વતની ચાવીઓ ઉપર મુહમ્મદ ﷺ એ કબજો ફર્માવ્યો. પછી બીજા વાદળે આવીને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને ઢાંકી લીધા કે મારી નજરોથી સંતાઈ ગયા પછી રોશન થયા તો શું જોઉં છું કે એક લીલા રેશમનું લપટાયેલુ કપડુ હુઝૂર ﷺ ની મુઠ્ઠીમાં છે અને કોઈ પુકારવાવાળુ પુકારી રહ્યુ છે : "વાહ ! વાહ ! આખી દુનિયા મુહમ્મદ ﷺ ના કબજામાં આવી ! દુનિયાની કોઈ મખ્લૂક઼ એવી ન રહી જે એમના ક઼બજામાં ન આવી. *(અલ્ ખસાઈસુલ કુબ્રા લિસ્સુયુતિ, ૧/૪૮, મર્ક઼ઝે બરકાતે રઝા–પોરબંદર, હુજ્જતુલ્લાહ અલલ આલમીન લિન્નબહાની, ૧/૧૬૭,૧૬૮)*

**હદીષ-૧૯** : ઈબ્ને અબ્દ રબહ બેહજતુલ મજાલિસમાં રાવી છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે :–

"ક઼યામતના દિવસે સિરાત પાસે એક મિમ્બર બિછાવવામાં આવશે પછી એક ફરિશ્તો તેના પહેલા પગથિયા ઉપર ઉભો રહીને પુકારશે, હે મુસલમાનોની જમાઅત ! જેણે મને ઓળખ્યો તેણે ઓળખ્યો અને જેણે ન ઓળખ્યો (તે ઓળખી લે), હું માલિક, દોઝખનો દરવાન છું. અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે જહન્નમની ચાવીઓ મુહમ્મદ ﷺને દઈ દઉં અને મુહમ્મદ ﷺનો હુકમ છે કે અબૂબક્ર સિદ્દીક઼ને સોંપી દઉં. હા ! ગવાહ થઈ જાવ, હા ! હા ! ગવાહ થઈ જાવ. પછી એક બીજો ફરિશ્તો બીજા પગથિયા ઉપર ઉભો રહીને પુકારશે, હે મુસલમાનની જમાઅત ! જેણે મને જાણ્યો એણે જાણ્યો અને જેણે ન જાણ્યો (તે જાણી લે), હું રિઝવાન, જન્નતનો દરવાન છું. અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે જન્નતની ચાવીઓ મુહમ્મદ ﷺને દઈ દઉં, અને મુહમ્મદ ﷺનો હુકમ છે કે અબૂબક્રને સોંપી દઉં. હા ! હા ! ગવાહ થઈ જાવ, હા ! હા ! ગવાહ થઈ જાવ.

**હદીષ-૨૦** : ઈમામ દારમી હઝરત અનસ رحمۃ اللہ علیہથી રાવી છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :-

اَنَا اَوَّلُ النَّاسِ خُرُوجاً اِذَا بُعِثُوا وَاَنَا قَائِدُ هُمْ اِذَا وَفَدُوا وَاَنَا خَطِيبُهُمْ اِذَا اُنصِتُوا وَاَنَا مُشَفِّعُهُمْ اِذَا حُبِسُوا وَاَنَا مُبَشِّرُهُمْ اِذَا اَيِسُوا اَلْكَرَامَةُ وَالْمَفَاتِيحُ يَوْمَئِذٍ بِيَدِىْ وَلِوَاءُ الْحَمْدِ يَوْمَئِذٍ بِيَدِىْ

"હું સૌથી પહેલાં ક઼બ્રથી બહાર આવીશ જ્યારે લોકો ઉઠાડવામાં આવશે. અને હું તેમનો મુખીયો છું જ્યારે તે હાજર થશે. અને હું તેમનો ખતીબ છું જ્યારે તેઓ પરેશાન હશે. અને હું તેમનો શફીઅ (શફાઅત કરવાવાળો) છું જ્યારે તેઓ કૈદી હશે. અને હું ખુશખબરી દેવાવાળો છું જ્યારે તેઓ નાઉમ્મીદ હશે. ઈજ્જત તથા ચાવીઓ તે દિવસે મારા હાથમાં છે તથા લિવાઉલ હમ્દ તે દિવસે મારા હાથમાં હશે." *(સુનને દારમી : ૧/૩૦, હદીષ અકાદમી, ફૈસલાબાદ, તિર્મિઝી : ૨/૨૦૧, મજલિસે બરકાત, મુબારકપુર, મિશ્કાત, પેજ-૫૧૪)*

એટલા માટે શૈખ મુહક્કિક઼ અલ્લામા શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ મદારિજુન્નબુવ્વતમાં ફર્માવે છે :-

"તે દિવસે જાહેર થઈ જશે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام માલિકે યવમિદ્દીન (ખુદાવંદે કરીમ)ના નાઈબ છે અને ક઼યામતના દિવસના માલિક છે, અને અલ્લાહ તઆલાની ઈનાયતથી તેમનો જ હુકમ જારી થશે."

**હદીષ-૨૧** : તિબ્રાનીએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી رحمۃ اللہ علیہથી રિવાયત કરી. સૈયદે આલમ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺએ સૂરજને હુકમ આપ્યો કે થોડીવાર ચાલવાથી રોકાય જાય તો તે તરત જ થોભી ગયો. *(અલ્ ખસાઈસુલ કુબ્રા, લિસ્સુયૂતી : ૨/૮૨)*

**હદીષ-૨૨** : તિબ્રાની વગેરેએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના વિશે (જ્યારે કે તે હઝરત હસ્નૈન رضی اللہ عنہના માટે કાંઈક ખાવાની વસ્તુ લઈને ખિદમતે અક઼દસ ﷺમાં હાજર થયા) આ ઈર્શાદ ફર્માવ્યો :-

كَفَاكَ اللّٰهُ اَمَرَ دُنْيَاكَ وَاَمَّا اٰخِرَتُكَ فَاَنَا لَهَا ضَامِنٌ

"અલ્લાહ તબારક વ તઆલા તારા દુનિયાનાં કામો સીધાં કરી આપે અને તારી આખેરતના મામલાનો તો હું જિમ્મેદાર છું." *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૩૩૫૦૩, ૨/૧૨૧૦, બૈતુલ અફકાર)*

**હદીષ નં. ૨૩ :** તિબ્રાની તથા ઈબ્ને અસાકિર સૈયદા બતુલ ઝહ્‌રા رضی اللہ عنہاથી રાવી કે શહઝાદીએ રસૂલ ﷺ પોતાના બંને છોકરાઓને લઈને પોતાના વાલિદે કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આ બંને મારા પુત્રો છે તેમને પોતાના વારસામાંથી કાંઈક આપો ! ઈર્શાદ થયો :

**اَمَّا حَسَنٌ فَلَهٗ هَيْبَتِىْ وَسُؤْدُدِىْ وَاَمَّا حُسَيْنٌ فَلَهٗ جُرْاَتِىْ وَجُوْدِىْ**

"હસન માટે તો મારી હૈબત (ડર) છે અને મારી સરદારી છે અને હુસૈન માટે મારી બહાદુરી તથા મારો કરમ છે."

*(અલ બિદાયહ વન્નિહાયહ, ૫/૬૫૫, દારુલ ફિક્ર, બૈરૂત, ઈ.સ. ૧૯૯૭, તારીખે ઈબ્ને અસાકિર : ૧૩/૨૨૯,૨૩૦, દારુલ ફિક્ર, બૈરૂત, ઈ.સ. ૧૯૯૫)*

**હદીષ-૨૪ :** અઅ્‌શા માઝની رضی اللہ عنہ નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં પોતાના અમુક સગાંઓની ફરિયાદ લઈને હાજર થયા અને પોતાની કવિતામય અરજી પેશ કરી જેની શરૂઆત આ પંક્તિથી હતી :–

**يَا مَلِكَ النَّاسِ وَدَيَّانَ الْعَرَبِ** "હે સર્વ માણસોના માલિક અને હે અરબને જઝા તથા સજા આપવાવાળા."

*–(મઆનિયુલ આષાર વલ અસાબા લિબ્ને હજર : ૪/૯)*

**નોંધ :** આ હદીષોથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના નાયબે અકબર ﷺને જમીન તથા જહન્નમ, જન્નત તથા દુનિયા, મદદ તથા ફાયદાની ચાવીઓ અતા ફર્માવી છે. તેમજ એ કે આકાશ તથા જમીનમાં તેમનો હુકમ જારી છે અને સર્વ મખ્લૂક઼ ઉપર તેમનું આજ્ઞાપાલન જરૂરી છે. જેને જે ચાહે અલ્લાહ તઆલાના હુકમથી અતા ફર્માવે.

દરેક વસ્તુ હુઝૂર ﷺના ફર્માનની હેઠળ છે.

**ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ**

**વહી નૂરે હક઼ વહી ઝિલ્લે રબ,**
**હૈ ઉન્હીં સે સબ હૈ ઉન્હીં કા સબ**
**નહીં ઉન્કી મિલ્કમેં આસ્માં,**
**કે ઝમીં નહીં કે ઝમાં નહીં**

–(આ'લા હઝરત رضی اللہ عنہ)


**ચાલો દયાદરા**
**૨૨ ડિસે. ૨૦૧૭**
**જુમ્આ, ઈશા બાદ**
:: **સ્થળ** ::
અકુજી હોલ સામે,
ટાંકી પાસે, મુા. **દયાદરા**
તા. જિ. ભરૂચ
મો. ૯૪૨૭૫ ૮૨૩૩૨
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હાશિમ સાદિક બાજીભાઈની શાદીના નૂરાની પ્રસંગે**
**જશ્ને ગૌષે આ'ઝમ** رضی اللہ عنہ

મુક઼ર્રિરે ખુસૂસી આલે રસૂલ શહનશાહે ખિતાબત હઝરત મૌલાના સૈયદ
**અમીનઅલી ક઼ાદરી**
(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)

ક઼ારીએ ખુશ ઈલ્હાન મશ્હૂર નઅતખાં જનાબ ક઼ારી
**રિયાઝુદ્દીન અશરફી**
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

**તેમજ અન્ય સાદાતે કિરામ ઉલમાએ એઝામ તથા હુફ્ફાઝ, ઈમામો, મુબલ્લિગોના કાફ્લા તશરીફ લાવશે.**

**અદાઈ : જનાબ હાજી દાઉદ મૂસા બાજીભાઈ તથા સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 2 પયગમ્બરે ઈસ્લામ ﷺ

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)

### ★ શફ્કત (પ્રેમભાવ) તથા રહ્મત ★

અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર રહ્મતે આલમ ﷺની શાનમાં ફર્માવે છે કે :–

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ۝۱۰۷

"અને નથી મોકલ્યા અમે તમને પણ સર્વ જહાનો માટે રહમત બનાવીને."

–(સૂ. અંબિયા, ૨૧/૧૦૭)

એટલા માટે સર્વ મખ્લૂકાત આપની રહ્મતથી ફાયદો ઉઠાવી રહી છે. જેવું કે નીચેના ટૂંકા વર્ણનથી સ્પષ્ટ થશે.

### ★ ઉમ્મત પર પ્રેમ ભાવ તથા રહ્મત ★

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ۝۱۲۸

"અલ્બત્ત ! બેશક ! તમારામાંથી એક પૈગંબર તમારા પાસે આવ્યા છે. તમારી તકલીફ જોઈ એમને ઘણુ જ દુ:ખ થાય છે. એમને તમારી હિદાયત અને સુધારણાની લાલચ છે, એઓ ઈમાનવાળાઓ પર ઘણા જ મહેરબાન અને દયાળુ છે."

–(સૂરએ તૌબા, ૯/૧૨૮)

આ આયતમાં અલ્લાહ સુબ્હાનહૂએ પોતાના હબીબેપાક ﷺના સદ્ગુણોનું વર્ણન કરતાં બતાવ્યું કે ઉમ્મતની તકલીફ જોઈ એમને પોતાને ઘણુ જ દુ:ખ થાય છે. એમને રાત દિવસ એક જ ઈચ્છા લાગી છે કે મારી ઉમ્મત સીધા રસ્તા ઉપર આવી જાય. આપના જીવનચરિત્રના અભ્યાસથી સ્પષ્ટ જણાય છે કે આપે ઉમ્મતને હિદાયતના માટે કેવી કેવી મુસીબતો, તકલીફો ઉઠાવી છે. સખતમાં સખત મુસીબતો પહોંચાડવા છતાં પણ આપે બદ્દુઆ ન કરી બલ્કે હિદાયતની જ દુઆ કરી. ઈમાનવાળાઓ ઉપર આપની શફ્કત (મહેરબાની) રહમ (કૃપા) જાહેર જ છે, અને એટલા જ માટે આપ કોઈ પ્રસંગે ઉમ્મતને ભૂલ્યા નથી. સ્પષ્ટતા ખાતર કેટલાક દષ્ટાંતો રજૂ કરીએ છીએ :–

જે દિવસે આસ્માન ઉપર વાદળોની ગાજવીજ હોય, ખરાબ હવામાન વેળા હવાનું તોફાન હોય તેવા સમયે આપ علیہ الصلوٰۃ والسلامના ચહેરા મુબારક પર ફિક્ર, ચિંતા, ગમગીનીની નિશાનીઓ દેખાતી, અને આપ કદી આગળ વધતા, કદી પાછળ હટતા જેવું કે કોઈ વ્યક્તિ ચિંતામાં હોય ત્યારે કરે છે. પછી જ્યારે વરસાદ વરસતો તો આપ ખુશ થતા અને ગમ, ચિંતા દૂર થઈ જતી. હઝરત સૈયદા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, મેં એક દિવસે આપને એનું કારણ પૂછયું, તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હું ડરુ છું કે ખુદા ન કરે (કૌમે આદની જેમ) આ અઝાબ હોય જે મારી ઉમ્મત પર નાઝિલ થયો હોય. (સહીહ મુસ્લિમ, કિતાબુલ્ ઈસ્તિસ્કા)

### ★ ઉમ્મતની મહોબ્બતમાં રસૂલુલ્લાહ ﷺની દુઆ ★

હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા

## ★ ઉમ્મતની બખ્શિશ માટે રડી રડીને દુઆ ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસનું બયાન છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ અલ્લાહ તઆલાનું ફર્માન હઝરત ઈબ્રાહીમ علیہ السلامની નિસ્બતથી છે : رَبِّ اِنَّهُنَّ اَضْلَلْنَ كَثِيْرًا مِّنَ النَّاسِ (સૂ. ઈબ્રાહીમ, ૧૪/૩૬) આયતની અંત સુધી. અને ઈસા (علیہ السلام)ની નિસ્બતની નીચેની આયત તિલાવત કરી :–

اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ ۚ وَ اِنْ تَغْفِرْ لَهُمْ فَاِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝۱۱۸

*(સૂ. અલ્મદીના, ૫/૧૧૮)*

પછી પોતાના બંને હાથ ઉઠાવી આ પ્રમાણે દુઆ કરી : હે અલ્લાહ ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! પછી આપ રડી પડયા. અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ علیہ السلامને હુકમ કર્યો કે જાવ ! મારા હબીબ મુહમ્મદ ﷺ પાસે (જો કે તમારો રબ ખૂબ જાણે છે) પૂછો કે તે શા માટે રડે છે ? હઝરત જિબ્રઈલ علیہ السلامએ આવી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ બાબતે આપને રડાવ્યા ? આપનો રબ પૂછે છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પોતાની ઉમ્મતની બખ્શિશની ચિંતા રજૂ કરી. હઝરત જિબ્રઈલ علیہ السلامએ રબ તઆલાની બારગાહમાં આપનો જવાબ બયાન કર્યો. (જો કે અલ્લાહ તઆલાને ખૂબ જ ઈલ્મ છે) અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો, હે જિબ્રઈલ ! જાવ ! મારા મહબૂબને કહો કે અમે આપને આપની ઉમ્મતની બાબતે જરૂર રાજી કરીશું, ગમગીન નહીં કરીએ. *(સહીહ મુસ્લિમ, પ્રકરણ : દુઆ નબીની ઉમ્મત માટે)*

## ★ જેનું કોઈ નહીં તેના વાલી રસૂલ ! ﷺ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું બયાન છે કે આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ આ પ્રમાણે દુઆ માગી :–

"હે અલ્લાહ ! જે વ્યક્તિને મારી ઉમ્મતના કોઈ કામનો વાલી (હાકિમ), તસર્રુફ કરનાર બનાવવામાં આવે અને તે તેમને મુસીબતમાં મૂકે તો તું તે વાલીને મુસીબતમાં મૂકી દે. અને જેને મારી ઉમ્મતના કોઈ કામનો વાલી બનાવે અને તે ઉમ્મત પર નરમીથી વર્તણૂંક કરે, તો તું તે વાલીથી નરમીનું વર્તન કર."

રસૂલુલ્લાહ ﷺને જેહાદનો એટલો શોખ હતો કે આપ ઈચ્છતા હતા કે હું વારંવાર શહીદ થઈ જિંદગી મેળવતો રહું.

مَا كَانَ لِاَهْلِ الْمَدِيْنَةِ وَ مَنْ حَوْلَهُمْ مِّنَ الْاَعْرَابِ اَنْ يَّتَخَلَّفُوْا عَنْ رَّسُوْلِ اللّٰهِ وَ لَا يَرْغَبُوْا بِاَنْفُسِهِمْ عَنْ نَّفْسِهٖ ؕ

"મદીનાવાળાઓ અને તેની આજુબાજુ રહેનારાઓને એ શોભતું નથી કે તે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની પાછળ બેસી રહે, અને ન એ કે તે પોતાના જીવને તેમના જીવથી વહાલો જાણે."

*–(સૂરએ તૌબા, ૯/૧૨૦)*

ઘોડા, ઊંટ વગેરે યુદ્ધનો સામાન, મુજાહિદો (મદીનામાં રહેનારા) પાસે પૂરતો ન હતો એટલા માટે દરેક જ સરાયામાં ઈસ્લામી સૈન્યમાં એ વિચારીને તશરીફ લઈ જતા ન હતા કે જો હું દરેક લશ્કરમાં સાથે જઈશ તો મુસલમાનોની એક જમાઅત પાછળ રહી જશે. કારણ કે મારી પાસે એટલી બધી સંખ્યામાં ઘોડા, ઊંટ નથી કે દરેકને સવારી આપી મારી સાથે લઈ જઈ શકું અને ન તો એ લોકોની એ શક્તિ છે કે તેઓ પોતાની સવારી લાવી મારી સાથે આવી શકે છે. એ રીતે પાછળ રહી જનાર ગુનેહગાર ઠરશે અને તેમનાં દિલો તૂટી જશે. *(સહીહ મુસ્લિમ, પ્રકરણ : ફઝાઈલે જિહાદ)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે મો'મિન (ઈમાનવાળાઓ) મૃત્યુ પામે અને પાછળ માલ છોડી જાય તો તે એના વારસદારોને મળવો જોઈએ. અને જે મો'મિન મૃત્યુ પામે અને તે પોતાની પાછળ કરજદાર (દેવાદાર), મોહતાજ બાળબચ્ચાં છોડી જાય તેણે જોઈએ કે લેણદાર અથવા તેના બાળબચ્ચાં મારી પાસે આવે, કારણ કે હું એમનો વાલી છું અને કિફાલત (જામિન) કરનાર છું. *(સહીહ બુખારી ફીલ ઈસ્તેક઼રાઝ, બાબુસ્સલાત)*

### ★ ઉમ્મતની તકલીફના ખયાલ વિશે દષ્ટાંતો ★

❑ રસૂલે કરીમ ﷺએ ત્રણ રાત સુધી તરાવીહની નમાઝ સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعینને પઢાવી. ચોથી રાતે વધુ પ્રમાણમાં સહાબાએ કિરામ મસ્જિદમાં ભેગા થયા અને સરકાર علیہ السلامની રાહ જોઈ બેસી રહ્યા. પરંતુ હુઝૂર ﷺ તશરીફ ન લાવ્યા, સવારની નમાઝ પછી આપ ﷺએ આ પ્રમાણે તક઼રીર કરી :–

અમ્માબાદ ! તમારા મસ્જિદમાં ભેગા થવા અંગે મને ખબર હતી જ, મારાથી છુપુ ન હતું. પરંતુ ડર લાગ્યો કે ક્યાંક તમારા ઉપર આ નમાઝ ફર્ઝ ન થઈ જાય ! વળી પછી તમે એને પઢી ન શકો (પઢવાથી આજિઝ આવી જાવ). *(બુખારી શરીફ, કિતાબુલ જુમ્આ)*

❑ તરાવીહની નમાઝની જેમ બીજા કેટલાક અમલોને આપ علیہ الصلوٰۃ والسلامએ ફક્ત એ ડરથી જ છોડી આપ્યા કે ક્યાંક એ ઉમ્મત પર ફર્ઝ ન થઈ જાય. જેમ કે દરેક નમાઝ પછી મિસ્વાક કરવું, ઈશાની નમાઝ મોડામાં મોડી પઢવી, અને સૌમે વિસાલ (ઈફતાર કર્યા વિના લગાતાર રોઝા રાખવા) એ કામોમાં સરકાર علیہ الصلوٰۃ والسلامએ હમેશાં કરવાનું એ જ ડરથી છોડયું કે ઉમ્મત પર ફર્ઝ થઈ જશે તો તેઓ કરી શકશે નહીં અને ગુનેહગાર ઠરશે.

આ રીતે વિચારવું અને વર્તવું એ ઉમ્મતની ઉપર રહમ (મહેરબાની)ને લઈને જ હતું, આપ પોતાની ઉમ્મત માટે દીન અને દુનિયામાં આસાની જ ઈચ્છતા હતા. જેમ કે અલ્લાહ તઆલા આપને ઉમ્મત માટે બે હુકમોમાંથી એક પસંદ કરવા હુકમ ફર્માવતો તો તેમાંથી આસાનને પસંદ ફર્માવતા, પરંતુ ખ્યાલ એ રાખતા કે તે આસાન રસ્તો ગુનાહ તરફ લઈ જનાર ન હોય. અને એવું હોય તો આપ તો સૌથી વધુ એબથી દૂર રહેનાર હતા. *(સહીહ બુખારી, બાબ : ક઼ૌલન્નબી ﷺ યસ્સિરુવલા તુઅસ્સિર, કિતાબુલ અદબ, હદીષ : ૬૧૨૬)*

❑ મેઅરાજની રાત્રે પ્રથમ પચાસ નમાઝો ફર્ઝ થઈ. બારગાહે ઈલાહીમાંથી પાછા ફરતાં છઠ્ઠા આસ્માન પર હઝરત સૈયદના મૂસા علیہ السلامથી મુલાકાત થઈ. તેમણે આપથી પૂછયું, બારગાહે ઈલાહીથી શો હુકમ મળ્યો ? આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ઉમ્મત માટે દરરોજ પચાસ નમાઝોનો હુકમ મળ્યો છે. હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હુઝૂર ! આ ઉમ્મતનું વજન ઓછુ કરાવો સરકાર ! એ નહીં પઢી શકે. આપ ﷺ વારંવાર બારગાહે ઈલાહીમાં પહોંચતા રહ્યા અને પચાસની પાંચ કરાવી અને તેના પર ખુશ થઈ ગયા. *(સહીહૈન)*

જ્યારે શબે મેઅરાજમાં હુઝૂર સરવરે દો આલમ علیہ الصلوٰۃ والسلام મક઼ામે કા'બ કૌસૈન પહોંચ્યા તો અલ્લાહ ﷻ તરફથી આપ પર આ મુજબ સલામ પહોંચી :–

اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

**અર્થાત** : હે નબી ! તમારા ઉપર સલામ અને અલ્લાહની રહ઼મત અને બરકતો.

એના જવાબમાં આપે અર્ઝ કરી :–

اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ

**અર્થાત** : સલામ અમારા ઉપર અને અલ્લાહના નેક બંદાઓ ઉપર.

આ જવાબમાં ઈબાદુસ્સાલિહીન (નેક બંદાઓ)ને અલગથી યાદ કરીને ઉમ્મતના ગુનેહગારોને પોતાની અપાર મહેરબાનીથી પોતાની

સાથે સામેલ કરી લીધા અને એટલા જ માટે (અલૈના) બહુવચનમાં વાપર્યું.

હઝરત જાબિર رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે, મારી અને મારી ઉમ્મતની હાલત એવી છે કે જેણે આગ સળગાવી અને તેમાં તીડો અને પતંગિયા ઉડી આવી આવીને અંદર પડવા લાગ્યાં અને તે વ્યક્તિ તેને ઉડાડતો હતો. બસ, એ જ રીતે હું કમરથી પકડી પકડીને આગથી બચાવવાવાળો છું, અને તમે (ઉમ્મત) મારા હાથથી છૂટી જાવ છો (અને છૂટીને આગમાં કૂદવા ચાહો છો). *(સહીહ મુસ્લિમ)*

## ★ હે મારા રબ ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! ★

કયામતના દિવસે લોકો શફાઅતની આશાએ એક પછી એક બીજા નબીઓની બારગાહોમાં હાજર થશે, પરંતુ તેઓ દરેક એ જ કહેશે કે આજે અમારી કોઈ જ હિંમત નથી કે અમે તમારી મદદ કરી શકીએ. છેવટે હુઝૂર રહ્‌મતે આલમ, શફીઉલ મુઝનબીન ﷺની બારગાહમાં હાજર થઈ અર્ઝ કરશે. આપ અલ્લાહની હમ્દો ષના પછી સિજદામાં જઈ અર્ઝ કરશે. રબ્બિ કરીમ સુબ્હાનહૂ વ તઆલાનો હુકમ થશે, હે મહબૂબ ! સિજદામાંથી માથુ ઉઠાવો, માગો જે માગશો તે આપવામાં આવશે ! શફાઅત કરો ! શફાઅત કુબૂલ કરવામાં આવશે. એ વખતે આપ આ અર્ઝ કરશે, યા રબ્બિ ઉમ્મતી, ઉમ્મતી. (હે મારા રબ ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત !) *(સહીહૈન)*

અત્યારે આલમે બરઝખમાં ઉમ્મતના અમલો (નેક, બુરાં કામો) આપની સમક્ષ દરરોજ રજૂ કરવામાં આવે છે. નેક કાર્યો જોઈ ખુશ થાય છે, અને બુરાં કાર્યો જોઈ આપ બખ્શિશની દુઆ કરે છે.

ઉમ્મત પ્રત્યે આટલી મહોબ્બત નબી કરીમ ﷺ રાખી રહ્યા છે, તો ઉમ્મતની પણ કાંઈક ફરજ બને છે કે નહીં ?! તે ખુદા તથા રસૂલે પાક ﷺ ખુશ થાય તેવા અમલો કરે અને તેમને નારાજ કરે તેવાં કામોથી દૂર રહે, એ જ વફાદાર ઉમ્મતની ફરજ છે. રબ તઆલા તૌફીક બખ્શે. *—ક્રમશઃ*


## ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર !

**ભાવનગરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા**

**હઝરત મૌલાના સૈયદ મો'મિન અકબર બાપુની સદારતમાં**

| | |
|---|---|
| અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી<br>હઝરત મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબ | હઝરત મૌલાના સૈયદ અમીનઅલી સાહબ<br>કાદરી (નિગરા : SDI માલેગાંવ) |
| બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી<br>રિઝવાનખાન સાહબ (મુંબઈ) | મશ્હૂર નઅતખાં જનાબ કારી<br>રિયાઝુદ્દીન અશરફી સાહબ (મુંબઈ) |

કબ ? **તા. ૨૩-૧૨-૨૦૧૭ શનિવાર** (બહેનો માટે) (ઝહોરથી ઈશા સુધી)

કબ ? **તા. ૨૪-૧૨-૨૦૧૭ રવિવાર** (ભાઈઓ માટે સવારના ૧૨ થી રાતના ૧૦ સુધી)

કહાં ? વાદીએ રઝા, શાંતિલાલ શાહ ક્રિકેટ ગ્રાઉન્ડ, **ભાવનગર**

**અદ્દાઈ ? : સુન્ની દા'વતે ઈસ્લામી ભાવનગર શાખા (ભાવનગર),** મો. ૯૮૭૯૩૪૦૦૭૩, ૯૪૨૭૪૩૧૪૪૩, ૯૧૭૩૦૫૦૨૯



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ અરફાની રાતના અમલો ★

પછી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે જે શખ્સ અરફાના દિવસે છ રકાત નમાઝ એ પ્રમાણે અદા કરે કે પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા પછી "વલ્અસ્ર" એકવાર. બીજીમાં સૂરએ ફાતિહા પછી "લિ ઈલાફિ કુરૈશ" એક વાર. ત્રીજીમાં સૂરએ ફાતિહા પછી સૂરએ કાફિરૂન એકવાર. ચોથીમાં સૂરએ ફાતિહા પછી "ઈઝાજાઅ નસ્રુલ્લાહ" એકવાર. પછી સલામ ફેરવે ત્યાર બાદ બે રકાત એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી સૂરએ ઈખ્લાસ ત્રણ વાર પઢે. જો તમામ મખ્લૂક પણ ભેગી મળીને તેની ફઝીલત વર્ણવે તો પણ નથી વર્ણવી શકતી.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ ઝિલહજજની અરફાની રાતમાં બે રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી આયતુલ કુર્સી સો વાર પઢે. તો હક્ક તઆલા હુકમ આપે છે કે હજાર હજનો સવાબ તેના આમાલનામામાં લખવામાં આવશે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું અજમેરમાં અમુક સમય હઝરત શૈખુલ ઈસ્લામ ખ્વાજા મુઈનુદ્દીન સંજરી قدس سرہના રોઝા મુબારક પર મોઅતકિફ હતો તો મને આ સદનસીબી હાંસલ થઈ. જેમ કે અરફાની એક રાતે રોઝા મુબારકની પાસે નમાઝ અદા કરી અને ત્યાં જ કલામુલ્લાહમાં મશગૂલ થઈ ગયો. થોડી રાત પસાર થઈ હતી એટલામાં મેં પંદર પારા ખત્મ કરી લીધા. મને બરાબર યાદ નથી, સૂરએ કહફમાં કે સૂરએ મરયમમાં મારાથી એક હરફ છૂટી ગયો. હઝરત મખ્દૂમના રોઝાએ મુબારકથી અવાજ આવ્યો કે આ હર્ફ છોડી ચૂક્યા છો, એને ફરી પઢો ! બીજીવાર અવાજ આવ્યો, તું ઉમદા પઢી રહ્યો છે, ખલફુર્રશીદ આવું જ કર્યા કરે છે. જ્યારે હું કુર્આન શરીફ ખત્મ કરી ચૂક્યો તો ખ્વાજા સાહબની પાયતી ચૂમીને રડીને દુઆ કરી, મને ખબર નથી કે હું ક્યા ગિરોહ (ગ્રુપ)થી છું. એ જ ફિકરમાં હતા કે રોઝએ મુબારકથી અવાજ આવ્યો, મૌલાના ! જે શખ્સ નમાઝ પઢે છે હકીકતમાં બખ્શાયેલાઓમાંથી છે. ફરી ખ્વાજા સાહબની બારગાહમાં ઝુકી ગયો તો જાણવા મળ્યું કે હું બરાબર એ જ ગિરોહમાંથી છું જેવું કે ફર્માવ્યું હતું. થોડીકવાર પછી હું ત્યાંથી નીકળ્યો અને ઘણી બધી નેઅમતો હાંસલ કરીને પરત ચાલ્યો આવ્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ અરફાના દિવસે ચાર રકાત નમાઝ ઝોહર બાદ અને અસરથી પહેલાં એ રીતે અદા કરે છે કે દરેક રકાતમાં ૫૦ વાર સૂરએ ઈખ્લાસ પઢે અને ફારિગ થઈને હજાર વાર સૂરએ ઈખ્લાસ પઢે તો અલ્લાહ તઆલાથી જે કાંઈ માગે તે એને મળી જાય છે.

પછી ફર્માવ્યું કે અરફાના દિવસે આ કલેમા સો વાર પઢે :–

**بِسمِ اللّٰـهِ ما شاء اللّٰه لا موت الخير الااللّٰه۔ بِسمِ اللّٰهِ ماشاء اللّٰه الخير كلمه بيد اللّٰه۔ بِسمِ اللّٰهِ ماشاء اللّٰه لا يصرف السوءِ الا اللّٰه۔ بِسمِ اللّٰهِ ما هنامن نغمة فمن اللّٰه۔ بِسمِ اللّٰهِ ماشاء اللّٰه لا حول ولاقوة الاباللّٰه۔**

સરકારે કાઈનાત ﷺ ફર્માવે છે કે જે શખ્સ અરફાના દિવસે સૂર્યાસ્ત પહેલાં આ કલેમાને ૧૦૦ વાર પઢે તો અલ્લાહ તઆલા એ વાતની મુનાદી (એલાન) કરાવે છે કે હે બંદા ! તેં મને ખુશ કર્યો, હવે જે ચાહે છે તે મારાથી માગ ! જે બંદો આ કલેમાને સૂતી વખતે અથવા જાગતી વખતે પઢે તો અલ્લાહ તઆલા તેને બલાઓથી મેહફૂઝ રાખે છે અને તે શૈતાનની બુરાઈથી હિફાઝતમાં રહે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈદે અદ્‌હાની રાતમાં બાર રકાત નમાઝ અદા કરવાનો હુકમ આવ્યો છે. દરેક રકાતમાં સૂ. ફાતિહા એકવાર, સૂરએ ઈખ્લાસ પાંચ વાર પઢે. એનો સવાબ બેહદ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈદે અદ્‌હાના દિવસે નમાઝથી ફારિગ થાય તો ખુત્બો સાંભળ, અને ખુત્બા બાદ ચાર રકાત નમાઝ એ રીતે પઢ કે પહેલી રકાતમાં સૂ. ફાતિહા પછી "અલમ નશ્રહ" એકવાર, બીજી રકાતમાં સૂ. ફાતિહા બાદ "વલ્મુરસલાત" એકવાર, ત્રીજી રકાતમાં સૂ. ફાતિહા બાદ "વદ્‌દુહા" એકવાર, ચોથીમાં સૂ. ફાતિહા બાદ સૂ. ઈખ્લાસ એકવાર પઢે.

ત્યારબાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ હઝરત શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہના અવરાદમાં લખ્યું છે કે પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ ઈદે અદ્‌હાના પછી બે રકાત નમાઝ પોતાના ઘરમાં અદા કરશે અને દરેક રકાતમાં સૂ. ફાતિહા પછી "વલ્મુરસલાત" પાંચવાર પઢશે તે હજ, ઉમરા તથા હાજીઓની દુઆઓમાં સામેલ થશે, અને સમજવામાં આવશે કે તેણે તવાફમાં કોશિશ કરી છે, અને હક્ક તઆલા તેના માલમાં બરકત આપશે.

ત્યારબાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ લખેલું જોયું છે કે વરસના છેલ્લા અને ઝીલ હજ્જના છેલ્લા દિવસે જે શખ્સ આ દુઆ પઢશે તેને અલ્લાહ તઆલા વરસભર પોતાના હિફ્ઝો અમાનમાં રાખશે. દુઆ આ છે :–

**بِسمِ اللّٰـهِ الرَّحمٰنِ الرَّحِيمِ۔ اللّٰهم ما عملت من عمل فى هذه السنة ممانهيتى عنه ولم ترضه ولم نسية ولم تنه وحملت على بعد قدرتك عَلٰى عقوبتى دعوتنى الى التوبة بعد حرا الٰى عليك اللهم انى فا ستغفر بك فيها ياغفرو فا غفرلى وما عملت من عمل ترضاه عنى وعد تنى الثواب نتقلة منى ولا تقطع رجائى يا عظيم الرجاء اللّٰهم ارزقنى خير هذه النسه وما فيها برحمتكَ يٰارحم الرحمين**

પછી ફર્માવ્યું કે મારા ભાઈ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે પયગંબરે ખુદા ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ ઝીલહજ્જના મહિનાના છેવટમાં બે રકાત નમાઝ એવી રીતે અદા કરે છે કે દરેક રકાતમાં સૂ. ફાતિહા પછી અમુક થોડુક કુર્આન શરીફ પઢે અને સલામ પછી આ દુઆ સાત વાર પઢે તો અલ્લાહ તઆલા તેના તે વરસના ગુનાહ માફ કરી આપે છે. શૈખુલ ઈસ્લામ હજી એ જ ફવાઈદમાં હતા કે નમાઝની અઝાન થઈ તો આપ નમાઝમાં મશગૂલ થઈ ગયા અને હું તથા લોકો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ


ભાવનગરમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–

ઈરફાનભાઈ (એમ.આર.) Mob. 9427431443

અબ્દુર્રઝ્ઝાકભાઈ પાંચા Mob. 9897340043

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## પત્નીઓની વારી મુકર્રર કરવાનું બયાન

જનાબ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જેને બે બીવીઓ હોય અને તે બન્નેમાં અદલ ઈન્સાફ ન કરે તો તે કયામતના દિવસે એવી રીતે હાજર થશે કે તેનું અડધુ ધડ બેકાર હશે. *(તિર્મિઝી, હાકિમ)*

**મસ્અલા** : જેને બે કે ત્રણ કે ચાર પત્નીઓ હોય એના પર અદલ (ઈન્સાફ) ફર્ઝ છે. અર્થાત તે ચીજો એની માલિકીની હોય તેમાં બધી ઓરતોનો એકસરખો ખયાલ રાખે. એટલે કે દરેકનો પૂરો હક્ક અદા કરે. કપડાં, રોટી, ખર્ચ તથા રહેવામાં કોઈની સાથે કંઈ પણ કમી ન કરે. જે વાત એની અખ્ત્યારની નથી તેમાં એ મજબૂર છે જેમ કે એકના પ્રત્યે વધારે મહોબ્બત અને બીજી પ્રત્યે થોડી. એ રીતે બધાંની સાથે સંભોગ બરાબરનો–એકસરખો હોવો જરૂરી નથી. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : એક વખત સંભોગ **કઝાઅન** વાજિબ છે અને **દયાનતન** એવો હુકમ છે કે કોઈ કોઈ વખત કરતો રહે અને એને માટે કોઈ હદ મુકર્રર નથી. પરંતુ એટલું પ્રમાણ હોવું જોઈએ કે ઓરતની નજર બીજા તરફ ન ઊઠે અને એટલુ વધારે પ્રમાણ પણ જાઈઝ નથી કે જેના કારણે ઓરતને નુકસાન પહોંચે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : એક જ બીવી છે પરંતુ મર્દ એની પાસે ન રહેતો હોય બલ્કે નમાઝ, રોઝા વગેરેમાં મશગૂલ રહેતો હોય તો ઓરત પોતાના શોહરથી મુતાલેબો કરી શકે છે અને મર્દને હુકમ કરવામાં આવશે કે તે ઓરતની પાસે પણ રહ્યા કરે. હદીષમાં આવ્યું છે કે **અર્થાત** : "તારી ઓરત (પત્ની)નો તારા પર હક્ક છે." દરરોજ રાત્રી જાગરણ તથા રોઝા રાખવાથી એનો હક્ક બરબાદ થાય. હવે રહી વાત કે ઔરત પાસે રહેવાનો કેટલો સમય નિશ્ચિત છે તો ચાર દિવસમાં એક દિવસ ઓરત માટે અને ત્રણ દિવસ ઈબાદત માટે. ખરી વાત એ છે કે મર્દને હુકમ આપવામાં આવે કે તે (પોતાની) ઓરતનો ખયાલ રાખે, એને માટે પણ થોડો વખત કાઢે. એની ગણતરી (માપ) (આધાર) શોહરના સંબંધ પર છે. *(જૌહરા, ખાનિયા, બહાર)*

**મસ્અલા** : નવી અને જૂની, કુંવારી અને અકુંવારી, તંદુરસ્ત અને બીમાર, ગર્ભવતી કે પછી ગર્ભવતી ન હોય અને તે નાબાલિગ કે જેની સાથે સંભોગ શકય હોય, હૈઝ નિફાસવાળી અને જેની સાથે ઈલો કરવામાં આવ્યો કે તલાકશૂદા હોય તેમજ જેની તલાકે રજઈ આપવામાં આવી અને રજઅતનો ઈરાદો હોય, એહરામવાળી, મજનૂના (ગાંડી) જેનાથી ઈજાનો ભય ન હોય તેમજ મુસ્લિમા કે કિતાબિયા આ બધી માટે એક સરખો હુકમ છે, એક જ પ્રકારની (બરાબર)ની છે. બધી માટે વારીઓ હોવી જોઈએ. એ રીતે પુરૂષ નામર્દ હોય કે ખસ્સી, બીમાર હોય કે તંદુરસ્ત, બાલિગ હોય કે સંભોગ ન કરી શકે એવો નાબાલિગ હોય એ બધા માટે એક જ સરખો હુકમ છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : એક કનીઝ (લોંડી) છે, બીજી આઝાદ છે. તો આઝાદ માટે બે દિવસ અને બે રાત

અને કનીઝ માટે એક દિવસ અને એક રાત છે અને જે બાંદી પોતાની છે તેને માટે કોઈ વારો નથી. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : વારી માટે રાતનો એ'તેબાર છે. પરિણામે એકની રાતમાં બીજીને ત્યાં જરૂર વગર જઈ શકાશે નહીં. દિવસ દરમિયાન કોઈ જરૂરત પ્રસંગે (વારી વખતે) જઈ શકે છે. જો બીજી બીમાર હોય તો એની ખબર અંતર પૂછવા માટે (વારો ન હોય તો પણ) રાતના સમયે જઈ શકે છે અને સખત બીમાર હોય તો ત્યાં રાત રોકાઈ શકે છે. અર્થાત જ્યારે કે એની પાસે બીજુ કોઈ વાતચીત કરનાર બીમાર પુરસી કરનાર) ન હોય તો. (વારી ન હોય તો પણ રાત્રે જઈ શકે છે. રોકાય શકે છે.) એકની વારી હોય ત્યારે દિવસ દરમિયાન બીજી સાથે સંભોગ કરી શકશે નહીં. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : પતિને અધિકાર છે કે તે એક એક દિવસનો, કે ત્રણ ત્રણ દિવસનો કે પછી એક એક અઠવાડિયાનો વારો પણ નક્કી કરી શકે છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : સફરમાં સાથે લઈ જવા માટે વારાની જરૂર નથી. પતિ જેને ચાહે તેને સાથે લઈ જઈ શકે છે, તેમ છતાં બેહતર એ છે કે ચિટ્ઠીઓ ફેંકવામાં આવે અને જેના નામની ચિટ્ઠી નીકળે તેને સાથે લઈ જાય. સફરમાંથી પાછા ફર્યા બાદ બીજી ઓરતોને એ હક્ક઼ નથી કે તેણીઓ એવી માગણી કરે કે જેટલા દિવસ સફરમાં રહ્યા એટલા દિવસો અમારી સાથે ગુઝારે. બલ્કે ત્યાર પછી વારીઓ નક્કી કરવામાં આવે. સફરનો અર્થ શરઈ સફર થશે જેનું બયાન નમાઝમાં આવ્યું છે. પરદેશમાં રહેવાને પણ સફર કહેવામાં આવે છે, તેને ગણવામાં નહીં આવે. *(જૌહરા, બહાર)*

**મસ્અલા** : ઓરતને હક્ક઼ છે કે તે પોતાની વારી પોતાની શૌતનને શોખથી આપી દે અને વારી આપ્યા પછી તે લેવા ઈચ્છે તો લઈ શકે છે. *(હિદાયા, જૌહરા વગેરે)*

**મસ્અલા** : સંભોગ, ચુંબન અને દરેક પ્રકારનો ફાયદો દરેક ઓરતથી એકસરખો લેવો મુસ્તહબ છે, વાજિબ નથી. *(ફત્હુલ્ ક઼દીર વગેરે)*

## :: આમોદમાં દારુલ ક઼ઝાની સ્થાપ્ના ::

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ જિ. ભરૂચની યાદી જણાવે છે કે તા. ૨૭–૧૦–૨૦૧૭ જુમ્આના રોજ સાંજે ચાર વાગ્યે મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી પ્રિન્સિપાલ વ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા મુબારકપુર યુ.પી.ની અધ્યક્ષતામાં ભરૂચ જિલ્લાના દારુલ ઉલૂમોના ઉલમાની એક બેઠક મળી જેમાં આમોદ ખાતે દારુલ ક઼ઝા ઈદારાએ શરઈય્યાની સ્થાપના કરવામાં આવી જેના દ્વારા અવામે અહલે સુન્નતના દીની મસાઈલ, નિકાહ, તલાક઼ તથા અન્ય તેમજ દર મહિને ચાંદના બાબતે વગેરે મસાઈલમાં લોકોનું માર્ગદર્શન કરવામાં આવશે. ''મજલિસે ક઼ઝા''માં મુખ્ય ત્રણ આલિમો મુફ્તી સાબિર મિસ્બાહી, મુફ્તી મોહસિન થામવાળા, મૌલાના મુબારક મછાસરવી તથા સહાયક તરીકે મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી, મુફ્તી સરફરાઝ દયાદરવી, મૌલાના પીર અલી આમોદ, મૌલાના ગુલામ યાસીન આમોદ, મૌલાના અખ્તર જંબુસરી તથા અવામમાંથી સહાયકોમાં પટેલ શબ્બીર અલી રઝવી તથા અન્ય બે સાથી રહેશે એવું સર્વાનુમતે ઠરાવાયું છે. જેથી પબ્લિકને પોતાના દીની પ્રશ્નો હલ કરવામાં સરળતા રહે. હઝરત મુફ્તી નિઝામુદ્દીન સાહબની દુઆ સાથે પાંચ વાગ્યે મજલિસ બરખાસ્ત થઈ હતી. (સંપર્ક નં. ૦૨૬૪૧–૨૪૬૧૯૨)

# પરેશાનીઓનો ઈલાજ કેવળ એક !



**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

રબ્બે કદીર ﷻએ મનુષ્યના સર્જન પહેલાં માનવની જરૂરતોને પેદા કરી. મનુષ્યને જમીનની જરૂરત હતી તો જમીનને પ્રથમ પેદા કરી. આકાશની જરૂરત હતી તો આકાશ પહેલુ પેદા કર્યુ. આબોહવાની જરૂરત હતી તો એને પણ માનવના સર્જન પહેલાં પેદા કરી. આપ જુઓ કે બાળક બાદમાં પેદા થાય છે અને માના સીનામાં દૂધ અલ્લાહ પહેલુ પેદા કરે છે :–

سبحن الله وبحمده سبحان الله العظيم -

વર્ણવેલ પ્રસ્તાવનાનું કારણ એ છે કે હમણા હમણા તાજદારે કર્બલા, રાકિબે દોશે મુસ્તફા, સિબ્તે પયંબર, ઈમામે આલી મક઼ામ જદ્દહૂ વ અલૈહિસ્સલાતુ વસ્સલામની શહાદતનો દિવસ આપણાથી વિદાય થયો. ઈમામે પાકની હયાતે તયબહ અને આપની શહાદતનો બનાવ વાંચી તથા સાંભળીને એ વાત દિમાગમાં આવે છે કે આટલી મુસીબતો છતાં ઈમામે પાક رضی اللہ عنہએ સબ્રનો દામન કેમ ન છોડયો અને અડગતાનો પહાડ બનીને કઈ રીતે ઉભા રહ્યા ! જ્યારે કે આપણો હાલ એ છે કે અગણિત મામૂલી પરેશાનીઓ તથા મુસીબતોમાં આપણે તણખલાની જેમ વહી જઈએ છીએ અને સબ્રનો દામન છોડી બેસીએ છીએ. એટલું જ નહીં બલ્કે ફર્માને ઈલાહી તથા ફર્માને રસૂલ علیہ الصلوٰۃ والسلامથી આંખ આડા કાન કરી બેસીએ છીએ, તો એનું કારણ શું છે ?

અસલમાં કુર્આને મુક઼દ્દસ સામાન્ય પબ્લિકનો બલ્કે અમુક પબ્લિકના ખાસ માણસોનો ખયાલ એ છે કે કુર્આન મુક઼દ્દસ કેવળ તિલાવત કરવા, બરકત હાંસલ કરવા તથા ઈસાલે સવાબના માટે નાઝિલ થયું છે. મોટાભાગના મુસલમાન કુર્આને કરીમના વિષયો અને તેમાંની વાતો પર અમલની ફિકર નથી કરતા, જ્યારે કે કુર્આન અમલની કિતાબ છે. એ અમલના માટે નાઝિલ થઈ છે. જન્મથી લઈને મૃત્યુ સુધી અને મૌત પછી બલ્કે ક઼યામત, હિસાબો કિતાબ સુધી ઉપસ્થિત થનાર મસાઈલનું માર્ગદર્શન કરનારી કિતાબ છે. આપણે જ્યારે આ કિતાબના વિશે આપણો ખયાલ એ ન ક઼ાયમ કર્યો જે પૈગંબરે આ'ઝમ ﷺ તથા સહાબાએ કિરામ તથા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ ક઼ાયમ કર્યો હતો, જેના પરિણામે આપણે બેચૈન છીએ, પરેશાન છીએ અને ફરિયાદ પણ કરી રહ્યા છીએ.

આપણા અસ્લાફ કુર્આનના આમિલ (અમલ કરનાર) પણ હતા અને હદીષના આમિલ પણ હતા. તેમના જીવનની પળેપળ કિતાબ તથા સુન્નતની રોશનીમાં પસાર થતી હતી. ઈતિહાસ સાક્ષી છે કે મુસીબતો તથા તકલીફોના પહાડો તૂટી પડવા છતાં તેમના પગોની અડગતામાં કદી આંચકો આવ્યો ન હતો અને હમેશાં અલ્લાહની રઝામાં

રાજી રહ્યા. કુર્આને મુકદ્દસમાં અલ્લાહ ﷻ એ મુસીબતો તથા આજમાઈશથી પહેલાં એનો શું ઈલાજ અતા ફર્માવ્યો એની આયતોનો ક્રમ જોઈ લો :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اسۡتَعِيۡنُوۡا بِالصَّبۡرِ وَ الصَّلٰوةِ ‌ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيۡنَ ﴿۱۵۳﴾

"હે ઈમાનવાળાઓ ! સબ્ર તથા નમાઝથી મદદ માગો. બેશક ! અલ્લાહ સાબિરોની સાથે છે."
*–(સૂરએ બક્રહ, ૨/૧૫૩)*

وَلَا تَقُوۡلُوۡا لِمَنۡ يُّقۡتَلُ فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتٌ ؕ بَلۡ اَحۡيَآءٌ وَّلٰـكِنۡ لَّا تَشۡعُرُوۡنَ ﴿۱۵۴﴾

"અને જેઓ ખુદાની રાહમાં માર્યા જાય તેમને મુર્દા ન કહો, બલ્કે તેઓ ઝિંદા છે, હા ! તમને ખબર નથી." *(સૂરએ બક્રહ, ૨/૧૫૪)*

وَلَنَبۡلُوَنَّکُمۡ بِشَىۡءٍ مِّنَ الۡخَـوۡفِ وَالۡجُـوۡعِ وَنَقۡصٍ مِّنَ الۡاَمۡوَالِ وَالۡاَنۡفُسِ وَالثَّمَرٰتِ ‌ؕ وَبَشِّرِ الصّٰبِرِيۡنَ ﴿۱۵۵﴾

"અને જરૂર અમે તમને અજમાવીશું કાંઈક ડર તથા ભૂખથી, અને અમુક માલો તથા જાનો તથા ફળોની કમીથી, અને ખુશખબરી સંભળાવ તે સબ્રવાળાઓને." *(સૂરએ બક્રહ, ૨/૧૫૫)*

ઉપરોક્ત આયતોમાં સબ્ર તથા નમાઝથી મદદ લેવાનો ઉલ્લેખ પ્રથમ છે અને મુસીબતોનો ઉલ્લેખ બાદમાં છે. આ પરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે દરેક પરેશાનીનો ઈલાજ અલ્લાહ ﷻ એ પ્રથમ પેદા કર્યો અને પરેશાનીઓને બાદમાં પેદા કરી. જો આપણે કુર્આને મુકદ્દસની રોશનીમાં આ હકીકતને શોધીને મેળવી લઈએ તો વલ્લાહ ! આપણે દરેક ફરિયાદથી આપણી જીભને લગામ આપી શકીએ છીએ. અને આ નાશવંત દુનિયાથી ઈમાનની સાથે વિદાય લઈ શકીએ છીએ. આજે આપણે આપણા જલસાઓમાં તથા કોન્ફ્રન્સોમાં પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની કરામતોનો ઉલ્લેખ તો કરીએ છીએ પરંતુ તેમના આમિલે કુર્આન હોવાનો ઉલ્લેખ નથી કરતા ! (ઈલ્લા માશાઅલ્લાહ !) આપણા પૂર્વજ બુઝુર્ગોમાં આ શક્તિ તથા કુવ્વત કુર્આન પર ગહરી નજર રાખવાથી અને અહકામ પર અમલ કરવાના કારણે પેદા થઈ છે. ઈમામ આલી મકામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ કુર્આનમાં આ ઈલાજ પહેલાં પઢી લીધો હતો, એટલા માટે જ્યારે મુસીબત આવી તો ઈલાજને અપનાવ્યો અને મુસીબતો તથા આજમાઈશનો મુકાબલો સબ્રથી કર્યો અને પોતાના જીવનના અંતિમ શ્વાસને નમાઝથી મદદ માગવા પર ખત્મ કર્યો.

અંબિયાએ કિરામ علیہم السلام હઝરાતની તર્બિયત ખુદ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવી અને પછી અંબિયાએ કિરામે પોતાને માનવાવાળાઓની અને તેમની ઔલાદની તર્બિયત કરી. અલ્લાહ પાકે કુર્આને મુકદ્દસમાં ઠેકઠેકાણે પોતાના નબીને અને તેમના વાસ્તાથી સર્વ મુસ્લિમ ઉમ્મતને સબ્રની વારંવાર તલ્કીન કરી. અમુક આયતો જોઈ લો :–

وَاصۡبِرۡ عَلٰى مَا يَقُوۡلُوۡنَ وَاهۡجُرۡهُمۡ هَجۡرًا جَمِيۡلًا ﴿۱۰﴾

"અને કાફિરોની વાતો પર સબ્ર કર અને તેમને સારી રીતે છોડી દો." *(મુઝમ્મિલ–૧૦)*

فَاصۡبِرۡ كَمَا صَبَرَ اُولُوا الۡعَزۡمِ مِنَ الرُّسُلِ وَلَا تَسۡتَعۡجِلْ لَّهُمۡ ؕ كَاَنَّهُمۡ يَوۡمَ يَرَوۡنَ مَا يُوۡعَدُوۡنَ ۙ لَمۡ يَلۡبَثُوۡۤا اِلَّا سَاعَةً مِّنۡ نَّهَارٍ ؕ بَلٰغٌ ۚ فَهَلۡ يُهۡلَكُ اِلَّا الۡقَوۡمُ الۡفٰسِقُوۡنَ ﴿۳۵﴾

"તો તમે સબ્ર કરો જેવી હિંમતવાળા રસૂલોએ સબ્ર કરી અને એમના માટે જલ્દી ન કરો. જાણે તેઓ જે દિવસે જોશે જે તેમને વાયદો આપવામાં આવે છે કે દુનિયામાં ન રોકાયા હતા પણ દિવસની એક ઘડીભર. આ પહોંચાડવાનું છે તો કોણ હલાક કરવામાં આવશે પણ બેહુકમ લોકો."

–*(સૂરએ અહકાફ, આ. ૩૫)*

وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ يُرِيْدُوْنَ وَجْهَهٗ وَلَا تَعْدُ عَيْنٰكَ عَنْهُمْ تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَلَا تُطِعْ مَنْ اَغْفَلْنَا قَلْبَهٗ عَنْ ذِكْرِنَا وَاتَّبَعَ هَوٰىهُ وَكَانَ اَمْرُهٗ فُرُطًا ﴿۲۸﴾

"અને પોતાની જાન તેમનાથી માનૂસ રાખો જેઓ સવાર સાંજ પોતાના રબને પુકારે છે, તેની રઝા ચાહે છે અને તમારી આંખો તેમને છોડીને અન્ય પર ન પડે. શું તમે દુનિયવી જિંદગીનો શિંગાર ચાહશો ?! અને એનું કહ્યું ન માનો જેનું દિલ અમે અમારી યાદથી ગાફિલ કરી આપ્યું, અને તે પોતાની મનેચ્છાની પાછળ ચાલ્યો અને એનું કામ હદથી પસાર થઈ ગયું." *(સૂરએ કહફ, આ. ૨૮)*

એ જ પ્રમાણે નમાઝના વિશે અલ્લાહ કરીમે પોતાના હબીબ ﷺને સંબોધતાં ફર્માવ્યું :–

وَاْمُرْ اَهْلَكَ بِالصَّلٰوةِ وَاصْطَبِرْ عَلَيْهَا ؕ لَا نَسْـَٔلُكَ رِزْقًا ؕ نَحْنُ نَرْزُقُكَ ؕ وَالْعَاقِبَةُ لِلتَّقْوٰى ﴿۱۳۲﴾

"અને પોતાનાં ઘરવાળાંઓને નમાઝનો હુકમ આપ અને ખુદ એના પર અડગ રહે. કાંઈ અમે તારાથી રોજી નથી માગતા, અમે તમને રોજી આપીશું, અને અંજામનું ભલુ પરહેઝગારીના માટે." *(સૂરએ તાહા, આ. ૧૩૨)*

اِنَّنِيْۤ اَنَا اللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاعْبُدْنِيْ ۙ وَاَقِمِ الصَّلٰوةَ لِذِكْرِيْ ﴿۱۴﴾

"બેશક ! હું જ છું અલ્લાહ કે મારા સિવાય કોઈ મઅબૂદ (પૂજનીય) નથી. તો મારી બંદગી કર અને મારી યાદના માટે નમાઝ કાયમ રાખ." *(સૂરએ તાહા, આ. ૧૪)*

اُتْلُ مَاۤ اُوْحِيَ اِلَيْكَ مِنَ الْكِتٰبِ وَاَقِمِ الصَّلٰوةَ ؕ اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ ؕ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تَصْنَعُوْنَ ﴿۴۵﴾

"હે મહબૂબ ! પઢો તે કિતાબ જે તમારા તરફ વહી કરવામાં આવી અને નમાઝ કાયમ કરો. બેશક ! નમાઝ રોકે છે બેહયાઈ તથા બુરી વાતોથી. અને બેશક ! અલ્લાહનો ઝિક્ર સૌથી મહાન, અને અલ્લાહ જાણે છે જે તમે કરો છો."

–*(સૂરએ અન્કબૂત, આ. ૪૫)*

નબીએ કૌનૈન علیہ الصلوۃ والسلام, ઈમામ હસનો હુસૈન رضی اللہ عنہما, ઈમામ મુજદ્દિદ અલ્ફેષાની તથા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની સીરત વાંચો તો આપને જાણ થઈ જશે કે આપણા પૂર્વજ બુઝુર્ગોની જિંદગીમાં બદલો ન હતો, તેમની ઝિંદગીમાં સબ્ર તથા સલાતના જલ્વા જ જોવા મળે છે.

સબ્ર એક વિશાળ અર્થધારી શબ્દ છે જે પોતાનામાં ખૂબ જ વિશાળતા ધરાવે છે. સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ આયતે કરીમા :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ

"હે ઈમાનવાળાઓ ! સબ્ર તથા નમાઝથી મદદ ચાહો." (સૂ. બકરહ, ૨/૧૫૩)ના હેઠળ લખે

છે : એટલે કે પોતાની હાજતોમાં સબ્ર તથા નમાઝથી મદદ ચાહો. સુબ્હાનલ્લાહ ! શું પવિત્ર તા'લીમ છે ! સબ્ર મુસીબતોનો અખ્લાક઼ી મુક઼ાબલો છે. માણસ અદ્લ તથા ઈરાદા, હક઼્ક઼ પરસ્તી પર એના વિના ક઼ાયમ નથી રહી શકતો.

સબ્રના ત્રણ પ્રકારો છે :–

(૧) તકલીફ તથા મુસીબત પર નફ્સને રોકવો. (૨) ફર્માંબરદારી તથા ઈબાદતની તકલીફોમાં અડગ રહેવું. (૩) ગુનાહની તરફ વળવાથી તબીઅતને દૂર રાખવી. અમુક મુફસ્સિરોએ અહીં સબ્રથી રોઝો મુરાદ લીધો છે. તે પણ સબ્રનો એક હિસ્સો છે. આ આયતમાં મુસીબતના સમયે નમાઝની સાથે મદદ ચાહવાની તા'લીમ પણ ફર્માવી. કેમ કે તે શારીરિક તથા નફ્સાની ઈબાદતનું સંગમ છે, અને એમાં કુર્બે ઈલાહી હાંસલ થાય છે. હુઝૂર ﷺ મહત્વની બાબતો સામે આવતાં નમાઝમાં મશગૂલ થઈ જતા હતા. આ આયતમાં એ પણ બતાવવામાં આવ્યું કે સાચા મો'મિનોના સિવાય અન્ય પર નમાઝ ભારે છે.

*–(ખઝાઈનુલ ઈર્ફાન)*

વર્તમાનકાળમાં જેવી રીતે ફરિયાદ તથા શિકાયતનું બજાર ગરમ છે તેવી જ રીતે કુર્આનના બતાવેલ આ ઈલાજનો ઉલ્લેખ આમ કરવો ખૂબ જ જરૂરી છે. આજે જરૂરત છે કુર્આને મુક઼દ્દસ પર અમલ કર્તા થવાની અને સરવરે કાઈનાત ﷺની સીરત અપનાવવાની. જો આપણો સંબંધ કુર્આન તથા પયગંબરે ઈસ્લામથી મજબૂત થઈ ગયો તો આપણા અંદરથી નિરાશાને નીકળવાનો જઝબો પેદા થશે અને સંતોષનો સામાન પણ નસીબ થશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ડિસે. ૨૦૧૭)*


**બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

**હજ્જ પ્રોગ્રામ–૨૦૧૮**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૭–૧૮નું બુકીંગ ચાલુ છે.**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

**રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.**
**એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.**

**સંપર્ક**
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



**લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.**

# ઈન્ટરનેટના લાભાલાભ

રજૂકર્તા

**મૌલાના અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ-પારખેત**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

વર્તમાન યુગ ઈન્ટરનેટનો યુગ છે. એ આપણા જીવનમાં એ રીતે દાખલ થઈ ચૂક્યું છે કે લાખ પ્રયાસ કરતાં પણ આપણે તેનાથી પીછો છોડાવી નથી શકતા. જેને આના વપરાશની આદત પડી જાય છે તે એક નશામાં મસ્ત વ્યક્તિ જેવો થઈ જાય છે, ન તો તેની પાસે પરત ફરવાનો માર્ગ હોય છે ન તો તેને છોડી શકે છે. આજે દરેક બાજુ ચારે તરફ ઈન્ટરનેટનું વર્ચસ્વ છે. દરેક વ્યક્તિ તેનો દીવાનો છે અને આંધળા જેમ તેનો ઉપયોગ કરી રહ્યો છે. ખાસ કરીને યુવાન તબકો માનસિક રોગી બની ગયો છે. કોઈ પણ જાતની રોક ટોક વિના હલાલ હરામના તફાવત વગર તેની લગભગ બધી જ સાઈટોનો ઉપયોગ કરી રહ્યો છે.

જોવામાં આવે તો ઈન્ટરનેટના વપરાશમાં કોઈ શરઈ પાબંદી નથી કેમ કે દરેક વ્યક્તિ વ્યક્તિગત રીતે આ અજબ ગજબની દુનિયાથી લાભ ઉઠાવે છે જ્યાં સુધી હકીકતથી સંપૂર્ણ રીતે ખબરદાર ન થઈ જાય, ત્યાં સુધી ફત્વો પણ નથી આપી શકાતો. પરંતુ યાદ રાખવા જેવી વાત એ છે કે દરેક વસ્તુની સારી તથા ખરાબ બે બાજુઓ હોય છે. આપણા પર છે કે આપણે તેનો ઉપયોગ ખરાબ અથવા સારો કરીએ, પણ એ વાતને પણ નથી ભૂલી શક્તા કે આ બધુ આપણા આમાલનામામાં સામેલ કરવામાં આવી રહ્યું છે. જેવું કરીશું તેવું જ પરિણામ આવશે.

## ઈન્ટરનેટ શું છે ?

ઈન્ટરનેટમાં "ઈન્ટર"નો શબ્દ ઈન્ટરનેશનલથી લેવામાં આવ્યો છે અને "નેટ" નેટવર્કથી લેવામાં આવ્યો છે. એટલે કે ઈન્ટરનેટ ઈન્ટર નેશનલનું ટૂંકુ રૂપ છે, જેનો મતલબ છે "આંતરરાષ્ટ્રીય જાળ." વ્યાખ્યા કરીએ તો નાના મોટા કોમ્પ્યુટરોનું નેટવર્કથી જોડાયેલુ હોવું. એટલે કે આ વૈશ્વિક વ્યવસ્થા જોડે ૧૦૦૦ મિલિયનથી વધુ વ્યક્તિઓ અલગ અલગ રીતે જોડાઈને જ્ઞાનના આ ખજાનાને આપસમાં વહેંચી રહ્યા છે. ઈન્ટરનેટની આ વ્યવસ્થા રાષ્ટ્રીય સરહદોની પાબંદી તથા બીજી કોઈ પણ રોકટોક વિના લગાતાર પોતાનુ કામ કરી રહી છે.

એટલા માટે જ તો ઈન્ટરનેટની લોકપ્રિયતા અને તેના દ્વારા પૂરી થનારી બધીય તરક્કીઓને જોતાં જાહીન ચેરીસને ઈ.સ. ૧૯૯૮માં ભવિષ્યવાણી કરી હતી કે ઈન્ટરનેટ લોકોની જીવનપદ્ધતિને બદલી નાખશે. જેમ કે આપણે જાણીએ છીએ કે બીજી ક્રાંતિ બાદ દુનિયાભરમાં ક્રાંતિ આવી, મશીઓની શોધ થઈ, ત્યાં સુધી કે તે યુગ મશીન યુગ કહેવાતો થઈ ગયો. આ મશીનો દ્વારા માનવ જીવનમાં ઘણી સરળતાઓ પેદા થઈ ગઈ. પરંતુ આ વ્યક્તિગત રીતે ફાયદાકારક હતી, સામૂહિક રીતે કોઈ એવી મશીન કે યંત્ર ઉપલબ્ધ ન હતું જેનાથી દરેક નાનો મોટો ફાયદો ઉઠાવી શકે. છેવટે ઈન્ટરનેટનો યુગ આવી ગયો.

ઈન્ટરનેટ એવી ક્રાંતિનું નામ છે જેણે ધર્મ, કૌમ, નીચ,ઊંચના તફાવત વિના દરેકને ફાયદો પહોંચાડયો. દરેકની વિચારધારા પર અસર પાડી. ઈન્ટરનેટ રોજ બરોજ ઈન્સાની આબાદીઓના વિચારો પર છવાય જઈને ચોતરફ પોતાની બાદશાહત મનાવી રહ્યું છે. હવે એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે ઈન્ટરનેટ વિના જિંદગી અધૂરી છે.

## ઈન્ટરનેટના ફાયદા

વર્તમાનકાળમાં ઈન્ટરનેટનો ડંકો વાગી રહ્યો છે. ઈન્ટરનેટે આખા જગતને વૈશ્વિક ગામડામાં બદલવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. સંદેશા અને જાણકારી લેવી તથા મોકલાવવી કે પાછી મેળવવી હોય દરેક વસ્તુ પામવી સરળથી સરળ થઈ ગઈ છે. ઈન્ટરનેટ પર દરેક પ્રકારની વસ્તુઓ છે, ફક્ત સર્ચ એન્જીનમાં પોતાની જોઈતી વસ્તુનું નામ ટાઈપ કરો તેના વિશે લાંબી અનુક્રમણિકા તમારા લેપટોપ કોમ્પ્યુટર અને મોબાઈલ ફોનની સ્ક્રીન પર જોવા મળ શે. દરેક પ્રકારનાં ધાર્મિક તથા ગૈરધાર્મિક પુસ્તકો ઈન્ટરનેટ પર છે જેનાથી વાંચનારા ફાયદો ઉઠાવી રહ્યા છે. આ સિવાય દરેક જાતની સહુલતો જેમ કે ઘરે બેઠાં ઓનલાઈન શોપિંગ કરવી, રેલ્વે તથા ફલાઈટ ટિકીટ બનાવવી, દેશ બહાર પોતાના સગા વ્હાલાં જોડે વાતચીત કરવી વગેરે...

ઈન્ટરનેટના આવા અસંખ્ય ફાયદાઓ છે જેમને એકત્ર કરવા અહીં શક્ય નથી. અહીં ફક્ત અમુક ઉદાહરણો નમૂના રૂપે રજૂ કરવામાં આવ્યાં છે.

પરંતુ એ વાત પણ પોતાની જગ્યાએ સહીહ છે કે જે વસ્તુના ફાયદા જેટલા વધુ હોય છે અમુક વાર તેનાં નુકસાનો તેનાથી કેટલાંય વધીને હોય છે. ઈન્ટરનેટ પર કલાકોનો સમય બર્બાદ કરવાથી પણ સખત નુકસાન ઊઠાવવું પડે છે.

## ઈન્ટરનેટના લાભ કરતાં ગૈર લાભો વધુ !

વર્તમાન સમયમાં ઈન્ટરનેટના નુકસાનોમાં સૌથી ખતરનાક માનસિક રોગ છે. ઈન્ટરનેટનો વધુ ઉપયોગ કરનારા લોકો દિમાગી તણાવ (ડિપ્રેશન)નો શિકાર બને છે, ખાસ કરીને અમુક યુવાનો દરેક પ્રકારની ગંદી વેબસાઈટો સર્ચ કરી ગંદી વસ્તુઓ અપલોડ ડાઉનલોડ કરી પોતાની અને પોતાના મિત્રોની જવાની બર્બાદ કરવાની સાથોસાથ પોતાની આખેરત પણ બર્બાદ કરી રહ્યા છે, નજીકના સંબંધોમાં ખટાશ આવી રહી છે, જે સમય વાંચવા, લખવા અને ખેલકૂદમાં વીતવો જોઈતો હતો તે પણ ઈન્ટરનેટની ભેટ ચઢી ગયો. વાંચન લેખનના ઉપર પણ આની ખતરનાક અસર થઈ છે. પુસ્તકોના બદલે મોબાઈલ અથવા કોમ્પ્યુટર પર જ વાંચવાનો રિવાજ બનતો જઈ રહ્યો છે કે જે પુસ્તક વાંચવાના કરતાં હાનિકારક છે, અને આ રીતે લખવામાં સ્પેલિંગ પર પણ ધ્યાન નથી અપાઈ રહ્યું કેમ કે જ્યારે પણ આપણે કંઈક લખવા લાગીએ છીએ તો પોતે જ તે વસ્તુનું નામ સ્ક્રીન પર દેખાવા લાગે છે.

આ સિવાય ધોકાબાજી, લૂટમાર, અમુક વખતે ઈન્ટરનેટ પર થનારી બહસો કત્લો ખૂન અને નજીકથી નજીકના સંબંધોના પતનનું કારણ બની રહી છે. ટૂંકમાં એ કે પોતાના વ્યક્તિગત અનુભવના આધારે હું એવું કહી શકુ છું કે અત્યારે ઈન્ટરનેટના ફાયદાઓ કરતાં નુકસાનો વધુ છે. જેમ કે સૌ જાણે છે કે શરૂઆતમાં ઈન્ટરનેટનો ઉપયોગ ફૌજી કાર્યવાહીઓ પાર પાડવા માટે હતો પણ ધીરે ધીરે ઈન્ટરનેટે તરક્કીના દરજ્જા મેળવી અસંખ્ય સાઈટો દર્શાવી, જેમાંથી સોશિયલ મીડિયાની વપરાતી અમુક મશ્હૂર સાઈટો પણ છે તેમાંથી અમુક સાઈટોનું વર્ણન કરી દઉં છું જેમ કે ફેસબુક, વોટસ્અપ્, ટવીટર, ઈન્સ્ટાગ્રામ, ઈમો, સ્કાઈપ વગેરે...

## ફેસબુકના લાભાલાભ

આજે આપણે સોશિયલ મિડીયાની એક બે સાઈટો પર વાત કરીશું તેનાથી જ ઈન્ટરનેટના ફાયદાઓ અને નુકસાનોનો અંદાજો આવી જશે.

માર્ક ઝકરબર્ગ ફેસબુકના નિર્માતા છે, તેમણે અભ્યાસના સમયે પોતાના મિત્રો સાથે વાતચીત માટે એક પેજ તૈયાર કર્યું જેને "ફેસબુક"નું નામ આપ્યું. પરંતુ એ એટલું લોકપ્રિય થયું કે ઘણુ જ જલ્દી દુનિયાના ઘર ઘર સુધી પહોંચી ગયું. અને દુનિયાનો કોઈ એવો ખૂણો બાકી ન રહ્યો જ્યાં તેનો વપરાશ ન થતો હોય. દુનિયાભરની વૈશ્વિક તથા રાષ્ટ્રીય ભાષાઓમાં તેનો વપરાશ થઈ રહ્યો છે.

સોશિયલ મીડિયાની બધીય કોમ્યુકેશનની સાઈટોમાં સૌથી વધુ વપરાય છે તે ફેસબુક છે. એના પણ અસંખ્ય ફાયદાઓ છે. જન્મથી મરણ સુધી ખુશી હોય કે દુઃખ, મુલાકાત હોય કે વિદાય, શાદી (વિવાહ) હોય કે મૌત, કોઈ બીમાર થાય કે સાજુ કે પછી વર્ષોથી છૂટા પડેલાં સગાંઓ અને મિત્રોથી કોન્ટેક્ટ, રાજનૈતિક અથવા સામાજિક પ્રચાર હોય કે ધાર્મિક તબ્લીગ, સમાજમાં વધી રહેલી બુરાઈઓ પર પોસ્ટો હોય કે પછી રિશ્વતખોરી અને અન્યાય કરનારાઓ વિરૂધ્ધ ખુલીને પ્રદર્શન, અજબ ગજબના લોકો જોડે મેળાપ તથા મિત્રતા થાય છે, ત્યાં સુધી કે અમુક વખત એ દોસ્તીની શાદી વિવાહમાં તબદીલી, બલ્કે એવાં ગ્રુપો પણ છે જે પૂરી દુનિયામાં થનારી પ્રવૃત્તિઓની જાણકારી આપતાં રહે છે, અને સાથોસાથ જ મસ્તી મજાક, શેઅર શાયરી અને બોધજનક સ્ટોરીઓ તથા વિચારો વિશે જાણકારીનો એ શ્રેષ્ઠ સ્ત્રોત છે.

એ કહેવું બિલ્કુલ યોગ્ય થશે કે આ હાઈસ્પીડ જમાનામાં ફેસબુકની જરૂરીયાત હતી જ જેમાં દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે અને તેનાથી લાભ ઉઠાવી શકાય છે. પરંતુ ચિત્રનો બીજો ભાગ ઘણો ખતરનાક અને સખત પ્રકારનું રૂપ લઈ ચૂક્યો છે. હું એ તરફ વાંચકોનું ધ્યાન દોરવા માગું છું કે જે વસ્તુ આપણા માટે ફાયદાની હતી, તેને આપણે કઈ રીતે અઝાબનો સબબ બનાવી લીધી છે !

મિત્રોની પોસ્ટિંગ અને તેની શેરિંગ જોઈને એવું લાગે છે કે દુનિયામાં માણસાઈની કત્લેઆમ થઈ ચૂકી છે અને એવું મેહસૂસ થાય છે કે માનવના રૂપમાં જંગલી પશુઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે ! તે પોસ્ટોને જોયા પછી દિલ લોહીનાં આંસૂ રડે છે. એવું લાગે છે કે જહાલતની બધીય હદો પાર કરી દેવામાં આવી છે. ભલે જાણકારોએ આ રાહમાં અમુક અંશે સુધારણાની કોશિશ કરી છે પરંતુ તેનાથી જોઈએ એવો ફાયદો નથી થયો.

## સોશિયલ મીડિયા પર ફેલાતી બુરાઈની ચર્ચા

હવે સોશિયલ મીડિયા પર ફેલાતી બુરાઈ પર એક નજર નાખીએ. સૌથી વધુ જે વાત જોવામાં આવે છે તે વિના તેહકીકે વગર વિચાર્યે પોસ્ટ કરવું છે. અચંબાની વાત છે કે સામાન્ય વાતોને શેર કરતી વખતે હદીષ કહેવામાં આવે છે ! જ્યારે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે **જેણે મારી તરફ જૂઠી વાતની નિસ્બત કરી તે પોતાનું ઠેકાણુ જહન્નમ બનાવી લે.** ઘણી વખતે એ પણ જોવામાં આવે છે કે અઢળક વાતો હઝરત અલી رضی اللہ عنہથી સંબંધિત કરવામાં આવે છે અને કહેવાય છે આ હઝરત અલી رضی اللہ عنہનો કૌલ છે. આવી વાતો એટલી મોટી સંખ્યામાં છે કે એને ઘેરવુ મુશ્કેલ છે. તેહકીકથી જાણ થઈ કે તેમાંથી વધુ પડતી વાતોની કોઈ અસલ નથી, કોઈ આધાર વિનાની, બેકાર અને તેનો કોઈ હવાલો પણ નથી.

હવે તમે જ ફેંસલો કરો કે આ બકવાસ નહીં તો શું છે ? શું આનાથી આપણે હઝરત અલી رضی اللہ عنہની રૂહને તકલીફ નથી પહોંચાડી રહ્યા ?! એક વાત મારી સમજમાં નથી આવતી કે ઘણીવાર મેં એવી પોસ્ટો જોઈ છે જેમાં એક કબર હોય છે, જેના પર લખેલુ

હોય છે કૃબ્રે રસૂલ ﷺનો અંદરનો નઝારો, લાઈક અને શેર કરો. શું વાસ્તવમાં આ જ કૃબરે રસૂલ ﷺ છે ? જો નહીં, તો પછી શું છે ? વર્તમાન સમયમાં કોણે કૃબ્રે રસૂલ ﷺનાં દર્શન કર્યા છે ? ભાઈ ! આ કયો દીન છે જેની આ તબ્લીગ થઈ રહી છે ! તે પણ સવાબ સમજીને ! વળી એવી પોસ્ટોના પણ દર્શન થાય છે જેના પર લખાણ હોય છે, ''આ તે લોટો છે જેનાથી આપણા નબી ﷺ વુઝૂ ફર્માવતા હતા.''

એક બનાવટી મકાન પણ નજરે પડયું જેના પર એક લખાણ હતું ''આ આપણા નબીની પેદાઈશનું મકાન છે.'' પછી એક પથ્થર પણ જોયો જેના પર લોહી લાગેલુ છે, લખેલુ છે : ''આ તે પથ્થર છે જેના પર ઈમામે હુસૈનનુ સર મુબારક રાખ્યુ હતું.'' જાતે પણ દર્શન કરો અને શેર કરો, બીજાઓને પણ દર્શનની તક આપો. ત્યાર બાદ હુઝૂર ﷺનો જબ્બા મુબારક, કટોરો, અમામા શરીફ અને બીજાં તબર્રુકો શેર કરવામાં આવે છે જેમની સાથે કોઈ હવાલો આપવામાં નથી આવતો. હું એ તબર્રુકોનો ઈન્કાર નથી કરતો પણ શું વાસ્તવમાં આ બધી વસ્તુઓ પ્રમાણિત છે જેનું વર્ણન થયું, જો પ્રમાણિત છે તો શું સબૂત છે ? જો લગત હશે તો કાલે મહેશરના કયુ મોઢુ દેખાડશું ? કૃયામતમાં એ વાતે બિલ્કુલ પકડ નહીં થાય કે તેં તારા નબીના તબર્રુકાતને કેમ શેર કર્યા ન હતા. ત્યાર બાદ એક એવી જૂઠી વાતને હદીષ બતાવી બહુ ગર્વથી સવાબ સમજીને શેર કરવામાં આવે છે, જેનું પરિણામ રજૂ કરું છું કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જેણે સૌ પ્રથમ રમઝાનની મુબારકબાદ આપી તેના પર જહન્નમની આગ હરામ છે. જ્યારે કે ઉલમા સાથે કોન્ટેક્ટ કરવા પર જાણ થઈ કે હદીષની કિતાબોમાં આવી કોઈ હદીષ નથી. હવે જાણવાનું એ છે હુઝૂર ﷺના ફર્માન મુજબ તેણે પોતાના પર જહન્નમની આગ હરામ કરી છે કે પછી વાજિબ કરી છે ?! કેમ કે નબી કરીમ ﷺ પ્રત્યે જૂઠી વાત સંબંધિત કરનારાનો હુકમ એ છે કે તે પોતાનું ઠેકાણુ જહન્નમ બનાવી લે. આટલે જ બસ નહીં બલ્કે કુફ્રો શિર્કના ફત્વા કોઈ પણ જાતના ભય વિના આપવામાં આવી રહ્યા છે, ભલે ફત્વો આપનારા ફેસબુકી મુફ્તીને શૌચક્રિયાનો તરીકો આવડતો હોય કે નહીં, પણ ફત્વો જરૂર આપશે !

લાંબા સમયથી સોશિયલ મીડિયા પર એક ફોટો ચાલી રહ્યો છે જેમાં એક તરફ કા'બા શરીફનું ચિત્ર, બીજી તરફ મૂર્તિઓનું ચિત્ર લગાડી હક્ક઼ તથા બાતિલની દરમિયાન ફૈંસલો કરવા માટે કહેવામાં આવે છે. મઆઝલ્લાહ ! ષુમ્મ મઆઝલ્લાહ ! એટલે કે આજે ચૌદસો વર્ષ સુધી આ વાતનો કોઈ ફૈંસલો નથી થયો ! હવે આજે ફેસબુક પર એનો ફત્વો આપવામાં આવશે ! જુલમ એ કે તે ચિત્ર પર કોમેન્ટ અથવા લાઈક ન કરનારા દુનિયાના સૌથી મોટા કંજૂસ, અને શેર ન કરનારાને કાફિર ઠરાવી દેવામાં આવે છે. જેમ કે તે ચિત્રો પર લખેલુ હોય છે, ''કોઈ કાફિર જ હશે જે શેર નહીં કરે.'' હવે આવા વાહિયાત લોકો પ્રમાણે ઈસ્લામથી નીકળવા માટે એટલુ પૂરતુ છે કે તમે એક એવા ચિત્રને શેર ન કર્યું ! એવું ચિત્ર જેના પર કોમેન્ટ અથવા લાઈક કરવી તો દૂરની વાત તે મૂર્તિઓને જોઈને જ એક સાચા મો'મિનની રૂહ કાંપી ઉઠે છે અને તેના તરફ જોવુ પસંદ નથી કરતો.

ખુદાના વાસ્તે થોડી રહેમ કરો પોતાના પર ! આ બધુ શું થઈ રહ્યું છે ?! શા માટે પોતાની સાથે બીજાઓનાં ઈમાન પણ બર્બાદ કરી રહ્યા છો ?!

## આ ક્યાંનો ઈન્સાફ છે ?

અમુક વાર એવા વીડિયો, ચિત્રો જોવા મળે છે જેમાં બિલાડી અથવા બીજુ કોઈ જાનવર સજદો કરતુ

કે નમાઝ પઢતુ દેખાય છે તેને પણ શેર કરવાનો હુકમ આપવામાં આવે છે. અને ક્યાંક ફળ ફ્રૂટ અથવા કોઈ શાકભાજી અથવા પાણી કે ઝાડ વગેરે પર અલ્લાહ, મુહમ્મદ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ લખેલું દેખાડવામાં આવે છે. આ બધી તે વાતો છે જેનું વર્ણન કરતાં પણ શરમ આવે છે, પણ બયાન કરવી જરૂરી છે કેમ કે આ વાતોને ઈમાનનો હિસ્સો સમજવામાં આવી રહી છે. ઠીક છે કે ક્યાંક અલ્લાહ, મુહમ્મદ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ લખેલુ છે તો જરૂર એવું શક્ય છે, પણ એ ક્યાંનો ન્યાય છે કે તેને શેર ન કરવા પર તમે ઈસ્લામના તે વ્યક્તિને વર્તુળથી કાઢી મૂકો ?!

યાદ રાખો ! હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે **જે વ્યક્તિ કોઈ મુસલમાનને કાફિર કહે છે તે પોતે કાફિર થઈ જાય છે.**

આ ફેસબુકે કેટલી તબાહી મચાવી રાખી છે કે એક ફિર્કાવાળા બીજા ફિર્કાના લીડરોની તસ્વીરો બગાડે છે અને અમુક વખતે તેમનામાં હરિફાઈ કરાવવામાં આવે છે કે આમનામાંથી કોણ વધુ જ્ઞાનવાળો છે, ત્યાર બાદ તેના પર જે જહાલતની છાપો છોડવામાં આવે છે તેનાથી ફેસબુકનો ઉપયોગ કરનારાઓ સારી રીતે વાકેફ છે. એવા પયગામ પણ ફેસબુક પર ફરી રહ્યા છે જેમાં કસમ આપવામાં આવે છે કે આટલા લોકોને ફોરવર્ડ કરો તો તમારી દિલી ઈચ્છા પૂરી થશે, જો નહીં કરો તો નુકસાન ભોગવવું પડશે !

## ગંદા ફોટા કે વીડિયો કદાપિ ન શેર કરો ન જુઓ !

આ પ્રકારના હજારો દાખલા મૌજૂદ છે. સોશિયલ મીડિયા પર અત્યારે જે ગૈર શરઈ અને ગૈર સંસ્કારી આગ લાગેલી છે તેને કોઈ રીતે નિયંત્રિત કરો, નહીં તો એક એવો સમય આવનારો છે કે આ ફેસબુકી દુનિયામાં લોકો પોતાના મનઘડત કુર્આન અને હદીસો રજૂ કરશે. જે લોકો ગંદા વીડિયો, ફોટાઓ શેર કરે છે કે પછી સ્ત્રીઓના નામે એકાઉન્ટ બનાવે છે અને બેહયાઈનો એવો નઝારો દેખાડે છે કે ઈમાનવાળાની રૂહ કાંપી ઉઠે છે. પોતે તો ખોટુ કરે છે પણ બીજાઓ માટે પણ ગુનાહનો સામાન રજૂ કરી તેમને પણ ગુનેહગાર બનાવે છે. ઘણુ સારુ થાત જો આની જગ્યાએ સ્વીકાર પામેલ કથનો રજૂ કરવામાં આવતાં જે સદકએ જારિયાનો શ્રેષ્ઠ સબબ છે, પરંતુ શૈતાન જે માણસનો ખુલ્લો દુશ્મન છે તે આ ગંદા ચિત્રો અને વીડિયો શેર કરવા માટે ઉકસાવે છે.

## બહેનો ! પરાયા સામે તમારા ફોટા શેર ન કરો !

એવા યુવાનો પણ છે જેઓ છોકરીઓને ફોટા લગાડીને શેર કરવાનુ કહે છે. એમ પણ કહેવામાં આવે છે કે જે શેર કરશે તેને ફોન નંબર આપવામાં આવશે, પછી જોવા લાયક પરિસ્થિતિ હોય છે કે નંબર મેળવવા માટે ફોટાને એટલો પ્રમાણમાં શેર કરવામાં આવે છે કે ચોવીસ કલાકમાં આખા જગતમાં શેર થઈ જાય છે ! ફોન નંબર તો નથી મળતો પણ આમાલનામામાં કેટલા ગુનાહ લખાય છે તે તો અલ્લાહ તઆલા જ જાણે છે !

ભાઈઓ ! શા માટે પોતાની દુનિયા તથા આખેરતને તબાહ કરવામાં આવી રહી છે ? મારી વિનંતી છે યુવાન બહેનોને કે તમે પોતાના ફોટાઓની રક્ષા કરો જેથી બેઈજ્જતીનુ જીવન પસાર કરવું ન પડે. આ ઈન્ટરનેટ અને મોબાઈલે કેટલાંય ઘરો વિખેરી નાખ્યાં છે. બહેનો ! કોઈ પણ ગૈર વ્યક્તિ પર ભરોસો ન કરો, નહીં તો આખી જિંદગી અફસોસ સિવાય કાંઈ પણ હાથ નહીં આવે.

એક તો બેશરમ પ્રકારની છોકરીઓ પોતે જ

પોતાના અને બીજી સહેલીઓના ફોટા, વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરી બેશરમી ફેલાવી બીજાઓને પણ ગુનેહગાર કરે છે. વળી દુર્ભાગ્યરૂપે અમુક સોશિયલ મીડિયાના એવા દીવાના પણ છે જેઓ પોતાની પત્ની અને પુત્રીઓના ફોટા, વીડિયો શેર કરે છે, દા.ત. શાદી વિવાહ અથવા પિકનિક, અવલિયાના મઝારો પર હાજરીનાં હોય કે પછી બીજા બરકતવાળાં સ્થળોનાં પિકચર હોય, તેને બહુ ફખ્રથી શેર કરવામાં આવે છે. આ એક રીતે પોતાની ઈજ્જત વેડફી બીજાની મોજનો સામાન પેદા કરવું છે, અને બીજા પણ મજાથી પોતાની આંખોમાં જહન્નમની આગ ભરે છે. અલ્લાહ તઆલા પોતાની રક્ષામાં રાખે.

## હજ્જ ઉમરા ઈબાદત છે તેની સેલ્ફી બેઅદબી તથા રિયાકારી છે

જયારથી મોબાઈલનો વપરાશ થઈ રહ્યો છે ખાસ કરીને ઈન્ટરનેટના આવ્યા બાદ તો મક્કા મોઅઝ્ઝમા અને મદીના તયબહની પવિત્રતાનો ખયાલ કર્યા વગર સેલ્ફી, ફોટા અને વીડિયો પોસ્ટ કરવામાં આવે છે. એવો માહોલ બનાવી દેવામાં આવ્યો છે જાણે બૈતુલ્લાહ અલ્લાહનુ ઘર નહીં, અને ગુંબદે ખઝરા રસૂલુલ્લાહ ﷺનું મઝાર નહીં બલ્કે મઆઝલ્લાહ ! આ કોઈ ટૂરિસ્ટ પ્લેસ છે જ્યાં વગર કાંઈ વિચાર્યે આ બુરા કાર્યને પાર પાડવામાં આવે છે. હજ્જ ઉમરાહ કરવાવાળાની નિય્યત આ બધુ શેર કરતી વખતે શું હોય છે તે તો અલ્લાહ જ જાણે છે ! જો (અલ્લાહ ના કરે) નિય્યતમાં ગડબડ હોય એટલે કે રિયાકારી (લોકોને દેખાડવું) મક્સદ હોય તો સમજી લો કે સવાબને બદલે ગુનાહોનુ પોટલુ લઈને પાછા આવવું પડશે. થોડા દિવસ પહેલાં સોશિયલ મીડિયા પર એક તુર્ક પત્રકારની વીડિયો વાઈરલ થઈ જેમાં પત્રકાર પોતાની મંગેતરને ખાસ ખાનએ કા'બાની સામે પ્રપોઝ કરી રહ્યો હતો ! તેણે જણાવ્યું કે તેની દિલી ઈચ્છા હતી કે પોતાની મંગેતરને ખાનએ કા'બાની સામે પ્રપોઝ કરે. આ હાલત છે મુસ્લિમ કૌમની કે કા'બા શરીફ તથા રોઝાએ રસૂલ ﷺ જેવી બાબરકત અને પાક જગ્યાએ પણ પોતાની નફસાની ખ્વાહિશ ખાતર તેની અઝમતને પામાલ કરવાથી પણ નથી રોકાતા. (અલ્લાહની પનાહ !)

## કોઈની બેઈજ્જતી ન કરો

બીજાઓને બદનામ કરવા માટે ગૈર શરઈ અને ગૈર અખ્લાકી વસ્તુઓ પણ તેમના નામથી શેર કરવામાં આવે છે જે સખત ખરાબ અને શરમજનક કાર્ય છે. અમુક વખતે બીજાની પોસ્ટ કોપી કર્યા બાદ પોસ્ટ કરી નીચે અથવા ઉપર પોતાનું નામ લખી દેવામાં આવે છે. વળી એક જ પોસ્ટ ઘણા લોકોના નામથી સોશિયલ મીડિયા પર ફરતી રહે છે જેનાથી લેખક અને ચોર બંને વાંચનકર્તાની નજરમાં શંકાના ઘેરામાં આવી જાય છે અને તેને ચોરી કહેવામાં આવે છે, અને ઈસ્લામમાં ચોરની સજા એ છે કે તેના હાથ કાપવામાં આવે છે. અહીં તો શક્ય નથી પરંતુ પોસ્ટ કરનારની નાક જરૂર કપાય છે.

## ઈજાઝત વિના કોઈનો મોબાઈલ ન જુઓ !

સૌથી મોટી ખરાબી એ છે કે બીજાના મોબાઈલ જોવાના બહાને તેમના ફોનની ગેલરીમાં ફોટા ચેક કરે છે. જો કોઈ પસંદ આવી જાય તો તેને પોતાના અથવા બીજા કોઈ મિત્રના નંબર પર શેર કરી દે છે. જ્યારે કે મિત્ર અથવા બીજા કોઈ પણ વ્યક્તિની પરવાનગી વગર તેમની કોઈ પણ વસ્તુ જોવા કે અડકવાની ઈજાઝત નથી, જયારે અહીં તો પૂરે પૂરો ગોટાળો થઈ રહ્યો છે ! અને બીજાઓની માં બહેનોની આબરૂ બર્બાદ કરવામાં આવી રહી છે. આવા લોકો અલ્લાહથી ડરે અને આખેરતને સામે રાખીને એ પણ

યાદ રાખે કે આજે તેઓ કોઈની મા બહેન સાથે આવું કરી રહ્યા છે તો કાલે તેમની મા બહેન સાથે પણ થઈ શકે છે ! એ ન ભૂલે.

## અંતમાં નમ્ર ગુઝારિશ કે...

ઈન્ટરનેટને વાપરનારાઓને અપીલ છે કે મહેરબાની કરીને એવી પોસ્ટ બિલ્કુલ ફોરવર્ડ ન કરશો કે જે પ્રમાણિત ન હોય અને પોતાનો કિંમતી સમય બેકારની વાતોમાં ન વેડફશો. શરમજનક અને વગર કામની પોસ્ટ કરનારા વ્યક્તિઓને પ્યારથી સમજાવો, તેમને જણાવો કે આવુ કરવું ગુનો છે સવાબ નથી, અને એ વાતની પણ જાણકારી આપો કે **આપણે સોશિયલ મીડિયા પર જે કાંઈ કરી રહ્યા છીએ તે આપણા આમાલનામામાં લખાય છે, કાલે ક્યામતમાં એનો હિસાબ થશે અને સજા ભોગવવી પડશે.**

ખાસ કરીને વાલીઓ પોતાનાં સંતાનો પર સખત નજર રાખે કે તેમનું બાળક ક્યા પ્રકારના મિત્રો સાથે ચેટ કરે છે અને કયા પ્રકારની વેબસાઈટો સર્ચ કરે છે. તેનો મોબાઈલ અચાનક ચેક કરી લેવામાં આવે, ક્યાંક તે ખરાબ પ્રકારના લોકો સાથે જોડાયેલો તો નથી જે તેની દુનિયા અને આખેરતને બર્બાદ કરી રહ્યા હોય. પણ હાલ એ છે કે રાત્રે બે બે ત્રણ ત્રણ વાગ્યા સુધી તે મોબાઈલ પર ગુલ ખિલવ્યા કરે છે અને ન માતાને ન પિતાને તથા તેમના બાળકને ફજરની નમાઝની કોઈ ફિકર હોય છે !

જો વાલીઓ ઈચ્છે છે કે તેમનાં બાળકોની સારી તર્બિયત થાય તો જ્યાં સુધી બાળક સમજદાર બાલિગ ન થઈ જાય ત્યાં સુધી તેને વગર કામે મોબાઈલ તદન ન આપે, જેથી એક સારો અને બેહતર સમાજ બની શકે. અને આ આપણા સૌની ફરજ છે, ફક્ત અમુક લોકો આ બુરાઈને ખતમ નથી કરી શકતા. જો હજુ પણ નહીં સમજો તો તૈયાર થઈ જાવ અલ્લામા ઈક઼બાલના આ શેરને પાત્ર બનવા માટે :

***ન સમઝોગે તો મિટ જાઓગે હિંદી મુસલમાનો***
***તુમ્હારી દાસ્તાં તક ભી ન હોગી દાસ્તાનોં મેં***

*—(કન્ઝુલ ઈમાન મંથલી—ઉર્દૂ, દિલ્હી, સપ્ટે—૨૦૧૭)*

## ઈન્તેક઼ાલ પુરમલાલ !

**જંબુસર** : થી ખાદિમે અશરફો રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે જનાબ હાફેઝ મુહમ્મદ દહેગામવાલાના વાલિદ સાહબ મર્હૂમ ઈસ્માઈલ ચાચાનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. તથા જનાબ હાફેઝ સિરાજ સાંપાવાલાના વાલિદ મર્હૂમ હાજી વલીભાઈ પટેલનો તા. ૨૩—૧૦—૨૦૧૭, ૨—સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૯, સોમવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. (નમાઝે જનાઝા સૈયદ અમીનઅલી ક઼ાદરી—માલેગાંવીએ પઢાવી) તથા હાફેઝ ઈલ્યાસ રઝવી જંબુસરીના વાલિદ સાહબ મર્હૂમ ઈકબાલભાઈ અલ્લાહ તઆલાની રહ્મતમાં પહોંચી ગયા છે. ત્રણેવની ફાતિહાખ્વાની દુઆ દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા મુદર્રિસ, તલબાએ સાથે મળીને કરી હતી. તેમજ મર્હૂમા બિલ્કીસબાનુ યૂસુફભાઈ મલેક રમઝાન માસના ૧ ચાંદના રોજ તા. ૨૭—૫—૨૦૧૭ને શનિવારના રોજ ૫૮ વરસની ઉંમરે ઈન્તેક઼ાલ કરી ગયા છે. રૂા. ૧૫૦/— મર્હૂમાના સવાબ અર્થે મળેલ છે. જઝાકલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી

અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## અમાનતમાં ખયાનત કરવી કેવી ?

અમાનતમાં ખયાનત પણ એક મહાન અખ્લાકી જુર્મ છે. માલિકની ઈજાઝત વિના કોઈની ચીજને પોતાના કામમાં લઈ લેવી ખયાનત છે. આ પણ એક જાતની ચોરી છે, કેમ કે જે હક્ક અદા કરવો વાજિબ છે તેને ઈમાનદારીથી અદા ન કરવો ખયાનત છે. આમ પણ દરેક હક્કદારનો હક્ક અદા ન કરવો ખયાનત છે. એ જ પ્રમાણે પતિના માથે પત્નીના જે હક્કો અદા કરવા વાજિબ થાય છે તેનો ગલત ઉપયોગ ખયાનત છે. કોઈ પણ ખાતાનો ઓફિસર કે કર્મચારી જો પૂરી ડયૂટી અંજામ નથી આપતો એ પણ ખયાનતમાં સામેલ છે. તે ઉપરાંત ખયાનત શરીરના દરેક અંગથી થઈ શકે છે, જેથી દિલ, જીભ, હાથ, પગોને અહકામે ઈલાહીની વિરુદ્ધ ઉપયોગ કરવો પણ ખયાનત છે. કેમ કે ઈર્શાદે બારી તઆલા છે : "અલ્લાહ તમારી આંખોની ખયાનત તથા સીનામાં છુપાયેલ રાઝને જાણે છે." *(સૂરએ અલ મુઅ્મિન)*

જો કોઈ કોઈની સાથે વાત કરે અને કહે કે કોઈ બીજાને ન બતાવશો. જો બતાવી દેવામાં આવે તો એ પણ ખયાનત છે. કોઈ અન્યનો વિના ઈજાઝતે પત્ર વાંચવો એ પણ ખયાનત છે. બદ્કિસ્મતીથી આજે ખયાનત ખૂબ જ આમ થઈ ચૂકી છે, જેથી એનાથી બચવાની દરેક શક્ય કોશિશ કરવી જોઈએ.

હઝરત અબૂ અમામા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺનું આલીશાન ફર્માન છે, મો'મિન દરેક પ્રકારની ખસલતો પર પેદા કરવામાં આવે છે, ખયાનત તથા જૂઠ સિવાય. *(અહમદ, બયહકી)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺનું આલીશાન ફર્માન છે કે મુનાફિકની ત્રણ નિશાનીઓ છે : (૧) જ્યારે વાત કરે છે તો જૂઠુ બોલે છે. (૨) જ્યારે વાયદો કરે છે તો તેનાથી વિરુદ્ધ વર્તે છે. (૩) જ્યારે એની પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત (અપ્રમાણિક્તા) કરે છે. *(બુખારી શરીફ)*

**જે લોકો ખયાનત કરે છે તેમને એ ચીજોની સાથે લાવવામાં આવશે જેમાં તેમણે ખયાનત કરી હશે. પછી તેમને જહન્નમના દરિયામાં એ ચીજોની સાથે નાખી દેવામાં આવશે. પછી તેમને કહેવામાં આવશે કે દરિયામાં ડૂબકી મારો અને તે ચીજોને કાઢો જેમાં તમે ખયાનત કરી હતી. તે દરિયાના તળિયા સુધી જશે તેની ઊંડાઈનો ઈલ્મ કેવળ ખુદા તઆલાને છે. તે એ દરિયામાં ડૂબકી મારશે અને જ્યારે શ્વાસ લેવા માટે માથુ ઉઠાવશે તો સિત્તેર હજાર ફરિશ્તા લોખંડના ગુરજો વડે તેને મારશે. આ અઝાબ સતત ચાલુ રહેશે.** *(ગુન્યતુત્તાલિબીન)*

## વાદાખિલાફી પર કન્ટ્રોલ

વાદાખિલાફીનો મતલબ એ છે કે કોઈ કામને કરવાનો ઈક્રાર કરીને એને પૂર્ણ ન કરવામાં આવે. મોટાભાગે લોકો એને ગુનોહ જ નથી સમજતા,

જ્યારે કે આ પણ એક પ્રકારનું જૂઠ છે, જેની ગણના કબીરા ગુનાહોમાં થાય છે. જાણી જોઈને વાદા ખિલાફી પર પકડ વધારે છે અને કોઈ કારણસર વિના નિય્યતે થઈ જાય તો એના પર પકડ ઓછી થશે. **કોઈ કૌમની અઝમત તથા ઉચ્ચતાનું રાઝ એમાં જ છે કે તે વાયદાનો ભંગ કરનાર ન હોય. કેમ કે વાયદો એ કૌલ (કરાર) છે જેના પર જગતભરનો કારોબાર, સંબંધ તથા લેવડ દેવડનો દારોમદાર છે.** સારાંશ કે જિંદગીનું કોઈ ક્ષેત્ર એવું નથી જેમાં વાયદાને સંબંધ ન હોય એટલા માટે વાયદો કરીને એને પૂરો કરવો પ્રગતિના રહસ્યોમાંનું એક રહસ્ય છે.

ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદના અલી رضی اللہ عنہથી રિવાયત છે કે મદની તાજદાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે મુસલમાન વચનભંગ (વાદા ખિલાફી) કરે તેના પર અલ્લાહ ﷻ તથા ફરિશ્તાઓ તથા તમામ લોકોની લઅનત છે, અને એનો ન કોઈ ફર્ઝ કબૂલ થાય છે ન નફલ. *(બુખારી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે ચાર પ્રકારની વાતો જે શખ્સમાં હશે તે **ચોખ્ખો મુનાફિક** હશે : (૧) જ્યારે વાત કરે તો જૂઠુ બોલે. (૨) જ્યારે વાયદો કરે તો વાયદો પૂરો ન કરે. (૩) જ્યારે કોઈ કરાર કરે તો વચનભંગ કરે. (૪) જ્યારે ઝઘડો કરે તો ગાળો બોલે. *(બુખારી શરીફ)*

પ્યારા દીનીભાઈઓ ! બહેનો ! વાયદો કર્યા પછી તેને પૂરો કરવો ઈસ્લામની તા'લીમાતનો અનિવાર્ય હિસ્સો છે. કેમ કે ઈસ્લામી દૃષ્ટિબિંદુથી એ બાબતને જરૂરી ઠરાવવામાં આવેલ છે કે જે શખ્સની સાથે વાયદો કરવામાં આવે તેને પૂરો કરવામાં આવે. આવું કરવાથી ભાઈચારામાં વધારો થાય છે, અને વાયદાખિલાફીથી નફરતો જન્મ લે છે, એટલા માટે વાદા ખિલાફીથી મના કરવામાં આવ્યું છે.

કુર્આન મજીદમાં વાયદો પૂરો કરવાની તાકીદ કરવામાં આવી છે, કેમ કે વાયદાના બારામાં આખેરતમાં પૂછતાછ થશે. વાયદાના વિશે એ પણ તાકીદ છે કે ઈન્સાન જ્યારે વાયદો કરે તો ઈન્શાઅલ્લાહ ! કહે કેમ કે અલ્લાહ ﷻની તૌફીક તથા મરજી વિના કોઈ વાયદો પૂરો નથી કરી શકતા.

અમલી જિંદગીમાં એ વાત મોટાભાગે અનુભવવામાં આવે છે કે કારોબારી હઝરાત લેણદેણમાં વાદાખિલાફી કરે છે અને તેને મામૂલી વાત સમજે છે અને ગ્રાહકનું કોઈ કામ જો ઓર્ડર પર તૈયાર થઈ રહ્યું હોય તો ફોગટમાં તેને વારંવાર આવજાની તકલીફ આપે છે કે ફલાણા દિવસે આવજો તમારું કામ સંપૂર્ણ થઈ જશે. પછી જ્યારે ગ્રાહક ભાડુ ખર્ચીને કે તકલીફ ઉઠાવીને જાય છે તો હસીને કે તતડાવીને કહે છે કે ફલાણા દિવસે આવજો. ફરી તે દિવસે જાય છે તો ફરી કોઈ અન્ય વાયદા પર ટાળી દે છે, ત્યાં સુધી કે લોકોને આ રીતે બેહદ પરેશાની વેઠવી પડે છે. આવી વાદાખિલાફીઓમાં સમાજ ઘણો જ આગળ નીકળી ચૂક્યો છે પરંતુ પોતાના કુસૂરની તરફ કોઈ ધ્યાન નથી કરતુ અને વાદાખિલાફીને બુરાઈ નથી સમજતા, અને કહે છે કે કારોબારમાં આ તો સામાન્ય છે !

આ નાની સરખી બુરાઈ તરફ ધ્યાન ન કરવાના કારણે ઈન્સાન બેહદ ગુનેહગાર થતો રહે છે. અને પછી જ્યારે તેને પોતાના અમલોના કારણે સજા મળે છે તો પછી અલ્લાહ ﷻથી શિકાયત કરવા લાગે છે અને કહે છે કે, "હું કઈ બુરાઈ કરું છું ! નમાઝો પણ પઢુ છું અને રોઝા પણ રાખુ છું

તો પછી આ મુસીબત મારા પર શાથી આવી ?! પણ રોજી કમાવાના માટે લોકો સાથે એ જે વાદાખિલાફીઓ કરે છે એના તરફ એની નજર નથી પડતી. જેથી આ ગુનાહની તરફ ખાસ ધ્યાન આપો અને એનાથી પાકી તૌબા કરો.

તાજદારે રિસાલત ﷺની જિંદગી મુબારકનો એક બનાવ છે કે એકવાર વાયદો પૂરો કરવાના હેતુથી ત્રણ દિવસ સુધી એક સ્થળે ઉભા રહ્યા. *(અબૂ દાઊદ)*

આ હદીષ આપણને એ જ દર્સ આપે છે કે વાયદો કરવામાં સાવધાનીથી કામ લેવું જોઈએ અને કોઈની સાથે કોઈ વાયદો કરી લો તો તેને પૂરો કરવાની દરેક શક્ય તે કોશિશ કરો.

### ★ ગેરન્ટીથી જન્નતમાં જવાનો સરળ માર્ગ ! ★

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે છ વાતોની જો કોઈ ઝમાનત (જિમ્મેદારી) આપી દે તો **હું તેને જન્નતની ઝમાનત આપું છું** : (૧) વાત કરો તો સત્ય બોલે. (૨) વાયદો પૂરો કરે. (૩) અમાનતમાં ખયાનત ન કરે. (૪) શર્મગાહોની હિફાઝત કરે. (૫) નિગાહો નીચી રાખે. (૬) પોતાના હાથ બંધ રાખે. *(અહમદ)*

### ★ મગફેરતમાં રુકાવટનો અમલ ! ★

કોઈની વિરુદ્ધ દિલમાં બદલો લેવાની ભાવના રાખવી જ્યારે કે તે કુસૂરવાર ન હોય, એને અદાવત તથા કીનો કહેવાય છે. એ જ પ્રમાણે કોઈ દુશ્મની કે અદાવતનું દિલમાં મોડે સુધી રાખવું પણ કીનો કહેવાય છે. બુગ્ઝ (અદાવત) તથા કીનો એવી બદ્અખ્લાક઼ીની બીમારી છે કે તેનાથી દીન તથા ઈમાન ખરાબ થઈ જાય છે અને નેકી બર્બાદ થઈ જાય છે. બુગ્ઝ તથા કીનાથી દિલની પાકીઝગી ક઼ાયમ નથી થતી જેનાથી નેક અમલોમાં રુકાવટ પેદા થઈ જાય છે. એટલા માટે અલ્લાહ ﷻથી દુઆ માગવી જોઈએ કે અલ્લાહ દિલને બુગ્ઝ તથા કીનાથી પાક રાખે. બલ્કે ખુદ અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "હે મો'મિનો ! આ પ્રમાણે મારાથી દુઆ માગો કે હે અમારા પરવરદિગાર ! અમને તથા અમારા ભાઈઓને જે અમારાથી પહેલાં ઈમાનવાળા થયાં માફ ફર્માવ અને અમારા દિલમાં બુગ્ઝ તથા કીનો પેદા ન થવા દે."

હઝરત સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે દર અઠવાડિયે બે વખત બંદાઓના અમલો અલ્લાહ ﷻના દરબારમાં પેશ કરવામાં આવે છે તો અલ્લાહ ﷻ દરેક મો'મિન બંદાને બખ્શી આપે છે, પરંતુ એ બંદાને તેના તથા તેના ભાઈની દરમિયાન બુગ્ઝ તથા કીનો હોય તેની અલ્લાહ તઆલા મગફેરત નથી કરતો. *(કન્ઝુલ ઉમ્માલ)*

ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શબે બરાતમાં અલ્લાહ તઆલા તમામ બખ્શિશ માગનારાઓની મગફિરત ફર્માવી આપે છે, અને રહ્મત તલબ કરનારાઓ પર રહ્મત નાઝિલ ફર્માવે છે, પરંતુ કીનો રાખનારાના મામલાને પાછો ઠેલે છે તથા મુલ્તવી કરી દે છે. *(કન્ઝુલ ઈમાન)*

હઝરત સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એ હલાલ નથી કે મુસલમાન અદાવત તથા કીનાના કારણે ત્રણ દિવસથી વધુ સંબંધ કાપીને એને છોડી આપે. જે ત્રણ દિવસથી વધુ આ રીતે સંબંધ છોડીને રહેશે અને એ જ હાલતમાં મરી જશે તો તે જહન્નમમાં દાખલ થશે. *(મિશ્કાત શરીફ, બહવાલા અબૂ દાઊદ)*



# હઝરત સૈયદના સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની દસ્તગીરી (તથા) મસીહાઈ

❒ રજૂકર્તા : મૌલાના મુહમ્મદરઉફ રઝવી-પાલેજ ❒

હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ ને કુદરતે ખૂબ જ ઈલ્મી વિશાળતા અને અત્યંત દૂરંદેશી અને વિચારશીલતાથી નવાઝયા હતા, આપની જાતે બાબરકત રૂહાની કમાલાત અને તસર્રુફાતના આધારે પણ ઔલિયા અને મશાઈખમાં અનોખી અને વિશિષ્ટ છે. આપની કરામતો પર એક જમાનો ત્યારે પણ આશ્ચર્યમાં હતો અને આજે પણ અચંબામાં છે કે સરવરે કાઈનાત ﷺ નો એક આશિકે સાદિક઼ એવી રિફઅતો અને મહાનતા ધરાવનાર થઈ શકે છે ?! તેમની કરામતો માત્ર આશ્ચર્યજનક નથી બલ્કે પોતાની અંદર અંતઃદષ્ટિ અને દૂરંદેશી ધરાવે છે. આપની સૌથી મોટી કરામત એ છે કે આપની નેક કોશિશોથી ગુલશને ઈસ્લામમાં ફરીવાર બહાર આવી ગઈ, શિર્ક અને બિદઅતનું અંધારુ દૂર થઈ ગયું, ઈસ્લામી મૂળ માન્યતાઓ અને તા'લીમાત પ્રકાશમાં આવી ગઈ. આપની કેટલીક કરામત જુઓ :-

હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ આમ લોકોથી ભલે તે અભણ હોય, ગરીબ અને મજૂર હોય તેઓથી ખૂબ જ મહોબ્બત કરતા. આપની ખ્યાતિ અને મક઼બૂલિયતનો એક મોટો સબબ એ પણ છે કે આપ માનવતાવાદી હતા. જે કોઈને મુસીબતમાં જોતા તરત તેની મદદ કરવા તૈયાર થઈ જતા હતા. કેટલાક એવા બીમાર જેઓને હકીમ અને ડોકટરોએ લાઈલાજ બતાવી દીધા તેમને આપની સેવામાં લાવવામાં આવતા તો આપ رضی اللہ عنہ પોતાનો પ્રેમાળ હાથ તેઓના શરીર પર ફેરવતા અથવા ફૂંક મારતા તો તે બીમાર ફરીવાર સાજો થઈ જતો, એમ લાગતું જાણે તે ક્યારે બીમાર થયો જ નથી !

## ખેંચની બીમારી મટી ગઈ

એક વ્યક્તિએ બતાવ્યું કે મારી પત્નીને ખેંચની બીમારી છે. મોટામાં મોટા ઈલાજ અને ઝાડ ફૂંક કર્યા છતાં થોડો પણ ફરક નથી પડયો. હઝરતે ફર્માવ્યું, જો હવે ખેંચ આવે તો તમારી પત્નીના કાનમાં કહી દેજો, હે હાનિસ ! શૈખ અબ્દુલક઼ાદિર બગદાદમાં સ્થાયી છે અને ફર્માવે છે કે જો તું દૂર નહીં થાય તો તને હલાક઼ કરી દેશે. રાવી કહે છે કે મેં એ જ કર્યું જે મને કહેવામાં આવ્યું, પછી મારી પત્નીને ક્યારે દોરો નથી પડયો.

## જન્મજાત લકવાગ્રસ્ત સાજો થઈ ગયો !

શૈખ અબુલ હસન હીતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક વખત હું આપના મદ્રસામાં હાજર હતો. એક માલદાર વેપારી અબૂ ગાલિબ હાજર થયો અને અદબ સાથે અર્ઝ કરી કે હુઝૂરના જદ્દે કરીમ ﷺ નું ફર્માન છે કે જયારે કોઈ શખ્સ દા'વત પેશ કરે તો ક઼બૂલ કરી લેવી જોઈએ. ખાદિમ આપની ખિદમતમાં અર્ઝ કરે છે કે મારી દા'વત ક઼બૂલ

ફર્માવી લો. આપ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જો મને ઈજાઝત મળી જશે તો જરૂર શરીક થઈશ. ત્યાર બાદ આપે મુરાકબામાં માથુ ઝુકાવ્યું. પછી સર મુબારક ઉઠાવીને ફર્માવ્યું, મને ઈજાઝત મળી ગઈ. હવે હું જરૂર જઈશ.

સમયસર પોતાની સવારી પર સવાર થઈને વેપારીના ઘરે પહોંચી ગયા. ત્યાં ઓલમા અને મશાઈખની એક ખૂબ જ મોટી જમાઅત પહેલાંથી ઉપસ્થિત હતી. દસ્તરખ્વાન બિછાવવામાં આવ્યું અને ભાત ભાતનું ખાવાનું મૂકવામાં આવ્યું. પછી એક મોટો ટોપલો જેના પર ચાદર પડેલી હતી તેને બે વ્યક્તિ ઉઠાવીને લાવ્યા અને દસ્તરખ્વાનના એક કિનારે મૂકી દીધો. ત્યાર પછી ઘરવાળાએ કહ્યું, બિસ્મિલ્લાહ કરો ! પરંતુ સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ હજુ સુધી મુરાકબામાં સર ઝુકાવીને બેસી રહ્યા. આપે ખાવા તરફ હાથ ન લંબાવ્યો જેથી કોઈની હિમ્મત ન થઈ શકી. થોડીકવાર પછી આપે પોતાના સાથીઓને હુકમ આપ્યો કે તે ટોપલાને ખોલો. હુકમે આલી મુજબ તેઓએ ટોપલાને ખોલ્યો અને આપની સમક્ષ લાવી મૂકી દીધો. તેમાંથી એક જન્મજાત આંધળુ, અપંગ બાળક નીકળ્યું. આ બાળક તે વેપારીનું હતું. સરકારે આ જોઈને ફર્માવ્યું, અલ્લાહ હૈયુ અને કૈયૂમના હુકમથી તંદુરસ્ત થઈ ઊભો થઈ જા ! આ ફર્માવતાંની સાથે જ તે બાળક બિલ્કુલ સાજુ અને સલામત થઈ ઉભુ થઈ ગયું. એવું લાગતું હતું કે આ બાળક ક્યારે બીમાર થયું જ ન હતું.

## કમજોર ઊંટણી તેજ રફતાર થઈ ગઈ !

હઝરત અબૂ હફ્સ ઉમર બિન સાલેહ હદાવી પોતાની કમઝોર ઊંટણી લઈ હાજર થયા અને અર્ઝ કરી કે હજ્જે બયતુલ્લાહ શરીફનો ઈરાદો ધરાવું છું પણ મારી આ ઊંટણી ખૂબ જ કમજોર છે, જેનાથી સફર કરવું મુશ્કેલ છે તેના સિવાય ન મારી ઊંટણી છે, ન એટલા પૈસા છે કે ખરીદી શકું. આપ કોઈ તદબીર ફર્માવો. આપે ઊંટણીની પેશાની પર પોતાનો દસ્તે મુબારક મૂકી દીધો. બસ ! પછી શું હતું ?! તે ઊંટણી તંદુરસ્ત અને તેજ રફતાર થઈ ગઈ.

## સીના પર હાથ રાખવાની બરકત !

શૈખ અલી યઅકૂબી લખે છે કે હું મારા મુર્શિદ અલી બિન હીતી સાથે હઝરત મહબૂબે સુબ્હાની رحمۃ اللہ علیہ ની ખિદમતમાં હાજર થયો. મુર્શિદે શૈખ જીલાનીથી મારી ઓળખ આપતા ફર્માવ્યું, હઝરત આ મારો ગુલામ છે. હઝરત શૈખ જીલાનીએ પોતાનું પેરહન મુબારક મને પહેરાવીને ફર્માવ્યું : "હે અલી ! તે આફિયત (ભલાઈ તથા સલામતી)નો લિબાસ પહેરી લીધો છે." હું ૬૫ વર્ષ સુધી તે લિબાસને પહેરતો રહ્યો અને એ દરમિયાન ક્યારે મારા પર કોઈ મુસીબત ન આવી.

એથી પહેલાં પણ હું એક વાર આપની ખિદમતમાં હાજર થયો હતો, ત્યારે આપે મારા પર એક નજર ફર્માવી ગરદન ઝુકાવી તો એક નૂર આપના શરીરથી નીકળીને મારી પાસે આવ્યું. જેના કારણે ન માત્ર ભૂતકાળના હાલાત મારા પર ખુલવા લાગ્યા બલ્કે મેં ફરિશ્તાઓનાં ઠેકાણાં પણ જોઈ લીધાં. અલગ અલગ સમયે ફરિશ્તાઓની તસ્બીહના અવાજો પણ સાંભળ્યા અને દરેક ઈન્સાનના લખાયેલા તકદીરને પણ વાંચ્યાં. આપે મને ફર્માવ્યું હતું, હે અલી ! સંકોચ વગર આ ચીજોને પ્રાપ્ત કરી લો. પરંતુ મેં મારી કૈફિયતને મેહસૂસ કરી આ પ્રમાણે અર્ઝ કરી, હે સરદાર ! એ દશ્યો જોયા પછી મને મારા હોશ અને હવાસના નિર્બળ થવાનો ભય છે. આ સાંભળી આપે

મારા સીના પર હાથ રાખ્યો, તે સમયે મને રૂહાની સુકૂન હાંસલ થઈ ગયું અને તે મુશાહિદાના કારણે જે ભય મારા પર છવાયો હતો, તે દૂર થઈ ગયો અને તે નૂરની રોશનીમાં આજ સુધી આલમે બાલાની સૈર કરતો રહું છું.

## દિલના ખયાલથી વાકેફ થઈ ગયા !

જ્યારે આપ મસ્નદે ઈર્શાદ પર બેસતા તો અમુક સમયે અદ્દ્ભુત વસ્તુઓ જોવા મળતી. હિ.સ. પર૯માં એક શખ્સ ઉન્દુલુસથી ચાલીને વાઅઝની મજલિસમાં પહોંચ્યો, આપની વાઅઝ સાંભળી, ઈલ્મી શ્રેષ્ઠતાની શાન જોઈને તેના દિલમાં એ ખયાલ આવ્યો કે કાશ જનાબ શૈખ ફલાણાં મસાઈલ પર ઈઝહાર અને ખયાલ ફર્માવે. જેથી આપની તેહકીકથી મારો વહમ દૂર થઈ જાય. જેવો તેના દિલમાં ખયાલ પેદા થયો. જનાબ શેખએ કલ્બી તસર્રુફથી જાણી લીધું અને તરત જ એ જ મસાઈલ પર એવી જામેઅ તકરીર કરી જેથી તે શખ્સને તસલ્લી થઈ ગઈ.

## વરસાદને થંભાવી દીધો !

એક દિવસ જ્યારે આપ એક ખૂબ મોટા ઈજતેમામાં વઅઝ ફર્માવતા હતા એવામાં એકદમથી વાદળો છવાઈ ગયાં અને છાંટા શરૂ થઈ ગયા. મજલિસમાં કેટલાક લોકો આમ તેમ થવા લાગ્યા. આપે આસ્માન તરફ નિગાહ ઉઠાવી અને ફર્માવ્યું : "હે વાદળ ! હું મખ્લૂકે ખુદાને ખુદાના ઝિક્ર માટે જમા કરું છું અને તું વિખેરવા માગે છે ?! એ કહેવું હતું કે વરસાદ બંધ થઈ ગયો.

## ગળામાં સાપ લપેટાયો છતાં....

તકરીર કરવાની અવસ્થામાં આપના દિલી સંતોષ અને સ્થિરતાનો આલમ જુઓ કે એક વખત તકરીર દરમિયાન ધાબા પરથી એક સાપ પડયો અને આપની ગરદનમાં લપેટાઈ ગયો. શૈખ અહમદ બિન સાલેહ જૈલી રાવી છે કે હાજરજનો પર પરેશાની છવાઈ ગઈ કે કદાચ કોઈ નુકસાન પહોંચે. પણ આપે કલામનો સિલસિલો ચાલુ રાખ્યો અને પોતાની જગાથી હરકત ન ફર્માવી. ઈત્તેફાક જુઓ કે એ તકરીરમાં આપ તકદીરના મસાઈલ પર ગુફતગૂ કરી રહ્યા હતા.

## આપનો હાથ સીના પર ફરતાં ઈલ્મે લદુન્ની મળ્યું !

શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મને ઈલ્મ પ્રાપ્તિના સમયમાં ફલસફા અને ઈલ્મે કલામથી ખૂબ લગાવ હતો. મારા ચાચા નજીબુદ્દીન મને હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની ખિદમતમાં લઈ ગયા અને કહ્યું, આ છોકરો ફલસફિયાતને નથી છોડતો. જેના પર જનાબ શૈખે મને આગળ બોલાવ્યો અને પૂછયું, બેટા ! કઈ કઈ કિતાબો પઢી લીધી ? મેં કિતાબોનાં નામ લીધાં. આપે પોતાનો હાથ મારા સીના પર ફેરવ્યો, જેવો હાથ ઉઠાવ્યો, મને તે કિતાબોના ઝખીરામાંથી એક લફ્ઝ પણ યાદ ન હતો, પરંતુ ખુદાએ મારા સીનામાં ઉલૂમે લદુન્નિયા ભરી આપ્યાં.

## આપના વુઝૂના પાણીની બરકત !

એક વખત શૈખ અલી હીતી رحمۃ اللہ علیہ બીમાર થયા. હઝરત શૈખ رحمۃ اللہ علیہ તેમની ઈયાદત માટે તશરીફ લાવ્યા. એ જગા પર ખજૂરના બે ઝાડ સૂકાઈ ગયાં હતાં. અને ચાર વર્ષથી ફળ વિનાનાં હતાં. હઝરતે તે ઝાડની નીચે બેસીને વુઝૂ ફર્માવ્યું, બે રકાત નમાઝ અદા ફર્માવી. એક જ અઠવાડિયામાં બન્ને ઝાડ લીલાંછમ થઈ ગયાં અને ફળ આવી ગયાં.

## ચોરને પલમાં અબ્દાલ બનાવ્યો !

એક વખત એક ચોર આપના ઘરમાં આવી ગયો. તરત જ આંધળો થઈ ગયો અને કાંઈ પણ ન જોઈ શક્યો. એ જ સમયે હઝરત ખિઝર علیہ السلام

આવ્યા અને કહ્યું, હે વલી અલ્લાહ ! એક અબ્દાલ મૃત્યુ પામ્યા. જેના માટે હુકમ આપો એને તેની જગા અબ્દાલ મુકર્રર કરવામાં આવે. ફર્માવ્યું, અમારા ઘરમાં એક શખ્સ આજિઝ અને તકલીફમાં પડેલ છે, જાવ ! તેને લાવો અને તેની જગા અબ્દાલ બનાવી દો. હઝરત ખિઝર علیہ السلام એને ઘરમાંથી બહાર લાવ્યા અને હઝરત સૈયદના ગૌષે આઝમ رضی اللہ عنہની ખિદમતમાં એને હાજર કર્યો. આપની એક જ નજરથી તે દેખતો થઈ ગયો અને દર્જએ અબ્દાલિયત પર ફાઈઝ થઈ ગયો.

હઝરત શૈખ رحمۃ اللہ علیہ એક બુલંદ પાયા સૂફી બુઝુર્ગ હતા. પરંતુ છેલ્લા દમ સુધી શરીઅતને ભૂલાવી નથી કરી. શરીઅતના મામલામાં ખૂબ જ ગૈરતમંદ હતા. જ્યાં શરીઅત વિરૂધ્ધ હરકત જોતા ટોકી દેતા. બલ્કે જે જે લોકો શરઈ સિદ્ધાંતોમાં કંઈક વધારે જ નીડરતા બતાવતા આપ તેઓના હાલને સલ્બ ફર્માવી લેતા. ફર્માવ્યા કરતા :–

"હે લોકો ! જો શરીઅતનો ખયાલ અને અદબ નહીં રાખો તો હું તમને ચેતવણી આપું છું કે જે તમે ખાઓ છો, જે કાંઈ તમે ભેગુ કરો છો, મારી સામે આઈનાની જેમ છે. તમારા જાહેર અને બાતિનને તે આઈનામાં જોઈ લઉં છું.

## જેનો પીર શયખ અબ્દુલ ક઼ાદિર હોય...!

શૈખ અબુલ હસન બગદાદી رضی اللہ عنہએ ફર્માવ્યું, કે મેં સ્વપ્નમાં જનાબ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ મારા માટે દુઆ ફર્માવો કે મને કુર્આન અને સુન્નત પર અમલ કરતાં કરતાં મૌત આવે. આપે ઈર્શાદ ફર્માવ્યું, એવું જ થશે અને કેમ ન થાય, જ્યારે કે તમારા પીર શૈખ અબ્દુલ કાદિર જીલાની છે. મેં ત્રણ વખત એ જ દરખાસ્ત કરી, ત્રણેય વખત આપે એ જ જવાબ આપ્યો. સવારે ઉઠીને આ સ્વપ્ન મારા વાલિદથી બયાન કર્યું. પછી અમે બન્ને હુઝૂર ગૌષે આઝમ رضی اللہ عنہની ખિદમતમાં પહોંચ્યા. આપ વાઅઝ ફર્માવી રહ્યા હતા. અમને જોઈને ફર્માવ્યું, તમે મારી પાસે વગર દલીલે નથી આવ્યા. પછી ફર્માવ્યું, જેના રેહનુમા જનાબ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હોય અને જેનો પીર અબ્દુલ ક઼ાદિર હોય, તો તેમાં બુઝુર્ગી કેમ ન હોય ! આપે કાગળ અને કલમ મંગાવી અને અમને બન્નેને ખિલાફતની સનદ લખી દીધી.

શૈખ અબ્દુલ હસન અલી બિન હીતી رحمۃ اللہ علیہને ફર્માવ્યું કે કોઈ શૈખના મુરીદ એટલા નેકબખ્ત નથી જેટલા નેકબખ્ત શૈખ અબ્દુલ ક઼ાદિર رضی اللہ عنہના મુરીદ છો.

શૈખ અબૂ સઅદ કૈલવી رضی اللہ عنہએ ફર્માવ્યું કે જે શખ્સ જનાબ ગૌષે આઝમ رضی اللہ عنہથી પોતાની નિસ્બત અને તઅલ્લુકને કાયમ કરી લે તે યક઼ીનન નજાત પામશે.

*(માહનામા નૂરુલ હબીબ–પાક, બસીરપુર, નવેમ્બર–૨૦૧૭)*

### :: ઈન્તેક઼ાલ પુરમલાલ ! ::

**દયાદરા** : ખાતે અનવરહુસૈન મુહમ્મદ ચોકવાલાનો આશરે ૬૦ વરસની વયે તા. ૨૦–૧૦–૨૦૧૭, ૨૯–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૯, જુમ્આના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ યાકૂબભાઈ આદમ બાપાલાલનો તા. ૨૩–૧૦–૨૦૧૭, ૨–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૯, સોમવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ અમીના બહેન ગડીમનો તા. ૩૦–૧૦–૨૦૧૭, ૯–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૯, સોમવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ એમણ મુહમ્મદ અલીભાયજીનો તા. ૦૬–૧૧–૨૦૧૭, ૧૬–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૯, સોમવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

## ભરૂચ ખાતે બે દિવસીય ઈજતેમા સંપન્ન

સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ શાખાની યાદી જણાવે છે કે કૌમો મિલ્લતની ઈસ્લાહ કાજે બે દિવસ માટે દર વરસની જેમ ચાલુ સાલે પણ ૧૫મો વાર્ષિક સુન્ની ઈજતેમા ભરૂચ સબજેલ ગ્રાઉન્ડ વાદીએ, રહમત ખાતે યોજાયો. તા. ૨૮–૧૦–૨૦૧૭ શનિવારે ઝોહર બાદથી મગરિબ સુધી બહેનો માટે ઈજતેમામાં પર્દા હેઠળથી કિ઼રાઅતથી શરૂઆત હાફિઝ સલીમ ખત્રીએ કરી, ત્યાર બાદ નઅત પછી મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે પોતાના બયાનમાં બહેનોના બોધ માટે સહાબિયા ઔરતોમાં રબના આજ્ઞાપાલન પ્રતિ કેવો જઝબો હતો તે દર્શાવ્યું હતું. હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી માલેગાંવીએ ઈર્ષાની બુરાઈ તથા સાસુ વહુના સંબંધો વગેરે પર ઈસ્લાહી બયાન કર્યું. ત્યાર બાદ હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી મુબારકપુરીએ બહેનો થકી ચિટ્ઠી દ્વારા આવેલા દીની સવાલોના જવાબો આપ્યા. અસર બાદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ખાતૂને જન્નત ફાતિમા ઝહરાનો કિરદાર અપનાવવા તાકીદ કરી. બીજા દિવસે રવિવારે ભાઈઓના ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહીએ ઝબાનની હિફાઝત પર તથા બુલબુલે બાગે મદીના ક઼ારી રિઝવાન સાહબ તથા ક઼ારી રિયાઝુદ્દીન અશરફીએ નઅતે પાક સાથે દીની તર્બિયત કરી. અસર બાદ મુફતી નિઝામુદ્દીન સાહબ થકી સવાલોના જવાબો, મગરિબ બાદ જવાનીની હિફાઝત પર સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે વલવલાઅંગેઝ બયાન કર્યું, ત્યારબાદ "નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી" ગુજરાતીના નવમા ભાગનો રસ્મે ઈજરા હઝરત મૌલાના મુહમ્મદ શાકિરનૂરીના હાથે કરવામાં આવ્યો. તેમજ ગુજરાતીમાં નુઝહતુલ ક઼ારીના પૂરા ૧ થી ૯ ભાગો અનુવાદ કરવા બદલ "સુન્ની દા'વતે ઈસ્લામી" (ભરૂચ શાખા) થકી અનુવાદક પટેલ શબ્બીર અલી રઝવીને "ચાંદીનું નાલૈન શરીફ" તોહફામાં આપી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી થકી સન્માનવામાં આવેલ. ત્યાર બાદ મૌલાના શાકિર સાહબે અલ્લાહ કયા લોકોને રસ્તો બતાવે છે એ વિષયે દિલને ઝંઝોળતુ બયાન કર્યું જેમાં જણાવ્યું કે ઈબાદતો કરવા કરતાંય ગુનાહોથી બચવું નફ્સને મારવું અધિક જરૂરી છે. હજારોના મજમામાં ઈશા બાદ ઝિક્રો દુઆ અંધારામાં કરવામાં આવી જેમાં હાજરજનોએ અશ્રુમય આંખે તૌબા કરી હતી.

## સૂરતમાં બે દિવસના સુન્ની ઈજતેમાને ભવ્ય કામયાબી

**સૂરત :** તા. ૧૪–૧૦–૨૦૧૭ શનિવારે ઈશા બાદ, મસ્જિદે આરિફિયા–અડાજણ પાટીયા ખાતે, "સુન્ની દા'વતે ઈસ્લામી" વ "હુસૈની નિયાઝ કમિટી" થકી "જશ્ને શહીદે આ'ઝમ" હઝરત સૈયદ મુહયુદ્દીન અશરફી (જામા મસ્જિદ ખ્વાજાદાના)ની સદારતમાં યોજાયો જેમાં ખતીબે ઝી શાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પોતાના આગવા અંદાઝમાં શાનદાર બયાન કર્યુ. ખૂબ જ બહોળી સંખ્યામાં સુન્ની મેદની ઉમંગભેર ઉમટી પડી હતી. બીજા દિવસે રવિવારે ઝહોર બાદ બહેનોના ઈજતેમામાં પણ હઝરતે ઈસ્લાહી બયાન કર્યું. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી દીની વાતો શીખી. અને એ જ દિવસે ઈશા બાદ માન દરવાજા, ખ્વાજા નગર–સૂરત ખાતે "ઉર્સે મખ્દૂમ અશરફ વ ઉર્સે સરકાર ખ્વાજાદાના" (رحمۃ اللہ علیہما) ટાઈટલ હેઠળ અઝીમુશશાન ઈજતેમામાં હઝરત સૈયદ સાહબે બુઝુર્ગોની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું. જેમાં હજારોની મેદની હાજર રહી ફયઝાને બુઝુર્ગાંથી માલામાલ થઈ. બંને ઈજતેમાઓ ખૂબ જ કામયાબ રહ્યા. અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.